
# તમારા વિશ્વાસને બોલો



કેમ કે હું તમને ખચીત કહું છું કે, જે કોઈ આ પર્વતને એમ કહે કે ખસેડાઈ જા, ને સમુદ્રમાં નંખા; અને પોતાના હૃદયમાં સંદેહ ન આણતાં વિશ્વાસ રાખશે કે, જે હું કહું છું તે થશે; તો તે તેને વાસ્તે થશે (માર્ક 11:23)

આશિષ રાયચૂર

**ફક્ત મફત વહેંચણી માટે**
ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરિચ, બેંગ્લોર, ઈંડિયા દ્વારા છાપણી અને વહેંચણી
અત્યારની પ્રત: 2024

**માહિતી માટે સંપર્ક કરો**
All Peoples Church & World Outreach
#319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, India

ફોન: +91-80-25452617
ઈમેલ: **bookrequest@apcwo.org**
વેબસાઈટ: **apcwo.org**

પ્રત્યેક વચન એ પવિત્ર બાઇબલ O. V Reference માથી લીધેલ છે. Copyright @ The Bible Society Of India (BSI). બાઇબલની વ્યાખ્યાઓ, હિબ્રૂ અને યુનાની શબ્દો અને તેના અર્થ પવિત્ર શાસ્ત્રમાંથી લીધેલા છે.

**આર્થિક ભાગીદારી માટે**
આ પ્રકાશનોની મફત વહેંચણી ઓલ પીપલ્સ ચર્ચ ના સદસ્યો, મિત્રો અને ઉદાર દાનવીરો દ્વારા આપવામાં આવેલા દાનો દ્વારા શક્ય બનેલું છે. જો તમે આ મફત પ્રકાશનથી આશીર્વાદ પામ્યા છો તો અમે તમને ઓલ પીપલ્સ ચર્ચ દ્વારા મફત પ્રકાશનોને છાપવામાં અને વહેંચણી કરવામાં તમારા આર્થિક સહયોગને આપવામાટે નિમંત્રણ આપીએ છીએ. મહેરબાની કરીને તમે **apcwo.org/give** ની મુલાકાત કરો અને "ઓલ પીપલ્સ ચર્ચની સાથે પાર્ટનર" ઉપર ક્લિક કરો. આ પુસ્તકના પાછળના પાન ઉપર તમે તમારો આર્થિક સહયોગ કેવી રીતે કરી શકો તે લખેલું છે. તમારો આભાર!

**મફત સામગ્રી અને તેના અનુસંધાનમાં વેબસાઇટ**
**સંદેશાઓને માટે**: apcwo.org/sermons|**પુસ્તકો**: apcwo.org/books
**ચર્ચની એપ**: apcwo.org/app | **બાઇબલ કોલેજ**: apcbiblecollege.org
**ઈ – લર્નિંગ**: apcbiblecollege.org/elearn | કાઉન્સીલિંગ: chrysalislife.org
**સંગીત**: apcmusic.org | **સેવકોની સંગતી**: pamfi.org
**એપીસી જાગતિક મિશન**: apcworldmissions.org

(Gujarati – Speak Your Faith)

# તમારા વિશ્વાસને બોલો

કેમ કે હું તમને ખચીત કહું છું કે, જે કોઈ આ પર્વતને એમ કહે કે ખસેડાઈ જા, ને સમુદ્રમાં નંખા; અને પોતાના હૃદયમાં સંદેહ ન આણતાં વિશ્વાસ રાખશે કે, જે હું કહું છું તે થશે; તો તે તેને વાસ્તે થશે (માર્ક 11:23)

અને ઈસુ તેઓને કહે છે કે, ઈશ્વર પર વિશ્વાસ રાખો. કેમ કે હું તમને ખચીત કહું છું કે, જે કોઈ આ પર્વતને એમ કહે કે 'ખસેડાઈ જા, ને સમુદ્રમાં નંખા'; અને પોતાના હૃદયમાં સંદેહ ન આણતાં વિશ્વાસ રાખશે કે, જે હું કહું છું તે થશે; તો તે તેને વાસ્તે થશે.

*(માર્ક 11:22,23)*

# નિકૈયાનું વિશ્વાસનામું

પવિત્ર શાસ્ત્ર આધારિત ખ્રિસ્તી વિશ્વાસના મહાન સિધ્ધાંતો વિષે સમગ્ર મંડળી જે વિશ્વાસ કરે છે તેની ઘોષણા એ નિકૈયાનું વિશ્વાસનામું છે. ઈસ્વીસન 325માં નિકૈયાની બેઠક દરમ્યાન બિશપોની સભા દ્વારા તેને સૌપ્રથમ સ્વીકૃતિ આપવામાં આવી ત્યારબાદ સદીઓથી તેનો ઉપયોગ વિશ્વાસની પ્રખર ઘોષણા તરીકે કરવામાં આવી રહ્યો છે. વિશ્વાસનામું શબ્દ એ લેટીન શબ્દ *'ક્રેડો'* પરથી ઉતરી આવેલ છે, જેનો અર્થ "હું માનું છું અને વિશ્વાસ રાખું છું" એવો થાય છે.

એક જ ઈશ્વર,
સર્વસત્તાધારી પિતા,
આકાશ તથા પૃથ્વી
તેમ જ સર્વ દ્રશ્ય અને અદૃશ્યનો કર્તા,
તેના પર અમે વિશ્વાસ કરીએ છીએ.

વળી એક જ પ્રભુ ઈસુ ખ્રિસ્ત,
ઈશ્વરનો એકનોએક પુત્ર,
તેના પર અમે વિશ્વાસ કરીએ છીએ.
તે સર્વ યુગો પૂર્વે પિતાથી જન્મેલો,
એટલે ઈશ્વરથી ઈશ્વર, જોતથી જોત,
ખરા ઈશ્વરથી ખરો ઈશ્વર;
સૃજાયેલો નહિ, પણ જન્મેલો;
પિતાની સાથે એક જ સત્વનો;
જેના દ્વારા સર્વ કાંઈ ઉત્પન્ન થયું.
તે આપણ માણસોને માટે તેમ જ આપણા તારણને અર્થે
સ્વર્ગથી ઊતર્યો,
અને પવિત્રાત્મા દ્વારા કુંવારી મરિયમને ઉદરે દેહ ધારણ
કરીને માનવ બન્યો.
વળી આપણે સારુ પોંતિયુસ પિલાતની હકૂમતમાં ક્રૂસે

જડાયો;
તેણે મરણ ભોગવ્યું;
તે દટાયો,
અને ત્રીજે દિવસે ધર્મશાસ્ત્ર પ્રમાણે ઉત્થાન પામ્યો;
તે સ્વર્ગમાં ચઢી ગયો,
અને પિતાને જમણે હાથે બિરાજમાન છે.
વળી જીવતાં તથા મૂએલાનો ન્યાય કરવા માટે તે મહિમા
સહિત ફરી આવનાર છે;
તેના રાજનો અંત આવશે જ નહિ.

વળી પવિત્રાત્મા,
જે પ્રભુ તથા જીવનદાતા,
તેના પર અમે વિશ્વાસ કરીએ છીએ;
તે પિતા તથા પુત્રમાંથી નીકળે છે;
પિતા તથા પુત્રની સાથે તેનું ભજન થાય છે અને મહિમા
ગવાય છે.
પયગંબરો દ્વારા તે જ બોલ્યો હતો.
વળી એક જ, પવિત્ર, સાર્વત્રિક તથા પ્રેરિતીય મંડળીને અમે
માનીએ છીએ;
પાપોની ક્ષમાને માટે એક જ બાપ્તિસ્માને અમે કબૂલ કરીએ
છીએ;
અને મૂએલાંના પુનરુત્થાનની
તથા આવનાર યુગના જીવનની અમે રાહ જોઈએ છીએ.
આમીન.

**નોંધ:** “સાર્વત્રિક" શબ્દનો બીજો અર્થ ‘‘સમસ્ત’’ અથવા ‘‘વિશ્વવ્યાપી’’ થાય છે.

# આપણી ઘોષણા

અમારી રવિવારની ભજનસેવાઓ દરમ્યાન ઈશ્વરના વચનોનો ઉપદેશ સાંભળતા પહેલા અમે એક સભા તરીકે નીચે પ્રમાણેની ઘોષણા કરીએ છીએ.

આ ઈશ્વરનું વચન છે.

અત્યારે ઈશ્વર મારી સાથે બોલી રહ્યા છે

ઈશ્વર મારા વિષે જે કહે છે તે હું છું.

હું એ કરી શકુ છું જે વિષે ઈશ્વર એમ કહે છે કે હું કરી શકું છું.

ઈશ્વરે જે વિષે વચન આપ્યું છે તે સઘળું હું બનીશ.

હું તારણ, સાજાપણું, છૂટકારો અને ઉદ્ધાર પામેલ છું.

હું આશિર્વાદિત, વિજયવંત, સમૃદ્ધ અને વિજેતા છું.

હું ઈશ્વરનો સેવક, ખ્રિસ્તનો દાસ અને ઘણા લોકો માટે તેમના આશિર્વાદોનું માધ્યમ છું.

હું તેમના વચનનો સ્વીકાર કરૂં છું, તેમના વચન પર વિશ્વાસ કરૂં છું, અને તેમના વચનના આધારે જીવું છું.

ખ્રિસ્ત મારા માલિક છે અને હું તેમને સંપૂર્ણપણે સમર્પિત છું.

ઈસુના નામમાં, આમીન.

# મારા જીવન પર ઈશ્વરના વચનની ઘોષણા

તમારા જીવનના અલગ અલગ ક્ષેત્રો પર ઈશ્વરના વચન પરના તમારા વિશ્વાસની ઘોષણા તમે કેવી રીતે કરી શકો તે દર્શાવવા માટે આ ઉદાહરણો આપેલા છે. ઈશ્વરના વચન પર મનન કરો. ઈશ્વરનું વચન તમારામાં વિશ્વાસ જગાવે તેવું થવા દો. ત્યારબાદ તમારા વિશ્વાસને બોલો.

## અધિકાર અને આધિપત્ય

ઈસુએ મને તેમના નામનો ઉપયોગ કરવાનો, તેમના વતી કાર્ય કરવાનો અને તે જે કાર્ય સિદ્ધ થયેલ જોવા માંગે છે તે કરવાનો હક આપેલો છે. તેમના નામમાં હું અશુદ્ધ આત્માઓને હાંકી કાઢું છું અને બિમારોને સાજા કરું છું. ઈસુએ મને શેતાનની સર્વ શક્તિઓ પર અધિકાર આપેલ છે અને મને કશાથી ઈજા થશે નહિ. હું, ખ્રિસ્ત ઈસુમાં પિતાના જમણે હાથે આધિપત્ય અને અધિકારના સ્થાને બેઠેલો છું. (માર્ક 16:17,18; લૂક 10:19; એફેસીઓને પત્ર 2:6)

## પ્રાર્થનાનો ઉત્તર

પ્રભુ ઈસુએ મને વચન આપ્યું છે કે તેમના નામે પિતા પાસે વિશ્વાસથી હું જે કંઈપણ માંગીશ તે હું પામીશ. પ્રાર્થના કરતાં હું જે કંઈ માંગું છું તે મને મળી ગયું છે તેવો હું વિશ્વાસ કરું છું, અને તે હું પામીશ. હું તેમનામાં રહું છું, તેમના વચન મારામાં રહે છે અને પ્રાર્થનામાં હું જે કંઈ માંગું છું તે મારા માટે કરવામાં આવે છે. (યોહાન 16:23,24; માથ્થી 21:22; માર્ક 11:24; યોહાન 15:7)

## અભિષેક અને સામર્થ્ય

પવિત્ર આત્મા મારા પર આવવાને લીધે હું સામર્થ્ય પામ્યો છું, અને હું ઈસુ ખ્રિસ્ત માટે સાક્ષી છું. ઈશ્વરનો આત્મા મારા પર છે, તે મને સાજા કરવા, છૂટકારો આપવા, બંધકોને છોડાવીને મુક્ત કરવા સામર્થ્ય આપે છે. મને તેડું અને અભિષેક આપનાર ઈશ્વર છે. મારા જીવન પરનો પવિત્ર આત્માનો અભિષેક શેતાની ઝુંસરીઓનો નાશ કરે છે અને લોકો પરના શેતાની બોજાઓને દુર કરે છે. (પ્રેરિતોના કૃત્યો 1:8; લૂક 4:18,19; કરિંથીઓને બીજો પત્ર 1:21; યશાયા 10:27)

## આશિર્વાદો

હું ઈશ્વર પાસેથી આવતા સર્વ આશીર્વાદોથી આશીર્વાદિત છું. પોતાના લોકો માટે ઈશ્વરે રાખેલા સર્વ આશીર્વાદોમાં હું સહભાગી છું અને તેનો આનંદ ઉઠાવું છું. જે સર્વ બાબતોમાં હું મારો હાથ નાખું છું તેમાં હું આશીર્વાદિત છું. ઈશ્વર મને સમૃદ્ધ થવાનું શીખવે છે અને મારા માર્ગોમાં દોરવણી આપે છે. હું ઈશ્વર પ્રત્યેની આધીનતામાં ચાલુ છું, અને તેમના આશીર્વાદો કદી ના સૂકાનાર ઝરણાની માફક મારા જીવનમાં વહ્યા જ કરે છે. દરિયાકાંઠે ફરી વળતા મોજાની માફક મને વિજય પ્રાપ્ત થાય છે. (એફેસીઓને પત્ર 1:3; કલોસ્સીઓને પત્ર 1:12; પુનર્નિયમ 28:6; યશાયા 48:17,18)

## હિંમત અને ભરોસો

હું બળવાન અને ઘણો હિંમતવાન છું. હું સિંહના જેવો નિડર છું. ઈશ્વરે મને ભયનો આત્મા નહિ, પણ પ્રેમનો, સામર્થ્યનો અને સાવધ બુદ્ધિનો આત્મા આપ્યો છે. ઈશ્વર મારો ભરોસો અને સલામતી છે. (યહોશુઆ 1:9; નીતિવચનો 28:1; તિમોથીઓને બીજો પત્ર 1:7; નીતિવચનો 14:26)

## પરાક્રમી કાર્યો

હું મારા ઈશ્વરને ઓળખું છું. હું બળવાન છું અને ઈશ્વરના રાજ્યને ખાતર મહા પરાક્રમી કામો કરું છું. ઈશ્વરનું સામર્થ્ય જે મારામાં કાર્ય કરે છે તે વડે હું માંગું કે કલ્પું તે કરતા વિશેષ બાબતો સિદ્ધ કરવા ઈશ્વર મારામાં અને મારી મારફતે કાર્ય કરે છે (દાનિયેલ 11:32; એફેસીઓને પત્ર 3:20).

## ભવિષ્ય

મારા વિશેના ઈરાદાઓ ઈશ્વર જાણે છે, તે ઈરાદાઓ મારી સમૃદ્ધિ માટેના અને આશાપૂર્ણ ભવિષ્ય આપવા માટેના છે. ઈશ્વર જે બાબતો મારી મારફતે કરાવવા માંગે છે તેની યોજના ઈશ્વરે બનાવી છે, અને હું તે પ્રમાણે ચાલી રહ્યો છું. હું ઈશ્વરના સંકલ્પો માટે તેડાયેલો હોવાને કારણે મારા જીવનમાં બનતી સઘળી બાબતો મને હિતકારક નીવડે છે. જે વાનાં આંખે જોયાં નથી, કાને સાંભળ્યાં નથી, જેની કોઈએ કલ્પના પણ કરી નથી તે વાનાં ઈશ્વરે મારા માટે તૈયાર રાખેલા છે, કેમ કે હું ઈશ્વરને પ્રેમ કરું છું. (યર્મિયા 29:11; એફેસીઓને પત્ર 2:10; રોમનોને પત્ર 8:28; કરિંથીઓને પહેલો પત્ર 2:9)

## કુટુંબ, ઘર અને બાળકો

ઈશ્વરે મારા ઘરને આશિર્વાદિત કર્યું છે. હર્ષ અને તારણના ધ્વનિથી મારું ઘર ગુંજી ઉઠે છે. મારું ઘર શાંતિપૂર્ણ, સ્વસ્થ, નિર્ભય અને તમામ ચિંતાઓથી મુક્ત એવું નિવાસ્થાન છે. ઈશ્વર તેમનો આત્મા અને તેમનો આશિર્વાદ મારા બાળકો પર વરસાવે છે. મારા બાળકો ઈશ્વરના શિષ્યો છે, અને તેઓને ઘણી શાંતિ મળી છે. (નીતિવચનો 3:33; ગીતશાસ્ત્ર 118:15; યશાયા 32:18; યશાયા 44:3; યશાયા 54:13)

## વિશ્વાસ

ઈશ્વરે મને વિશ્વાસનું માપ વહેંચી આપ્યું છે. હું વિશ્વાસથી ચાલું છું, દ્રષ્ટિથી નહિ. હું વિશ્વાસ કરું છું અને હું ઈશ્વરનો મહિમા જોઈશ. મારા હૃદયમાં વિશ્વાસ સાથે હું પહાડોને ખસી જવાનું કહું છું અને મને કશું અશક્ય થશે નહિ. (રોમનોને પત્ર 12:3; કરિંથીઓને બીજો પત્ર 5:7; યોહાન 11:40; માથ્થી 17:20)

## કૃપાદ્રષ્ટિ અને સંબંધો

ઈશ્વર મને ઢાલની જેમ તેમની મહેરબાનીથી ઘેરી લે છે. ઈશ્વર મને સન્માન તથા ઉચ્ચ પ્રતિષ્ઠા અપાવે છે. હું કૃપા તથા સત્યતામાં ચાલુ છું અને મારી આસપાસના લોકો સાથે સુમેળ સદભાવનાપૂર્ણ સંબંધો ધરાવું છું. ઈશ્વર મારા શત્રુઓને પણ મારી સાથે સલાહ શાંતિમાં રાખે છે. હું ઈશ્વરનો આદર કરું છું તેને લીધે ઈશ્વરને પ્રેમ કરનારા લોકો મને જોઇને હર્ષ પામે છે. (ગીતશાસ્ત્ર 5:12; નીતિવચનો 22:4; નીતિવચનો 3:3,4; નીતિવચનો 16:7; ગીતશાસ્ત્ર 119:74)

## માર્ગદર્શન

પવિત્ર આત્મા સર્વ સત્યમાં મને દોરી જાય છે અને માર્ગદર્શન આપે છે. જે માર્ગે મારે ચાલવું જોઈએ તેમાં ઈશ્વર મને દોરે છે અને શીખવે છે. તે પોતાની સચેત નજર મારા પર રાખીને મને માર્ગદર્શન આપે છે. મારા માર્ગો તેમને પસંદ પડે છે માટે તે મારા પગલા સ્થિર કરે છે. જો હું પડી જાઉં તો તે મને ધરી લે છે અને પાછો ઊભો કરે છે. ઈશ્વરનું વચન મને માર્ગદર્શન આપનાર અને મારા પગોને સારું અજવાળારૂપ છે. હું તેમના વચનને અનુસરું છું. (યોહાન 16:13; ગીતશાસ્ત્ર 32:8; ગીતશાસ્ત્ર 37:23,24; ગીતશાસ્ત્ર 119:105)

## સ્વાસ્થ્ય અને સાજાપણું

પ્રભુ ઈસુએ વધસ્તંભ પર મારા તમામ રોગો અને મંદવાડ લઈ લીધા. ઈસુએ વધસ્તંભ પર મારા માટે વેઠેલા ઘાઓથી હું સાજો થઈ ગયો છું. મારા પ્રભુ મને સાજો કરનાર ઈશ્વર છે. મારા ઈશ્વર મારા અન્ન જળને આશીર્વાદ આપે છે, અને તમામ રોગ મારાથી દૂર કરે છે. તે મારા સઘળા પાપ માફ કરે છે અને મારા સર્વ રોગ મટાડે છે. (માથ્થી 8:17; પિતરનો પહેલો પત્ર 2:24; નિર્ગમન 15:26; નિર્ગમન 23:25; ગીતશાસ્ત્ર 103:3)

## આનંદ

ઈશ્વરનો આત્મા મને આનંદથી ભરપૂર કરે છે. હું ન્યાયીપણા પર પ્રીતિ રાખું છું અને દુષ્ટતાને ધિક્કારું છું તેથી ઈશ્વરે મને આનંદ તથા હર્ષના તેલથી અભિષિક્ત કર્યો છે. ઈશ્વરનો આનંદ મને સામર્થ્યવાન બનાવે છે અને શક્તિથી ભરપૂર કરે છે. આશાના ઈશ્વર મને આનંદ અને શાંતિથી ભરપૂર કરે છે. હું પવિત્ર આત્મામાં ન્યાયીપણા, શાંતિ અને આનંદમાં ચાલુ છે. (ગલાતીઓને પત્ર 5:22; ગીતશાસ્ત્ર 45:7; નહેમ્યા 8:10; રોમનોને પત્ર 15:13; રોમનોને પત્ર 14:17)

## ન્યાયી ઠરાવાયેલો અને ન્યાયી

ખ્રિસ્તમાં વિશ્વાસને લીધે હું ઈશ્વરની દ્રષ્ટિમાં ન્યાયી ઠરેલો છું. પ્રભુ ઈસુના લોહીથી મારા તમામ પાપો ધોઈ કાઢવામાં આવ્યા છે તેથી હું ઈશ્વરની દ્રષ્ટિમાં “જાણે કે મેં ક્યારેય પાપ જ ના કર્યું હોય” એવો છું. ઈશ્વરનું ન્યાયીપણું મને પહેરાવવામાં આવ્યું છે તેથી કોઇપણ દોષભાવના વિના હું તેમની આગળ હિંમત અને ખાતરી સાથે ઊભો રહું છું. પવિત્ર આત્મા મને એવી ખાતરીથી ભરપૂર કરે છે કે હું ઈશ્વરનું સંતાન છું, અને હું તેમને "અબ્બા, પિતા" કહીને

હાંક મારું છું. (રોમનોને પત્ર 3:22; યોહાનનો પહેલો પત્ર 1:7; કરિંથીઓને બીજો પત્ર 5:21; રોમનોને પત્ર 8:1,15)

## પ્રેમ

ઈશ્વરના આત્માએ મારા હૃદયમાં ઈશ્વરનો પ્રેમ વહેવડાવેલો છે. ઈશ્વરના પ્રેમથી લોકોને પ્રેમ કરવા હું શક્તિમાન છું. મારામાં રહેલ ઈશ્વરનો પ્રેમ મને ધીરજવાન અને દયાળુ બનાવે છે. તે મને ઈર્ષ્યાળુ, અભિમાની, દુર્વ્યવહાર કરનાર, સ્વાર્થી અને ચીડિયો બનતા અટકાવે છે. મારી સાથે થયેલા અન્યાયનો હું હિસાબ રાખતો નથી. (રોમનોને પત્ર 5:5; કરિંથીઓને પત્ર 13:4,5)

## દીર્ઘાયુષ્ય

ઈશ્વર મને લાંબા આયુષ્યથી તૃપ્ત કરે છે. ઈશ્વર મારા જીવનને ઉત્તમ વસ્તુઓથી ભરપૂર કરે છે જેથી હું ગરૂડની પેઠે યુવાન અને મજબૂત રહું છું. (ગીતશાસ્ત્ર 91:16; નિર્ગમન 23:26; ગીતશાસ્ત્ર 103:5)

## મન અને વિચારો

મારું મન પવિત્ર ભૂમિ છે. હું મારા મનમાં શુદ્ધ, સન્માનપત્ર, સુકીર્તિમાન, સત્ય, સદગુણ એવા વિચારોને પ્રવેશવા દઉં છું. હું સ્વસ્થ મન, સ્વસ્થ સ્મરણશક્તિ, સ્વસ્થ એકાગ્રતા અને સ્વસ્થ સમજણ ધરાવું છું. હું મારા વિચારો, લાગણીઓ, અને ઈચ્છાઓને ઈશ્વરને માટે શુદ્ધ કરું છું અને દરેક વિચારને ખ્રિસ્તની આધીનતામાં લાવું છું. (ફિલીપ્પીઓને પત્ર 4:8; તિમોથીને બીજો પત્ર 1:7; કરિંથીઓને બીજો પત્ર 10:4,5)

## જગત અને દેહ પર વિજય પામવો

હું ઈશ્વરથી જન્મેલો છું અને જગત અને તેની સર્વ બાબતો પર

વિજય પામું છું. હું દેહની પાપી ઈચ્છાઓ, આંખોની લાલસા અને અહંકાર પર વિજય પામું છું. હું ઈશ્વરના દિવ્ય સ્વભાવનો ભાગીદાર છું, અને જગતમાંના નૈતિક સડાથી દૂર રહું છું. પવિત્ર આત્માના સામર્થ્ય વડે મારા દેહના પાપી કૃત્યોને હું મારી નાખું છું. હું આત્મામાં ચાલુ છું અને મારા શરીરની પાપી ઈચ્છાઓને હું આધીન થતો નથી. (યોહાનનો પહેલો પત્ર 5:4; પિતરનો બીજો પત્ર 1:3,4; રોમનોને પત્ર 8:13; ગલાતીઓને પત્ર 5:16)

## શાંતિ, નિરાંત અને વિશ્રામ

હું મારી સઘળી ચિંતા પ્રભુ આગળ નાખું છું, અને ઈશ્વરની શાંતિ જે સમજશક્તિની બહાર છે તે મારા હૃદય અને મનને ભરી દે છે. હું શાંતિમાં અને વિશ્વાસમાં ચાલવાનું પસંદ કરું છું એ મારામાં સામર્થ્યનો સંચાર કરે છે. ઈશ્વર મને જે વિસામો આપે છે તેમાં હું ચાલુ છું. (પિતરનો પહેલો પત્ર 5:7; ફિલીપ્પીઓને પત્ર 4:7; યશાયા 30:15; માથ્થી 11:28,29)

## લોહીનું સામર્થ્ય

ઈસુના લોહી વડે મને ખરીદવામાં, છોડાવવામાં, સર્વ પાપોથી શુદ્ધ કરવામાં, પવિત્ર કરવામાં, ન્યાયી ઠરાવવામાં, ઈશ્વરની સમીપ લાવવામાં આવેલ છે, અને મને ઈશ્વરની પરમ પવિત્ર હાજરીમાં પ્રવેશ કરવાની હિંમત આપવામાં આવી છે. ઈસુના લોહીને લીધે હું ઢંકાયેલો અને સુરક્ષિત છું. ઈસુના લોહીની મારફતે હું ઈશ્વરની સાથે કરારમાં બંધાયેલો છું. ઈસુના લોહીએ મને મારા પૂર્વજોના ખોટા માર્ગોથી મુક્ત કર્યો છે. હું ઈસુના લોહી વડે શત્રુ પર વિજય મેળવું છું. (પ્રેરિતોનાં કૃત્યો 20:28; એફેસીઓને પત્ર 1:7; યોહાનનો પહેલો પત્ર 1:7; હિબ્રૂઓને પત્ર 13:12; નિર્ગમન 12:13; પિતરનો પહેલો પત્ર 1:18-20; પ્રકટીકરણ 12:11)

## સમૃદ્ધિ અને સફળતા

હું નદીઓના પાણી પાસે રોપાયેલા ઝાડ જેવો છું. હું ઋતુ પ્રમાણે ફળ આપું છું. મારા પાંદડા કરમાતા નથી અને હું જે કંઈ કરું છું તેમાં સમૃદ્ધ થાઉં છું. હું મારા હાથના સઘળા કામોમાં આશીર્વાદિત છું. હું ઈશ્વરને, તેમના વચનને અને તેમના માર્ગોને અનુસરું છું, અને તે મને સમૃદ્ધ કરે છે અને સારી સફળતા પમાડે છે. જેમ જેમ હું નમ્રતાથી અને ઈશ્વરનું ભય રાખીને ચાલુ છું તેમ તેમ તે મને સમૃદ્ધિ, માન અને દીર્ઘાયુષ્યથી આશીર્વાદિત કરે છે. (ગીતશાસ્ત્ર 1:1-3; પુનર્નિયમ 28:8; યહોશુઆ 1:8; નીતિવચનો 22:4)

## સુરક્ષા અને છુટકારો

મેં ઈશ્વરને મારો બચાવ કરનાર અને પરાત્પરને મારા રક્ષક બનાવ્યા છે. કોઈ આપત્તિ મારા પર ત્રાટકશે નહિ, કોઈ હિંસા મારા ઘરની પાસે આવશે નહિ. સંકટમાં ઈશ્વર મારી સાથે છે. તે મને ઉત્તર આપે છે અને છોડાવે છે. ઈશ્વરનો દૂત મારી આસપાસ ઘેરો ઘાલે છે અને મને છોડાવે છે. મારી વિરુદ્ધ વાપરવા સારું ઘડેલું કોઈ હથિયાર મને હાનિ પહોંચાડી શકશે નહિ. ઈશ્વર મારો બચાવ કરે છે અને મને વિજય અપાવે છે. જે જીભ મારી વિરુદ્ધ ઉઠે છે, તેને ઈશ્વર મારી આગળ નીચી પાડશે. (ગીતશાસ્ત્ર 91:10,11,15; ગીતશાસ્ત્ર 34:7; યશાયા 54:17)

## પદોન્નતિ

મારી પદોન્નતિ, વિકાસ અને વૃદ્ધિ ઈશ્વર તરફથી આવે છે. ઈશ્વર જ મારી પદોન્નતિ માટેનો માર્ગ તૈયાર કરે છે. જ્યારે હું ઈશ્વરને સમર્પિત થવ છું ત્યારે તે પોતાના સમયે મને ઉચ્ચસ્થાને બેસાડે છે. એ તો ઈશ્વર જ છે કે જે મને આગેવાની, અધિકાર અને પ્રભાવશાળી પદો પર બેસાડે છે. (ગીતશાસ્ત્ર 7:6,7; યાકૂબનો

પત્ર 4:10; પુનર્નિયમ 28:13)

## જોગવાઈ અને આપૂર્તિ

મારા ઈશ્વર પોતાની સંપત પ્રમાણે મારી સઘળી જરૂરિયાતો ઇસુ ખ્રિસ્તની મારફતે પૂરી પાડે છે. મારા ઈશ્વર મારા ઘેટાંપાળક છે અને મને કશાની ખોટ પડશે નહિ. મારા ઈશ્વર મારા માટે સૂર્ય અને ઢાલ છે. તે કોઇપણ સારી વસ્તુ મારાથી પાછી રાખતા નથી. ઈશ્વર મારી જરૂરિયાત કરતા મને વધારે આપે છે કે જેથી કરીને સર્વ સમયે મારી સર્વ જરૂરિયાતો પૂરી પડે અને બીજાઓને આશીર્વાદિત કરવા માટે મારી પાસે પુષ્કળ પ્રમાણમાં હોય. એ તો ઈશ્વર જ છે કે જે મને ધન કમાવાની ક્ષમતા આપે છે. (ફિલીપ્પીઓને પત્ર 4:19; ગીતશાસ્ત્ર 23:1; ગીતશાસ્ત્ર 84:11; કરિંથીઓને બીજો પત્ર 9:8; પુનર્નિયમ 8:18)

## ચિન્હો, અદભૂત કાર્યો અને ચમત્કારો

હું તેમના નામ પર વિશ્વાસ કરું છું માટે મારા હાથે આવા ચમત્કારો થાય છે: હું નવી ભાષાઓ બોલું છું, અને જયારે માંદાઓ પર હું હાથ મૂકું છું ત્યારે તેઓ સાજા થાય છે. ઈશ્વર મારી સાથે છે, અને હું જે તેમના વચન બોલું છું તેની સત્યતા સાબિત કરવા તે ચિન્હો, અદભૂત કાર્યો અને ચમત્કારો કરે છે. ઈસુ પિતા પાસે પાછા ગયા હોવાથી ઈસુએ જે મહાન કાર્યો કર્યા તે કરતા મહાન કાર્યો હું કરીશ. જયારે હું ઈસુની સુવાર્તા પ્રગટ કરું છું, ત્યારે ઈશ્વર પોતે ચિન્હો, અદભૂત કાર્યો, ચમત્કારો અને પવિત્ર આત્માના કૃપાદાનો વડે સાક્ષી પૂરે છે. (માર્ક 16:17,18; માર્ક 16:20; યોહાન 14:12; હિબ્રુઓને પત્ર 2:3,4)

## ઊંઘ

ઈશ્વર મને સારી ઊંઘ આપે છે. હું સૂઈ જાઉં છું અને મને બીક લાગતી નથી. હું સૂઈ જાઉં છું અને મને સરસ ઊંઘ આવી જાય

છે. હું નવી ઉર્જા અને તાજગી સાથે ઉઠું છું. (ગીતશાસ્ત્ર 127:2; ગીતશાસ્ત્ર 4:8; નીતિવચનો 3:24; ગીતશાસ્ત્ર 3:5)

## મારા જીવનમાં ઈશ્વરનો આત્મા

હું પવિત્ર આત્માનું મંદિર છું. ઈશ્વરનો આત્મા મારામાં વાસ કરે છે. તે મને દોરે છે અને માર્ગદર્શન આપે છે. તે સઘળી બાબતો મને શીખવે છે. હું આત્મામાં ચાલુ છું, તેથી દૈહિક લાલસાઓને આધીન થતો નથી. તે મારી સાથે રહીને મને સામર્થ્યવાન બનાવે છે. તેમની હાજરી અને સામર્થ્ય મારામાંથી નદીની જેમ વહે છે અને મારી આસપાસના લોકોને આશીર્વાદ, સાજાપણું અને છૂટકારો આપે છે. (કરિંથીઓને પહેલો પત્ર 3:16; રોમનોને પત્ર 8:14; યોહાનનો પહેલો પત્ર 2:27; ગલાતીઓને પત્ર 5:16; યોહાન 7:38,39)

## ફતેહ અને વિજય

ઈશ્વર મને હંમેશા સઘળી બાબતોમાં ફતેહ પમાડે છે. મારા પ્રભુ ઈસુએ વધસ્તંભ પર મારા માટે જે વિજય પ્રાપ્ત કર્યો છે તેમાં હું ચાલુ છું. મારા પ્રભુને આશરે હું મહાન પરાક્રમી કામો કરું છું. (કરિંથીઓને બીજો પત્ર 2:14; કલોસ્સીઓને પત્ર 2:14; યશાયા 53:12; ગીતશાસ્ત્ર 60:12)

## જ્ઞાન, સમજણ અને પ્રેરણા

ખ્રિસ્ત મારું જ્ઞાન છે. સુબુદ્ધિ, સમજ અને વિવેકબુદ્ધિનો અને પરાક્રમનો આત્મા મારા પર છે. ઈશ્વર મને સઘળી બાબતોની સમજણ આપે છે. તેમના વચન મને પ્રકાશ અને સમજણથી ભરપૂર કરે છે. મારા આંતરિક મનુષ્યત્વમાં રહેલ ઈશ્વરની પ્રેરણા મને સમજણ આપે છે. (કરિંથીઓને પહેલો પત્ર 1:30; યશાયા 11:1,2; તિમોથીને બીજો પત્ર 2:7; ગીતશાસ્ત્ર 119:130; અયૂબ 32:8)

## સાક્ષી

હું ઈસુ ખ્રિસ્તનો નિડર સાક્ષી છું. ઈસુ ખ્રિસ્તની સુવાર્તા વિશે મને શરમ લાગતી નથી. જેમ હું તેમને માણસોની આગળ કબૂલ કરું છું, તેમ તે પણ સ્વર્ગમાં પિતાની આગળ મને કબૂલ કરે છે. (પ્રેરિતોના કૃત્યો 1:8; રોમનોને પત્ર 1:16; માથ્થી 10:32)

## મારા જીવનમાં ઈશ્વરનું વચન

હું એ જાહેર કરું છું કે ઈશ્વરનું વચન સત્ય છે. તેમનું વચન મારા જીવનમા પ્રભુત્વ ધરાવે છે. તેમના વચનની શક્તિ વડે મારું જીવન જળવાયેલું, ટકેલું અને નિયંત્રિત થયેલું છે. મારા જગતની સઘળી બાબતો ઈશ્વરના વચનને આધીન છે, અને તે આપમેળે ઈશ્વરના વચનને અનુરૂપ થઈ જાય છે. (યોહાન 17:17; ગીતશાસ્ત્ર 119:128; હિબ્રુઓને પત્ર 1:3; હિબ્રુઓને પત્ર 11:3)

# "ખ્રિસ્તમાં" મારી ઘોષણાઓ

ખ્રિસ્તમાં હું જે છું તે જ હું હકીકતમાં છું! મારી ઓળખ, સલામતી, મહત્વ અને સ્વમૂલ્ય તેમનામાં, તેમના તરફથી અને તેમના માટે છે. મારી આત્મ-છબી, આત્મ-સન્માન અને આત્મવિશ્વાસ ઈસુ ખ્રિસ્તમાં જે બનવા ઈશ્વરે મારું નિર્માણ કર્યું છે તે પર આધારિત છે. હું ખ્રિસ્તમાં જે છું તે, મારા પ્રત્યેના તેમના વિપુલ અને બિનશરતી પ્રેમને લીધે ઈશ્વરે મારા માટે જે કર્યું છે તે પર સંપૂર્ણપણે આધારિત છે.

હું એ જાહેર કરે છું કે ખ્રિસ્તમાં હું જે છું તે જ હું હકીકતમાં છું.

ખ્રિસ્તમાં, હું નવી ઉત્પત્તિ છું. સઘળું જૂનું જતું રહ્યું છે. હું અંદરથી નવો છું. (કરિંથીઓને બીજો પત્ર 5:17). મારું જૂનું જીવન સમાપ્ત થઈ ગયું છે અને મારું નવું જીવન ખ્રિસ્તમાં સલામત રીતે ધરી રખાયેલું છે. આ જે નવું જીવન હું જીવું છું તે ખ્રિસ્તની પાસેથી આવે છે (કલોસ્સીઓને પત્ર 3:3). હું જે નવી ઉત્પત્તિ છું તે ઈશ્વરની પ્રતિમામાં સર્જાયેલ છે અને તે ઈશ્વરના ચરિત્ર, ન્યાયીપણું અને પવિત્રતાથી ભરપૂર છે. ખ્રિસ્તમાં નવી ઉત્પત્તિ તરીકે હું જીવું છું (એફેસીઓને પત્ર 4:24).

ખ્રિસ્તમાં, હું ઈશ્વરનું સંતાન, ઈશ્વરનો વારસ, અને ઈસુ ખ્રિસ્ત સાથે સહ વારસ છું. હું ઈશ્વરના કુટુંબનો અને ઈશ્વરના રાજ્યનો સભ્ય છું (રોમનોને પત્ર 8:17). ખ્રિસ્તમાં, જેમ પિતા તેમના પુત્ર પ્રભુ ઈસુ ખ્રિસ્તને પ્રેમ કરે છે તેમ મને પ્રેમ કરે છે. હું આ પ્રેમમાં નિશ્ચિતતા અનુભવું છું (યોહાન 16:27; યોહાન 17:23). ખ્રિસ્તમાં ઈશ્વરના પ્રેમથી મને કોઈ અલગ કરી શકે તેમ નથી. તેમના મારા પ્રત્યેના પ્રેમને કારણે હું દરેક પરિસ્થિતિમાં વિશેષ જય પામું છું (રોમનોને પત્ર 8:37,39). ખ્રિસ્તમાં, હું પવિત્ર આત્મા

વડે મુદ્રાંકિત કરાયેલો છું. ઈશ્વરે તેમના માલિકીપણાની મારા પર છાપ મારેલી છે (એફેસીઓને પત્ર 1:13,14). ખ્રિસ્તમાં, હું ઈશ્વરના આત્મા દ્વારા તેમનું નિવાસસ્થાન એવા પવિત્ર મંદિરનો એક હિસ્સો છું. ઈશ્વર મારામાં વાસ કરે છે અને મારી મારફતે પોતાને પ્રગટ કરે છે (એફેસીઓને પત્ર 2:21,22).

ઈસુ ખ્રિસ્ત મારફતે હું ન્યાયી ઠરાવાયેલો, નિર્દોષ જાહેર કરાયેલો, અને ઈશ્વરની દ્રષ્ટિમાં યોગ્ય ઠરેલ, અને ઈશ્વરની સાથે હું સમાધાન પામેલ છું. ખ્રિસ્તમાં હું યોગ્ય સંબંધમાં ઊભો છું (રોમનોને પત્ર 5:1,2). ખ્રિસ્તમાં, મારી વિરુદ્ધ કોઈ દંડાજ્ઞા નથી. હું ઈશ્વરની સાથેના સંબંધમાં મુક્તપણે, આત્મવિશ્વાસ સાથે, કોઈ શરમ, અપરાધની ભાવના કે દંડાજ્ઞાની પરવા કર્યા વિના રહી શકું છું (રોમનોને પત્ર 8:1). ખ્રિસ્તમાં, મને ઈશ્વરના ન્યાયીપણારૂપ બનાવવામાં આવ્યો છે. આ બાબત મને હિંમત અને તેમની હાજરીમાં દ્રઢ નિશ્ચય સાથે પ્રવેશ અપાવે છે (કરિંથીઓને બીજો પત્ર 5:21). ખ્રિસ્તમાં, મને ઈશ્વરે પસંદ કર્યો છે, અને હું તેમની દ્રષ્ટિમાં પવિત્ર અને નિર્દોષ, તેમના પ્રેમથી ઢંકાયેલો છું (એફેસીઓને પત્ર 1:4). ખ્રિસ્તમાં, મને ઈશ્વરની પાસે લાવવામાં આવ્યો છે, અને હું આત્માની મારફતે પિતાની હાજરીમાં સીધો જ જઈ શકું છું (એફેસીઓને પત્ર 2:13,18).

પાપનો જૂનો સ્વભાવ ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડી દેવામાં આવ્યો છે, મારા જીવન પરના પાપના સામર્થ્યને તોડી પાડવામાં આવ્યું છે, અને હું પાપના બંધનથી મુક્ત છું. હવેથી પાપનો મારા પર કોઈ અધિકાર નથી (રોમનોને પત્ર 6:6,14). ખ્રિસ્તમાં, અંધકારના અધિકારમાંથી મને છોડાવી લેવામાં આવ્યો છે અને ઈસુ ખ્રિસ્તના રાજ્યમાં મારું સ્થાનાંતર કરવામાં આવ્યું છે. શેતાનને મારા જીવનમાં કોઈ સ્થાન નથી, તે મારા પર કોઈ દાવો કરી શકતો નથી, તેનો મારા પર કોઈ અધિકાર નથી. હું (શરીર, પ્રાણ અને આત્મા) ઈશ્વરની

સંપત્તિ છું (કલોસ્સીઓને પત્ર 1:13,14; કરિંથીઓને પહેલો પત્ર 6:20). ઈસુ ખ્રિસ્તના લોહી દ્વારા મને છોડાવવામાં આવ્યો છે. હું ઈશ્વરે ખરીદેલી સંપત્તિ છું. મારું સંપૂર્ણ વ્યક્તિત્વ ઈશ્વરનું છે (એફેસીઓને પત્ર 1:7). ખ્રિસ્તમાં, પાપના સામર્થ્યથી મને મુક્ત કરવામાં આવ્યો છે. હું ખ્રિસ્ત સાથે મૂઓ અને ખ્રિસ્ત સાથે સજીવન કરાયેલો છું. જૂના જીવનના અધિકારને તોડી પાડવામાં આવ્યો છે (કલોસ્સીઓને પત્ર 2:11,12).

હું ખ્રિસ્ત સાથે આત્મિક રીતે જોડાયેલો છું. તે દ્રાક્ષાવેલો છે અને હું તેમની સાથે જોડાયેલી ડાળી છું. તે મારામાં અને હું તેમનામાં છું. તેમનું જીવન મારી મારફતે વહે છે અને મારી મારફતે પ્રગટ થાય છે. હું મારામાં વહેતા તેમના જીવનનું ચારિત્ર્ય અને સામર્થ્ય પ્રદર્શિત કરું છું. તેમના મહિમા માટે હું ઘણા ફળ ઉત્પન્ન્ન કરું છું (કરિંથીઓને પહેલો પત્ર 6:17; યોહાન 15:1-7). હું તેમનામાં સંપૂર્ણ છું અને ઈશ્વરની સર્વ સંપૂર્ણતાથી ભરપૂર છું. તે મને તેમના વડે તરબોળ કરે છે(કલોસ્સીઓને પત્ર 2:9,10). હું ઈસુમાં રહું છું અને જેમ તે ચાલ્યા તેમ હું ચાલુ છું. હું તેમના પ્રેમ, તેમની કૃપા અને તેમના સામર્થ્યમાં ચાલુ છું (યોહાનનો પહેલો પત્ર 2:6). હું કબુલ કરું છું કે ઈસુ ઈશ્વરના પુત્ર છે, અને હું ઈશ્વરમાં અને ઈશ્વર મારામાં વાસ કરે છે. હું તેમની સાથેની ઐક્યતા વડે મારું જીવન વિતાવું છું (યોહાનનો પહેલો પત્ર 4:15).

પ્રભુ ઈસુ પોતે મારું જ્ઞાન છે. તેમનામાં, ઈશ્વરની સાથે મારું સમાધાન થયું છે. હું પવિત્ર બનેલ અને ઈશ્વરના માટે અલાયદો કરાયેલ અને મુક્ત કરાયેલ છું (કરિંથીઓને પહેલો પત્ર 1:30). ખ્રિસ્તમાં, હું તેમની કૃતિ છું, અને અગાઉથી તેમની યોજના પ્રમાણેના સારાં કાર્યો કરવા માટે મને ઉત્પન્ન કરવામાં આવ્યો છે (એફેસીઓને પત્ર 2:10).

મેં ઈશ્વરની ભરપૂર કૃપા અને ન્યાયીપણાની ભેટ મેળવી છે,

અને હું જીવનમાં રાજ કરું છું. ઈસુ ખ્રિસ્ત મારફતે હું જીવન પર રાજ કરું છું (રોમનોને પત્ર 5:17). ઈશ્વર મને દરેક પરિસ્થિતિ અને સંજોગોમાં હંમેશા ફતેહ પમાડે છે. વર્તમાનમાં પરિસ્થિતિ ગમે તેવી કેમ ના લાગતી હોય, ઈસુમાં, હું વિજયી બનીને ઉભરી આવું છું (કરિંથીઓને પત્ર 2:14). હું, ઈશ્વરથી જન્મેલો, જગત પર, અંધકારના કામો પર અને જગતમાં રહેલી દુષ્ટતા પર વિજય પ્રાપ્ત કરું છું. ખ્રિસ્તમાં, હું જયવંત છું (યોહાનનો પહેલો પત્ર 5:4). ખ્રિસ્તમાં, ઈશ્વરે મને સજીવન કરીને સ્વર્ગીય સ્થાનોમાં તેમના જમણા હાથે બેસાડયો છે. અંધકારની તમામ શક્તિઓ, શેતાન અને તમામ દુષ્ટાત્માઓ પર હું અધિકારના સ્થાને બિરાજેલો છું (એફેસીઓને પત્ર 2:4-6).

ખ્રિસ્તમાં, સ્વર્ગમાંના તમામ આશિર્વાદોથી હું આશિર્વાદિત થયેલ છું. ઈશ્વરના તમામ આશિર્વાદો મારા છે. વિશ્વાસથી હું એ તમામ આશિર્વાદોને સ્વીકારું છું અને તેમાં ચાલુ છું (એફેસીઓને પત્ર 1:3 ). ખ્રિસ્તમાં, ઈબ્રાહિમના આશિર્વાદોનો હું વારસ છું. મને ન્યાયી ઠરાવવામાં આવ્યો છે. હું ઈશ્વરનો મિત્ર છું. હું તમામ બાબતોમાં આશિર્વાદિત છું. દેશોને માટે આશિર્વાદરૂપ થવા હું આશિર્વાદિત થયો છું. મેં મારા શત્રુઓ પર વિજય મેળવ્યો છે (ગલાતીઓને પત્ર 3:29). તેમનામાં ઈશ્વરના તમામ વચનો હા અને આમીન છે. મારા જીવન માટેના તેમના વચનોની પૂર્ણતાનો હું સ્વીકાર કરું છું (કરિંથીઓને બીજો પત્ર 1:20).

ખ્રિસ્તમાં હું જે છું તે જ હું હકીકતમાં છું!

# અનુક્રમણિકા


1. બંને ક્ષેત્રોમાં શબ્દો મહત્વપૂર્ણ છે 1

2. શબ્દો વડે અધિકાર ચલાવવામાં આવે છે 3

3. તેમના વચન પ્રમાણે તમારી જાતને સંબોધો 5

4. તમારા શબ્દો આશિર્વાદોને વહેતા કરે છે 7

5. ઈશ્વરનું વચન તમારા વિષે અગાઉથી લખાયેલ અહેવાલ છે, તેને બોલો! 9

6. વચન તમારી પાસે છે—તેમનું વચન બોલો 11

7. તેમના વચનો તમારા મુખમાં રાખો 13

8. તેમના વચનો ટકી રહે છે—એ જ પ્રમાણે આપણી ઘોષણાઓ પણ ટકી રહે છે 15

9. ઈશ્વર સાથેના તમારા કરારની ઘોષણા કરો 17

10. ઈશ્વરની આગળ સ્વીકાર્ય એવા શબ્દો બોલો 19

11. દરેક પરિસ્થિતિમાં ઈશ્વર તમારા માટે કોણ છે તેની ઘોષણા કરો 21

12. પ્રાકૃતિક જગત ઈશ્વરની વાણીને પ્રતિભાવ આપે છે 23

13. પ્રાકૃતિક જગતને તેમના વચન વડે રચવામાં અને ઘડવામાં આવ્યું છે 25

14. તમારી જીભ તમને સારા દિવસો અને લાંબુ આયુષ્ય અપાવી શકે છે 27

15. તેમના વચનની ઘોષણા એટલે તેમના કરારનો દાવો કરવો 29
16. હું ઈશ્વરનાં વિશે કહીશ 31
17. દૂતો તેમના વચનની વાણીને કાન દે છે 34
18. ઈશ્વરના ઉદ્ધાર પામેલા આમ કહે છે 36
19. હર્ષ અને તારણના ધ્વનિને જાળવી રાખો 38
20. તમારા હૃદયમાંથી તમારા જીવનનું ઘડતર કરનાર પરિબળો નીકળે છે 40
21. ન્યાયી શબ્દો જીવન અને સામર્થ્ય વહાવે છે 42
22. શબ્દો સાજા કરે છે અને સંપૂર્ણ બનાવે છે 44
23. ખુશનુમા શબ્દોની શક્તિ વહેતી કરો 46
24. તમારા શબ્દોના ફળથી તમારું જીવન ભરપૂર થાય છે 48
25. તમારા શબ્દોમાં જીવન અને મરણની સત્તા છે 50
26. તમારા મુખમાંનું તેમનું વચન દેશોને પ્રભાવિત કરી શકે છે 52
27. સૂકાં હાડકાંને કહો કે તે જીવતાં થાય 54
28. તમારા શબ્દો સ્વર્ગમાં સંભળાય છે 56
29. શબ્દો આત્મિક જગતમાંથી ભૌતિક જગતમાં સંચાર કરે છે 58
30. દુર્બળ કહે કે “હું બળવાન છું” 60

31. તમારા શબ્દોથી ઈશ્વરને ઠેસ ના પહોંચાડો 63
32. "લખેલું છે" કહેતાં શીખી—ઈસુએ એવું કર્યું 65
33. શબ્દ વડે આત્માઓને હાંકી કાઢો 67
34. જ્યારે તમે તેમને પૃથ્વી પર કબૂલ કરો છો તો, સ્વર્ગમાં તમારો પણ ઉલ્લેખ કરવામાં આવે છે 69
35. શબ્દો તમારા હૃદયમાં રહેલી બાબતોને તમારા જીવનમાં પ્રવાહિત કરે છે 71
36. તમારા શબ્દોથી તમે ન્યાયી કે અપરાધી ઠરો છો 73
37. શબ્દો બાંધવા અને છોડવા માટેના રાજ્યના અધિકારને વહેતો કરે છે 75
38. પહાડને કહો 77
39. તમારા ઈચ્છિત પરિણામને બોલો 79
40. તમે જે કહો છો તેવું થશે તેવો વિશ્વાસ કરો 81
41. પ્રાર્થનામાં વિશ્વાસના શબ્દો બોલો 83
42. તેમના વચન સાથે સંમત થાઓ 85
43. બિમારીઓને ચાલ્યા જવાની આજ્ઞા કરો 87
44. તોફાનને કહો 89
45. લોકો બંધનોમાંથી છુટકારો પામ્યા છે તે જાહેર કરો 91
46. અભિષિક્ત શબ્દોમાં આત્માનું જીવન સમાયેલું છે 93
47. વિશ્વાસથી આજ્ઞા કરો 95
48. શબ્દો તમને તમારો વારસો મેળવી આપે છે 97

49. જે મને કહેવામાં આવ્યું છે તેવું જ થશે તેવો હું
વિશ્વાસ કરું છું 99
50. અસ્તિત્વમાં ના હોય તેવી વસ્તુઓ જાણે કે
હોય તે રીતે તેમને સંબોધો 101
51. તેમના વચનો પ્રમાણે બોલો 103
52. જીવનમાં રાજ કરો—અધિકારના શબ્દો બોલો 105
53. વિશ્વાસ આવી રીતે જ બોલે 107
54. તારણને અર્થે કબૂલાત કરવામાં આવે છે 109
55. તેમના તમામ વચનોને "હા અને આમીન" કહો 111
56. આપણે વિશ્વાસ કરીએ છીએ માટે આપણે
બોલીએ છીએ 113
57. કૃપા પમાડનાર શબ્દો બોલો 115
58. આત્માની તરવારનો ઉપયોગ કરો 116
59. પ્રબોધના શબ્દો વડે આત્મિક લડાઈ લડો 118
60. ખ્રિસ્તમાં તમારામાં રહેલી તમામ સારી
બાબતોને ધ્યાનમાં લો 120
61. તેમના વચન તમારા જગતનું સમર્થન અને
નિયમન કરી શકે છે 122
62. ઈસુ આપણી કબૂલાતના મુખ્ય યાજક છે 124
63. તમારી કબૂલાતને પકડી રાખો 125
64. તેમના શબ્દો વડે જગત રચાયું 127

65. ઈશ્વરે કહ્યું છે માટે આપણે પણ હિંમતથી કહીએ 129

66. તમારી જીભનું સંચાલન કરો, તમારા સમગ્ર વ્યક્તિત્વનું સંચાલન કરો 131

67. તમારા શબ્દો તમારા જીવનને દોરે છે, તેનો દોરી સંચાર કરે છે અને આશીર્વાદિત કરે છે 134

68. સાતત્યતાથી વિશ્વાસને બોલો 136

69. શેતાનનો સામનો કરો 138

70. આશીર્વાદના શબ્દો વહેતા કરો 140

71. શબ્દો વિજય માટેના વિશ્વાસને વહેતો કરે છે 142

72. આપણે ઈશ્વરના છીએ, માટે ઈશ્વર તરફથી બોલતા હોઈએ તેમ આપણે બોલીએ 144

73. આપણે હલવાનના લોહીથી અને આપણી સાક્ષીના વચનથી વિજય પામીએ છીએ 146

# પરિચય

ઈસુમાં મારી પોતાની વ્યક્તિગત આત્મિક યાત્રા તરફ પાછો વળીને જયારે હું જોઉં છું તો મને એ માલૂમ પડે છે કે જે એક શિસ્ત કે આદત મજબૂત બની રહેવા માટે મને મદદગાર સાબિત થઈ છે એ તો મારા વિશ્વાસની કબૂલાત છે. મારી કિશોર અવસ્થાના શરૂઆતના એ વર્ષોને હું યાદ કરું છું, જેમાં હું નિત્ય ઈશ્વર સાથે સમય ગાળવાના ભાગરૂપે, ૩૦ મિનીટ કે તેથી વધુ સમય કેવળ મારા જીવન, વર્તમાન અને ભવિષ્ય પર ઈશ્વરના વચનની ઘોષણા કરવામાં વિતાવતો હતો. મારા જીવનના વિવિધ ક્ષેત્રો પર ઈશ્વરના વચનની ઘોષણા હું પહેલી બાબતથી શરૂ કરીને અંતિમ બાબત સુધી કરતો, અને ખ્રિસ્તમાં હું કોણ છું તેની ઘોષણા કરતો. આ બાબતે મારા વિશ્વાસને નિત્ય પોષણ પૂરું પાડયું. પછી તો આ બાબત દરેક પરિસ્થિતિમાં મારા માટે એક સ્વાભાવિક પ્રતિભાવ બની ગઈ જેમાં હું આ રીતે જ વિચારતો, ઈશ્વર જે કહે તે કહેતો, અને મારા વિશ્વાસને બોલતો. આવું કરવાને લીધે દરેક પરિસ્થિતિ મધ્યે ઉન્નત થવા અને વિજય પ્રાપ્ત કરવા મને મદદ મળી છે. અંત સુધી હું આવી જ રીતે જીવવા માંગું છું એટલે કે તેમના સામર્થ્યવાન, અચળ વચન પરના મારા વિશ્વાસને બોલતા રહીને. જે બાબતે મને પુષ્કળ પ્રમાણમાં સમૃદ્ધ બનાવ્યો છે તે તમારા સુધી પહોંચાડવાના હેતુથી આ પુસ્તકની રચના કરવામાં આવી છે: એ તો છે ઈશ્વર અને તેમના વચન પરના તમારા વિશ્વાસને હંમેશા બોલતા રહેવાની એક સરળ આદત. **આ બાબતને તમારો જીવનમાર્ગ બનાવી દો.**

ઈશ્વરે સમગ્ર સૃષ્ટિની રચના કરી. તેમણે રચેલી દુનિયાને નિયંત્રિત કરવા માટે તેમણે નિયમો સ્થાપ્યા છે. આપણે

કુદરતી અને ભૌતિક ક્ષેત્રમાં નિયમોને સમજીએ છીએ. આપણે મોટાભાગના આ નિયમોને ભૌતિક શાસ્ત્ર, રસાયણ શાસ્ત્ર, અને અન્ય ક્ષેત્રોમાં પરિમાણિત કરી દીધા છે, અને આપણા લાભ માટે તેનો ઉપયોગ કરીએ છીએ. અને આ નિયમનું ઉલ્લંઘન વિનાશકારી પરિણામો લાવી શકે તેવું આપણે જાણતા હોઈને તેનું ઉલ્લંઘન નહિ કરવાની સાવચેતી રાખીએ છીએ. એ જ રીતે, આત્મિક અને ભૌતિક ક્ષેત્રો સાથે આપણા વ્યવહારને નિયંત્રિત કરવા માટેના આત્મિક નિયમો પણ છે. આત્મિકમાંથી ભૌતિક પ્રગટ થયું હોવાને લીધે, આ આત્મિક નિયમો આપણા ભૌતિક ક્ષેત્રને પણ પ્રભાવિત કરે છે. આમાંના કેટલાક આત્મિક નિયમો ઈશ્વરના વચનમાં આપણને પ્રગટ કરવામાં આવેલા છે, જેથી આપણે તેને સમજીએ અને તે પ્રમાણે જીવીએ.

આપણને, શાસ્ત્રમાં પ્રગટ કરવામાં આવેલા ઘણા આત્મિક નિયમો કે આત્મિક સત્યોમાંથી, આપણે ઈશ્વરના વચનના સામર્થ્ય વિશે, આપણા બોલેલા શબ્દોના સામર્થ્ય વિશે, આપણા દ્વારા વિશ્વાસથી બોલાયેલા ઈશ્વરના વચનના સામર્થ્ય વિશે, અને પવિત્ર આત્માની પ્રેરણાથી બોલાયેલા શબ્દો (ભવિષ્યવાણીના વચનો) ના સામર્થ્ય વિશે શીખીએ છીએ. ઈશ્વરના વચનમાં સામર્થ્ય રહેલું છે. બાઈબલ એ લેખિત સ્વરૂપમાં આપણને આપવામાં આવેલું ઈશ્વરનું વચન છે જેથી કરીને આપણે તે સામર્થ્ય પ્રાપ્ત કરી શકીએ. આપણા વ્યક્તિગત જીવનોને પ્રભાવિત કરવાનું સામર્થ્ય આપણા મુખના શબ્દોમાં રહેલું છે. ઈશ્વર અને તેમના વચનમાં વિશ્વાસ સાથે બોલાયેલા શબ્દોમાં સામર્થ્ય રહેલું છે. આપણો વિશ્વાસ ઈશ્વરમાં અને તેમના વચનમાં છે. આપણા હૃદયમાંના ઈશ્વરના વચનોમાંથી જન્મેલ વિશ્વાસથી બોલાયેલા શબ્દો વડે પહાડો હટી જાય છે, તોફાનો શાંત પડે છે, અને આપણા ક્ષેત્રમાં અલૌકિક બાબતો બનવા લાગે છે. પવિત્ર આત્માની પ્રેરણાથી બોલાયેલા વચનોમાં પણ સામર્થ્ય રહેલું છે. પવિત્ર આત્મા આપણા ક્ષેત્રમાં તેમના ઈરાદાઓ જાહેર કરવા

માટે આપણને પ્રેરિત અને સૂચિત કરે છે. જયારે આપણે તેમને આધીન થઈએ છીએ ત્યારે ભૌતિક ક્ષેત્રમાં સામર્થ્યથી ભરપૂર બાબતો બને છે. આ સર્વ બાબતોને આપણા મુખેથી બોલાયેલા શબ્દો સાથે સંબંધ છે.

સમગ્ર પવિત્ર શાસ્ત્રમાં આપણને એ જોવા મળે છે કે, ઈશ્વર તેમના લોકોને તેમનું વચન બોલવાની સૂચના આપે છે. તેમનું વચન, આપણા હૃદયથી વિશ્વાસ વડે જયારે બોલાય છે ત્યારે તે આપણા ભૌતિક ક્ષેત્રમાં તેમના સર્જનાત્મક, ચમત્કારિક સામર્થ્યને વહેતું કરે છે. આપણા મુખેથી બોલાયેલું તેમનું વચન શત્રુની સામે આપણું હથિયાર બની જાય છે.

આપણા વર્તમાન અને આપણા ભવિષ્ય પર ઈશ્વરનું વચન બોલવાથી આપણે આપણા જગતને આકાર આપી શકીએ છીએ. આપણે હંમેશા અને સઘળી પરિસ્થિતિઓમાં વિશ્વાસથી ભરપૂર વચનો બોલવાનું શીખવું જ જોઈએ. વિશ્વાસથી બોલવાનો અર્થ એ નથી કે આપણે પહાડ કે પ્રવર્તી રહેલ તોફાનની ભયંકરતાનો નકાર કરીએ. તેના બદલે, માર્ગમાં સતત અવરોધ બની રહેવાના પહાડના અધિકારનો નકાર કરતા, વિશ્વાસ તેની વિરુદ્ધ બોલે છે. પવન અને તોફાનને વિનાશ વેરવાના તેમના અધિકારથી વંચિત રાખતા, તેને બદલે, ઈશ્વર જે શાંતિ અને નીરવતા વહેતી કરે છે તેને માટે માર્ગ આપવા, વિશ્વાસ પવન અને તોફાનને જણાવે છે. બિમારીને ચાલ્યા જવાની અને ઈશ્વર તરફથી આવતા સાજાપણા અને સંપૂર્ણતાને માટે માર્ગ કરવાની આજ્ઞા કરતા, વિશ્વાસ બિમારી સાથે વાત કરે છે.

ઘણા બધા લોકો લઘુતાગ્રંથિ, આત્મવિશ્વાસની ઉણપ, આશંકા, ડર, ચિંતા, હતાશા અને અન્ય ઘણી બધી ભાવનાત્મક સમસ્યાઓ અને બંધનો સાથે સંઘર્ષ કરે છે. ઇરાદાપૂર્વક અને દરેક પરિસ્થિતિમાં આપણા જીવનો પર ઈશ્વરના વચનને બોલતા રહેવાની આદત એ સંપૂર્ણ મુક્તિ અને ભાવનાત્મક

સંપૂર્ણતા માટેની ચાવી છે. તેનો મહાવરો કરો. તે મફત છે! કેવળ થોડા વિશ્વાસ અને શિસ્તની જરૂર છે. તમે સંપૂર્ણપણે બદલાઈ જશો!

આપણે ઘણા બધા એવા ચાવીરૂપ શાસ્ત્ર ભાગો પર નજર નાખવાની કોશિશ કરી છે જે આપણને શબ્દોનું મહત્વ, ઈશ્વરના વચન બોલવાના સામર્થ્ય, વિશ્વાસપૂર્ણ શબ્દો બોલવાના સામર્થ્ય, અને પવિત્ર આત્માથી પ્રેરિત શબ્દો બોલવાના સામર્થ્ય વિશે સમજણ પૂરી પાડે. (આના જેવા બીજા કેટલાક શાસ્ત્ર ભાગો હશે જેને આ યાદીમાં ઉમેરવાનું તમને મન થતું હોય તો મહેરબાની કરીને તેને ઉમેરો). આ બધું સરળતાથી સમજી શકાય તેવા ટૂંકા અધ્યાયોમાં સમાવી લેવામાં આવેલું છે. તમારા વ્યક્તિગત મનનના સમયે, પારિવારિક પ્રાર્થનાના સમયે કે નાના જૂથ માટે દૈનિક મનન પુસ્તકની જેમ આ પુસ્તકનો તમે ઉપયોગ કરી શકો છો. તમારા વર્તમાન અને ભવિષ્ય પર વિશ્વાસથી ઈશ્વરનું વચન બોલવાના સામર્થ્ય વિશે તમારી જાતને યાદ દેવડાવવા માટે આ પુસ્તકનું વારંવાર વાંચન કરો. જેમ જેમ તમે તમારા વિશ્વાસને બોલતા જાઓ તેમ તેમ ઈશ્વરના વચનનું સામર્થ્ય તમારા જગતનું ઘડતર કરતું જાય તેવું થવા દો.

પ્રભુ તમને આશિર્વાદિત કરો!
આશિષ રાયચૂર

# 1
# બંને ક્ષેત્રોમાં શબ્દો મહત્વપૂર્ણ છે

**ઉત્પત્તિ 1:1-5**
**1 આદિએ ઈશ્વરે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં.**
**2 અને પૃથ્વી અસ્તવ્યસ્ત તથા ખાલી હતી; અને જળનિધિ પર અંધારું *હતું;* અને ઈશ્વરનો આત્મા પાણી પર હાલતો થયો.**
**3 અને ઈશ્વરે કહ્યું, “અજવાળું થાઓ”, ને અજવાળું થયું.**
**4 અને ઈશ્વરે તે અજવાળું જોયું કે *તે સારું છે;* અને ઈશ્વરે અજવાળું તથા અંધારું જુદાં પાડ્યાં.**
**5 અને ઈશ્વરે અજવાળાને દહાડો કહ્યો, ને અંધારાને રાત કહી. અને સાંજ થઈ તથા સવાર થઈ, પહેલો દિવસ.**

ઈશ્વર એક કુશળ રચનાકાર, શિલ્પકાર અને સઘળી બાબતોના સર્જક છે. આપણે હજુ પણ, સૃષ્ટિના વિશાળ વિસ્તારમાં રહેલ ઘણી બધી બાબતોની શોધખોળ કરવાની અને તેને સમજવાની મથામણ કરી રહ્યા છીએ. ઈશ્વર અનંત છે અને તેમની સૃષ્ટિ ઘણી બધી રીતે તેમની અનંતતાને જાહેર કરે છે. ઈશ્વર પોતાની સર્જનાત્મક પ્રક્રિયાને ઘણી અલગ રીતે કરી શક્યા હોત. તે કેવળ વિચારો કરીને તે વિચારોને ભૌતિક ક્ષેત્રમાં આકાર લેવા દઈ શક્યા હોત. કદાચ તે દૂતોની ફોજને, તેમની યોજના પ્રમાણે પ્રાકૃતિક ક્ષેત્રને આકાર અને રૂપ આપવા અને તેના વિસ્તરણ કરવાના કામે લગાડી શક્યા હોત. તેમ છતાં, ઈશ્વરે સર્જન કાર્ય માટે પોતાના શબ્દોનો ઉપયોગ કર્યો. બાઈબલ આપણને એ વાત પ્રગટ કરે છે કે ઈશ્વરે પોતાના શબ્દો વડે સર્જન કાર્ય કર્યું. *"દેવે કહ્યું... અને તેવું થયું ..."*

ઈશ્વરના મનમાં જે હતું તેને અસ્તિત્વમાં લાવવા માટે તેમના વચનોએ તેમની રચના અને સર્જનાત્મક શક્તિને વહન કર્યા. શાસ્ત્ર આ સત્યને આપણી સાથે પુનરાવર્તન કરતું હોય

એવું આપણે જોઈએ છીએ. ઈશ્વર તેમના શબ્દોની મારફતે કાર્ય કરે છે. તે બોલે છે, અને તે જે બોલે છે તે થઇ જાય છે. માટે પ્રાકૃતિક ક્ષેત્રમાં જે કંઈ છે તે સર્વ તેમના વચનને આધીન છે અને તેમના વચનોને પ્રતિભાવ આપશે.

ઈશ્વર આત્મા છે અને તેમણે પ્રાકૃતિક ક્ષેત્રને અસ્તિત્વમાં લાવવા માટે શબ્દોનો ઉપયોગ કર્યો. તેથી શબ્દો આ બે ક્ષેત્રોને જોડે છે. આત્મિક ક્ષેત્રમાંથી આવતા શબ્દોને પ્રાકૃતિક ક્ષેત્ર પ્રતિભાવ આપે છે.

બાઈબલ આપણને એ શીખવે છે કે, મનુષ્ય તરીકે આપણને ઈશ્વરની પ્રતિમા પ્રમાણે રચવામાં આવ્યા. આપણે પ્રાણ (મન,ઈચ્છા, લાગણીઓ) ધરાવીએ છીએ અને શરીરરૂપી ઘરમાં વાસ કરીએ છીએ (થેસ્સાલોનિકીઓને પત્ર 5:23). આપણા શબ્દો બે ક્ષેત્રોને, એટલે આત્મિક અને પ્રાકૃતિક ક્ષેત્રને જોડે છે. આપણા શબ્દો આપણને ઈશ્વર સાથે જોડે છે (કે કોઈ બીજી શક્તિ સાથે જોડે છે, જેમ કે તંત્રમંત્ર કરનારાઓ દુષ્ટ શક્તિઓ સાથે જોડાવા માટે તેઓના શબ્દોનો ઉપયોગ કરે છે). આપણા શબ્દો આપણા પ્રાકૃતિક જગતને પણ અસર કરે છે. અને જયારે ઈશ્વર તેમના શબ્દો આપણી મારફતે બોલે છે ત્યારે, આપણા દ્વારા તેમનું સામર્થ્ય વહેતું થાય છે અને આપણા જગતને પ્રભાવિત કરે છે!

# 2
# શબ્દો વડે અધિકાર ચલાવવામાં આવે છે

ઉત્પત્તિ 1:26-28

**26 અને ઈશ્વરે કહ્યું કે, “આપણે આપણા સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ, અને સમુદ્રના માછલાં પર, અને આકાશના પક્ષીઓ પર, તથા ગ્રામ્ય પશુઓ પર, તથા આખી પૃથ્વી પર, તથા પૃથ્વી પર પેટે ચાલનારા સઘળા પ્રાણીઓ પર તેઓ અમલ ચલાવે.”**
**27 એમ ઈશ્વરે પોતાના સ્વરૂપ પ્રમાણે માણસને ઉત્પન્ન કર્યું, ઈશ્વરના સ્વરૂપ પ્રમાણે તેમણે તેને ઉત્પન્ન કર્યું; તેમણે તેઓને નરનારી ઉત્પન્ન કર્યાં.**
**28 અને ઈશ્વરે તેઓને આશિર્વાદ દીધો; અને ઈશ્વરે તેઓને કહ્યું કે; “સફળ થાઓ, ને વધો, ને પૃથ્વીને ભરપૂર કરો, ને તેને વશ કરો; અને સમુદ્રના માછલાં પર, તથા આકાશના પક્ષીઓ પર, તથા પૃથ્વી પર ચાલનારા સઘળા પ્રાણીઓ પર અમલ ચલાવો.”**

ઉત્પત્તિ 2:19,20

**19 અને યહોવા ઈશ્વરે ખેતરના દરેક જાનવરને, તથા આકાશના દરેક પક્ષીને ભૂમિમાંથી ઉત્પન્ન કર્યાં; અને તે માણસ તેઓનું શું નામ પાડશે, એ જોવાને *તેઓને તેની* પાસે લાવ્યા; અને તે માણસે હરેક જાનવરને જે નામ આપ્યું તે તેનું નામ *પડયું*.**
**20 અને તે માણસે સર્વ ગ્રામ્યપશુના, તથા આકાશના પક્ષીઓના, તથા સર્વ વનપશુઓના નામ પાડયા; પણ આદમને યોગ્ય એવી સહાયકારી મળી નહિ.**

ઈશ્વરે સ્ત્રી અને પુરૂષને બનાવ્યા અને તેઓને આદેશ આપ્યો, જે વિશે આપણે ઉત્પત્તિના પહેલા બે અધ્યાયોમાં વાંચીએ છીએ અને જેને આપણે ઉત્પત્તિ આદેશ તરીકે સંબોધીએ છીએ. લોકો માટેના ઉત્પત્તિ આદેશના એક ભાગરૂપે તેઓએ પૃથ્વી પરના જીવજંતુઓ પર અમલ ચલાવવાનો હતો. અમલ ચલાવવો એટલે કે રાજ કરવું. રસપ્રદ બાબત એ છે કે ઈશ્વર દરેક પ્રાણીને આદમ પાસે લાવ્યા કે જેથી તે તેઓનું નામ પાડે. આ ક્રિયાનું એક પરિણામ એ આવ્યું કે, દરેક પ્રાણી એ સમજી

ગયું કે અધિકારી કોણ છે. ઈશ્વરે આદમને પૃથ્વી પર અધિકારી ઠરાવ્યો હતો એ માટે પૃથ્વી પરના દરેક જીવિત પ્રાણીએ, કોઈ સવાલ કર્યા વિના, આદમના અધિકારને માનવાનો હતો. આદમને ઈશ્વરે પોતે અધિકાર આપ્યો. જયારે આદમ દરેક પ્રાણીને આગળ બોલાવીને તેનું નામ પાડતો હતો, તે વખતે આદમ ઈશ્વર તરફથી મળેલ અધિકાર અને શાસનને પૃથ્વી પર શબ્દો વડે પ્રગટ અને તેનો અમલ કરી રહ્યો હતો. આ પ્રક્રિયામાં ઈશ્વર તેને ટેકો આપી રહ્યા હતા.

શ્વરે ઉત્પત્તિ આદેશને પાછો ખેંચી લીધો નથી. આપણને ઈશ્વર તરફથી અધિકાર ચલાવવા રચવામાં આવ્યા છે, અને તેનો આદેશ આપવામાં આવ્યો છે. અધિકાર શબ્દો મારફતે પ્રગટ કરવામાં આવે છે અને તેને અમલમાં મૂકવામાં આવે છે. આ ક્ષેત્રમાં રહેલી વસ્તુઓ પર ઈશ્વર પાસેથી મળેલા અધિકારને તમારા શબ્દો દ્વારા પ્રગટ થવા દો.

# 3
# તેમના વચન પ્રમાણે તમારી જાતને સંબોધો

**ઉત્પત્તિ 17:4,5,15,16**

**[4] "જો, તારી સાથે મારો કરાર છે, ને તું ઘણી દેશજાતિઓનો પૂર્વજ થશે.**

**[5] અને હવે પછી તારું નામ ઈબ્રામ નહિ કહેવાશે, પણ ઈબ્રાહિમ એવું તારું નામ થશે; કેમ કે મેં તને ઘણી દેશજાતિઓનો પૂર્વજ કર્યો છે.**

**[15] પછી ઈશ્વરે ઈબ્રાહિમને કહ્યું કે, તારી સ્ત્રીનું નામ સારાય ન કહે, પણ સારા તેનું નામ *થશે.***

**[16] અને હું તેને આશિર્વાદ દઈશ, ને હું તને તેને પેટે દીકરો આપીશ; હું ખચીત તેને આશિર્વાદ દઈશ, ને તે *દેશજાતિઓની માતા થશે;* અને તેનાથી દેશજાતિઓના રાજાઓ થશે."**

નવા કરારમાં ઈબ્રાહિમને નવા વિશ્વાસના પિતા તરીકે સંબોધવામાં આવ્યો છે. એ વાતની નોંધ રસપ્રદ છે કે, ઈશ્વરે અબ્રામ અને સારાય સાથેના તેમના વ્યવહાર દરમ્યાન, એ સૂચના આપવાનું જરૂરી ગણ્યું કે તેઓ પોતાના નામ બદલી નાખે જેથી તેઓ ઈશ્વરે તેમના જીવનો માટે જે વચનો આપ્યા હતા તે પ્રમાણે પોતાની જાતોને સંબોધવાનું શરૂ કરી દે.

અબ્રામ નામનો અર્થ "સન્માનીય પિતા" અને ઈબ્રાહિમ નામનો અર્થ "સમુદાયનો પિતા" એવો થતો હતો.

સારાય નામનો અર્થ "રાજકુંવરી કે પ્રભુત્વશાળી" અને સારા નામનો અર્થ "રાણી કે રાજકુમારોની માતા" એવો થતો હતો.

જયારે જયારે ઈબ્રાહિમ પોતાને એ નામે સંબોધતો ત્યારે ત્યારે તે પોતાના જીવન પરના ઈશ્વરના વચનોની ઘોષણા કરતો. તે કહેતો "જેમ ઈશ્વરે મારા સંબંધી કહ્યું છે તે પ્રમાણે હું અનેક

દેશજાતિઓનો પિતા છું". જયારે જયારે સારા પોતાના એ નવા નામથી પોતાને સંબોધતી ત્યારે ત્યારે પોતાના જીવન પરના ઈશ્વરના વચનની તે ઘોષણા કરતી. તે કહેતી, "જેમ ઈશ્વરે મારા સંબંધી કહ્યું છે તે પ્રમાણે હું દેશજાતિઓની, રાજાઓની, અને શાસકોની માતા છું". હજી સુધી તેઓને સંતાન નહોતું તેમ છતાં ઈશ્વર જે બોલ્યા હતા તે સત્ય હતું એ રીતે તેની ઘોષણા તેઓ કરતા હતા. ઈશ્વરના વાયદા પ્રમાણે જયારે તેઓએ પોતાની જાતને સંબોધવાનું ચાલુ કર્યું હશે ત્યારે શરૂઆતમાં તેઓને તે હાસ્યાસ્પદ લાગ્યું હશે. પણ વાયદો પૂરો થયો અને ઈશ્વરના કહેવા મુજબ તેઓ એવા જ બની ગયા.

ઈશ્વરના વચન પ્રમાણે પોતાની જાતને સંબોધવામાં એ લોકો કશું ખોટું કરી રહ્યા હતા? બિલકુલ નહિ! ઈશ્વરે જ તેઓને એમ કરવાની સૂચના આપી હતી. પાઉલે રોમનોને લખેલ પત્રના ચોથા અધ્યાયમાં આ વિશે વધુ ખુલાસો કર્યો છે, જે વિશે આપણે પછીથી જોઈશું. ઈબ્રાહિમના વિશ્વાસના પગલાનું અનુસરણ કરવાનું આપણને કહેવામાં આવ્યું છે.

આપણી પાસે ઈશ્વરનું લેખિત વચન છે જેમાં, ઈશ્વરે પોતાના લોકો અને જેઓ ખ્રિસ્તમાં છે તેઓના માટે ઉચ્ચારેલા વચનોની નોંધ જોવા મળે છે. ઈશ્વરના બધા લોકો માટે આ વચનો ઉપલબ્ધ છે. પોતાના લોકો માટે રાખી મૂકેલાં વચનોના ભાગીદાર થવા માટે ઈશ્વરે યોગ્ય બનાવ્યા છે (કલોસ્સીઓને પત્ર 1:12). તમારા જીવનમાં ઈશ્વરના તે વચનોના સત્યની ઘોષણા કરો. ઈશ્વરના વચન પ્રમાણે તમારી જાતને સંબોધો. ઈશ્વર જે કહે છે તે જ તમે છો. ઈશ્વર જે કહે છે કે તમે તે કરી શકો છો. તેમણે જે વચન આપ્યું છે તે બધું જ તમે બની શકશો.

# 4
# તમારા શબ્દો આશીર્વાદોને વહેતા કરે છે

**ગણના 6:22-27**
**22 અને યહોવાએ મૂસાને કહ્યું કે,**
**23 હારુનને અને તેના દીકરાઓને એમ કહે કે, તમે આ પ્રમાણે ઇસ્રાએલપુત્રોને આશિર્વાદ આપો: તમે એમ કહો કે,**
**24 "યહોવા તને આશિર્વાદ આપો, અને તારું રક્ષણ કરો;**
**25 યહોવા પોતાના મુખનો પ્રકાશ તમારા પર પાડો, ને તારા પર કૃપા કરો;**
**26 યહોવા પોતાનું મુખ તારા પર ઉઠાવો, ને તને શાંતિ આપો."**
**27 એમ તેઓ ઇસ્રાએલપુત્રોને મારું નામ આપે; અને હું તેઓને આશિર્વાદ આપીશ.**

શબ્દો આશિર્વાદો પ્રસારિત કરવાનું વાહન છે. ઈશ્વરે તેની સ્થાપના કરી છે. આપણે અહીં આપેલા કિસ્સામાં એ જોઈએ છીએ કે ઈશ્વર સ્પષ્ટ સૂચનાઓ આપે છે કે કેવી રીતે પ્રમુખયાજકે, ઈશ્વર લોકોને આશિર્વાદ આપે તે માટે, ઈશ્વરનું નામ તેઓના ઉપર મૂકવાનું હતું. પ્રમુખયાજકે "તેઓને કહેવાનું હતું," ઈશ્વરના નામે તેઓના ઉપર આશિર્વાદની ઘોષણા કરવાની હતી, તેમના ઉપર આશિર્વાદ બોલવાનો હતો.

જૂના કરારના લોકો આવી જ રીતે આશિર્વાદ આપતા હતા. ઇસહાકે આવી જ રીતે યાકૂબ પર આશિર્વાદના શબ્દો બોલીને તેને આશિર્વાદ આપ્યો હતો (ઉત્પત્તિ 27:27-29). યાકૂબે શબ્દો બોલીને તેના દીકરાઓને આશિર્વાદ આપ્યો (ઉત્પત્તિ 48,49).

નવા કરારના યાજકો તરીકે આપણને પણ ઈશ્વરના નામમાં આશિર્વાદના શબ્દો આપણા પોતાના જીવન પર, આપણા કુટુંબીજનોના જીવનો પર અને બીજાઓના જીવનો પર બોલીને આશિર્વાદો વહેતા કરવાની તક મળેલી છે. કેવા પ્રકારના શબ્દો

તમે તમારા પર, તમારા વર્તમાન પર, અને તમારા ભવિષ્ય પર બોલો છો? કેવા પ્રકારના શબ્દો તમે તમારા કુટુંબ અને તેઓના ભવિષ્ય વિષે બોલો છો? તમારા આશિર્વાદના શબ્દો તેઓના પર ઈશ્વરના આશિર્વાદને વહેવડાવી શકે છે.

# 5
# ઈશ્વરનું વચન તમારા વિષે અગાઉથી લખાયેલ અહેવાલ છે, તેને બોલો!

**ગણના 13:30-33**
**30 અને કાલેબે મૂસાની આગળ લોકોને શાંત પાડયા, ને કહ્યું, ચાલો, આપણે**
**એકદમ ઉપર જઈને તેને કબજે કરીએ; કેમ કે આપણે તેને હરાવવાને પૂરા**
**સમર્થ છીએ.**
**31 પણ જે માણસો તેની સાથે ગયા હતા તેઓએ કહ્યું કે, એ લોકોની સામે**
**આપણે ચઢાઈ કરી શકતા નથી; કેમ કે તેઓ આપણા કરતાં બળવાન છે.**
**32 અને જે દેશની જાસૂસી તેઓએ કરી હતી, તે વિષે ઇસ્રાએલપુત્રોની પાસે**
**તેઓ માઠો સંદેશો લાવ્યા, ને એમ કહ્યું કે, જે દેશમાં તેની જાસૂસી કરવા**
**સારુ અમે ફરી આવ્યા છીએ તે પોતાની વસતિને ખાઈ જનાર દેશ છે; અને**
**જે સર્વ લોકને અમે તેમાં જોયા, તેઓ કદાવર માણસો છે.**
**33 અને ત્યાં રાક્ષસોથી જન્મેલા રાક્ષસોને, એટલે અનાકના પુત્રોને, અમે**
**જોયા, અને અમે પોતાની દ્રષ્ટિમાં તીડોના જેવા હતા, ને તેઓની દ્રષ્ટિમાં**
**પણ અમે એવા જ હતા.**

**ગણના 14:11**
**અને યહોવાએ મૂસાને કહ્યું, "આ લોક મને ક્યાં સુધી તુચ્છકારશે? અને તેઓ મધ્યે જે સર્વ ચિહ્નો મેં કર્યાં છે તે છતાં, તેઓ ક્યાં સુધી મારા પર વિશ્વાસ રાખશે નહિ?"**

બાર જાસૂસોની ઘટનાથી આપણે પરિચિત છીએ, જેમાં યહોશુઆ અને કાલેબ એ બંને જણ પણ હતા. યહોશુઆ અને કાલેબે એ જ રાક્ષસોને જોયા, પણ ઈશ્વર જે છે અને જે ઈશ્વરે તેઓને વચન આપ્યું હતું તેના આધારે તેઓએ અંતિમ મૂલ્યાંકન કાઢ્યું. કાલેબે કહ્યું, *"આપણે તેને હરાવવાને પૂરા સમર્થ છીએ".* 45 વર્ષો પછી, એ જ કાલેબે કહ્યું, *"મને આ પર્વત આપ.... જેમ યહોવાએ કહ્યું હતું તેમ હું તેઓને હાંકી કાઢીશ"* (યહોશુઆ 14:12). તે ઈશ્વરના વચનને વળગી રહ્યો અને

પોતે જે બોલ્યો હતો તેને 45 વર્ષો પછી પણ બદલ્યું નહિ!

ઈશ્વરનું વચન અગાઉથી લખાયેલ પરિણામ, અહેવાલ અને નીચોડ છે. ઈશ્વરના વચન પ્રમાણે બોલો. હા, જો કે આપણે રાક્ષસોનો સામનો કરવાનો હશે, અને તે રાક્ષસો આપણને ડરામણા લાગતા હશે. યુદ્ધો લડવા પડશે. ઈશ્વરની ઈચ્છા પ્રમાણેની બાબતો કબજે કરવાનો માર્ગ રાક્ષસો અને યુદ્ધો વિનાનો નહિ હોય. પણ રાક્ષસોની ઉપસ્થિતિમાં અને યુદ્ધોની મધ્યે ઈશ્વર કોણ છે અને ઈશ્વરે તમને જે વચન આપ્યું છે તેની ઘોષણા કરો. એ ઘોષણા કરો કે તમે જય પ્રાપ્ત કરો છો કારણ કે જે ઈશ્વરથી જન્મ્યો છે તે જય પ્રાપ્ત કરે છે (યોહાનનો પહેલો પત્ર 5:4). એ ઘોષણા કરો કે ઈશ્વર તમને સદા વિજયકૂચમાં દોરી જાય છે (કરિંથીઓને બીજો પત્ર 2:14). ઘોષણા કરો કે ઈશ્વરે તમને ચીકણા કાદવમાંથી ખેંચી કાઢ્યા છે, તમારા પગલા ખડક પર ગોઠવ્યા છે, અને તમારા મુખમાં નવું ગીત મૂક્યું છે (ગીતશાસ્ત્ર 40:1-4). ઘોષણા કરો કે તમારી સહાયતા આકાશ અને પૃથ્વીને બનાવનાર ઈશ્વર તરફથી આવે છે. તમારી રક્ષા કરનાર કદી ઊંઘતા નથી કે નિંદ્રાવશ થતા નથી (ગીતશાસ્ત્ર 121). તમારા ઈશ્વર કોણ છે તેના વિષે અને તેમણે તમને જે વચન આપ્યું છે તેના વિષે ઘોષણા કરો. આ અગાઉથી તમારા માટે લખાયેલ અંતિમ પરિણામ છે.

# 6
# વચન તમારી પાસે છે–તેમનું વચન બોલો

**પુનર્નિયમ 30:11-14**

**[11] કેમ કે આ જે આજ્ઞા હું આજે તને ફરમાવું છું, તે તારી શક્તિ ઉપરાંતની નથી, ને તારાથી ઘણી વેગળી પણ નથી.**

**[12] તે આકાશમાં નથી કે જેથી તું કહે કે, કોણ અમારે માટે આકાશમાં જઈને તે અમારી પાસે લાવીને અમને તે સંભળાવે કે, અમે તે પાળીએ?**

**[13] વળી તે સમુદ્રને પેલે પાર નથી કે જેથી તું કહે કે, કોણ અમારે સારુ સમુદ્રને પાર જઈને તે અમારી પાસે લાવીને અમને તે સંભળાવે કે, અમે તે પાળીએ?**

**[14] પણ તે વચન તો તારી પાસે જ, એટલે તારા મુખમાં તથા તારા હૃદયમાં છે કે, જેથી તું તે પાળે.**

ઈશ્વરની ઈચ્છા હતી કે તેમના લોકો તેમનું વચન તેઓના મુખમાં અને તેઓના હૃદયમાં રાખે. ઈશ્વર એટલા માટે એવી ઈચ્છા રાખતા હતા કે તેઓ તેમના વચન તેઓના મુખમાં અને હૃદયમાં રાખે કે જેથી તેઓ તે વચનનું પાલન કરે અને તે વડે જીવે. ઈશ્વરનું વચન આપણા મુખમાં અને હૃદયમાં વસી જવું જોઈએ. તેમનું વચન આપણા હૃદયોને ભરી દેવું જોઈએ. તેમના વચનથી જ આપણા હૃદયોમાં વિશ્વાસ પેદા થાય છે. આપણા હૃદયમાં તે વચન પર આપણે વિશ્વાસ કરીએ છીએ. તેમનું વચન આપણા મુખમાં પણ હોવું જોઈએ. આપણે તે કહીએ છીએ. આપણે તે બોલીએ છીએ. આપણે તેમના મુખના વચનને આપણા મુખના વચન બનવા દઈએ છીએ. તેમનું વચન રહસ્યમય કે આપણી પહોંચની બહાર નથી. તેમનું વચન આપણી અંદર છે એટલે કે આપણા હૃદયોમાં અને આપણા મુખમાં. જેમ જેમ આપણે આ રીતે જીવીએ છીએ, તેમ તેમ

તેમનું વચન આપણી જીવનશૈલી બની જાય છે. આપણે તેમના વચન પ્રમાણે જીવીએ છીએ.

ઈશ્વરનું વચન આપણામાં વાસો કરે અને તે દેહધારણ કરીને બહાર પ્રગટે તે માટેની આ ઈશ્વરની રીત છે. તેમણે આપણને આ પદ્ધતિ આપી છે. તેમણે પોતાનું વચન આપણા માટે ઉપલબ્ધ કરાવ્યુ છે એવું એમણે આપણને કહ્યું છે. જેમ આપણે તેમનું વચન આપણા મુખમાં મુકીએ છીએ (બોલચાલનો હિસ્સો) અને આપણા હૃદયમાં મુકીએ છીએ(આપણા વિચાર અને વિશ્વાસનો હિસ્સો), તેમ ઈશ્વરનું વચન આપણા દૈનિક જીવનનો એક હિસ્સો બની જાય છે.

# 7
# તેમના વચનો તમારા મુખમાં રાખો

**યહોશુઆ 1:8**
**એ નિયમશાસ્ત્ર તારા મોંમાંથી જાય નહિ; પણ દિવસે અને રાત્રે તેનું મનન કર કે, તેમાં જે બધું લખેલું છે તે તું કાળજીથી પાળે; કારણ કે ત્યારે જ તારો માર્ગ આબાદ થશે, અને ત્યારે જ તું ફતેહ પામશે.**

યહોશુઆને શિરે ઈશ્વરના લોકોને વચનના દેશમાં દોરી જવાની બહુ મોટી જવાબદારી હતી. તેણે મૂસાના પગલે ચાલીને ઈશ્વરના લોકોને આગળ વધારવાના હતા. ઈશ્વરે તેને આપેલી કેટલીક સૂચનાઓમાંની એક સૂચના, પુસ્તકના વચનોએ તેની બોલચાલ અને વિચાર પ્રક્રિયા (મનનચિંતન) નો હિસ્સો બનાવવાની હતી. સારાંશમાં કહીએ તો, ઈશ્વરે યહોશુઆને સૂચના આપતા કહ્યું કે, *“નિયમશાસ્ત્રના વચનો હંમેશા તારા મુખમાં બની રહે. વચન બોલ. વચન પર મનન કરતો રહે. આ રીતે તેમાં જે કંઈ લખેલું છે તેનું તું કાળજીપૂર્વક પાલન કરીશ. એનાથી તને સમૃદ્ધિ અને સારી સફળતા મળશે.”*

સમય બદલાયો છે, પણ ઈશ્વરનું વચન અને તેમાં રહેલું સામર્થ્ય ઓછું થયું નથી. યહોશુઆના જમાનામાં ઈશ્વરના વચને યહોશુઆ માટે તેના જીવનકાર્યની બાબતમાં જે કર્યું તે જ કાર્ય ઈશ્વરનું વચન આપણા સમયમાં, આપણા દિવસમાં, આપણા પ્રત્યેકને મળેલ જીવનકાર્ય માટે કરી શકે છે. જો આપણે ઈશ્વરના પુસ્તકના વચનો વડે હંમેશા રાત દિવસ માટે આપણા મુખો અને વિચારો (મનનચિંતન) ને ભરેલા રાખીશું તો આપણે તે વચનો પ્રમાણે ચાલીશું. એ રીતે કરવાથી આપણા માર્ગો સમૃદ્ધ બનશે, અને આપણને સોંપવામાં આવેલ કાર્યોમાં આપણને સારી સફળતા મળશે.

યહોશુઆ 1:8નો સિદ્ધાંત તમારા જીવનમાં લાગુ કરો. પુસ્તકના વચનોને તમારા મુખના વચન બનવા દો. ઈશ્વર જે કહે છે તે કહો. તેમના વચન પ્રમાણે મનન ચિંતન અને વિચાર કરો. તેમના વચન પ્રમાણે જીવો. તમને સમૃદ્ધિ અને તમારા જીવનકાર્યમાં સારી સફળતા મળશે.

# 8
# તેમના વચનો ટકી રહે છે–એ જ પ્રમાણે આપણી ઘોષણાઓ પણ ટકી રહે છે

**યહોશુઆ 14:10-12**
**[10] અને હવે જો, યહોવાએ પોતાના કહેવા મુજબ મને આ પિસ્તાળીસ વર્ષ**
**જીવતો રાખ્યો છે, એટલે ઇસ્રાએલ અરણ્યમાં ચાલતા હતા તે વેળાએ**
**યહોવાએ એ વચન મૂસાને આપ્યું હતું ત્યારથી; અને હવે જો, આજે હું**
**પંચ્યાસી વર્ષનો થયો છું.**
**[11] મૂસાએ મને મોકલ્યો હતો તે દિવસે જેવો હું મજબુત હતો તેવો જ હજી**
**આજે પણ હું છું; યુદ્ધ કરવા માટે તથા બહાર જવાઆવવા માટે ત્યારે મારામાં**
**જેટલું બળ હતું તેટલું જ બળ હાલ પણ મારામાં છે.**
**[12] તો હવે આ પર્વત કે જે વિષે યહોવાએ તે દિવસે કહ્યું હતું, તે મને આપ;**
**કેમ કે તે દિવસે તેં પોતે સાંભળ્યું કે ત્યાં અનાકી, ને તેમનાં મોટાં તથા**
**કોટવાળાં નગરો છે; કદાચ યહોવા મારી સાથે હશે, ને યહોવાએ કહ્યું તેમ**
**તેઓને હું હાંકી કાઢીશ.**

45 વર્ષો પછી, કાલેબ, 85 વર્ષની ઉંમરે પણ, ઈશ્વરે જે તેનું થશે તે વિશે તેને જે વચન આપ્યું હતું તેનો કબજો મેળવવા જવા, જુસ્સા અને ઉમંગથી ઉત્સાહિત હતો. ત્યાં હજુ પણ કેટલાક રાક્ષસોની સામે લડીને વિજય મેળવવાનો હતો, પણ તે તૈયાર હતો. 45 વર્ષો પહેલા ઈશ્વર પરના તેના ભરોસાની જે રીતે તેણે ઘોષણા કરી હતી, તે જ રીતની ઘોષણા તેણે વર્ષો બાદ પણ કરી.

તમે તમારા જીવનમાં ઈશ્વરનું વચન સત્ય છે તે ઘોષણા કેટલા વર્ષો સુધી કરવાનાં છો? હકીકત એ છે કે ઈશ્વર માણસ નથી કે તે જુઠું બોલે. તેમનું વચન સત્ય છે. તેમનું વચન ટકી રહે છે. તેમનું વચન કદી બદલાઈ જતું નથી. પોતાના વચનમાં ઈશ્વરે તમારે માટે જે ઘોષણા કરી છે અને જે વચન આપ્યું છે તે

સાચું છે. તે સ્વર્ગમાં હંમેશ માટે સ્થિર અને કાયમ છે. આપણા ઈશ્વર મહાન "હું છું" છે. તે કદી બદલાતા નથી. માટે, આપણે પણ ઈશ્વર વિષે અને તેમણે જે વચન આપ્યું છે તે વિષે જે કહીએ છીએ તે બદલાતું નથી. આપણા ઈશ્વર કોણ છે તે આપણે કહેવાનું ચાલુ જ રાખીએ છીએ. તે હજુ પણ આપણા તારનાર, સાજા કરનાર, મુક્તિ આપનાર, છોડાવનાર, પૂરું પાડનાર, માર્ગ બનાવનાર, ચમત્કાર કરનાર ઈશ્વર છે. તે હજુ પણ આપણા સ્વર્ગીય પિતા છે. આપણે ઘોષણા કરીએ છીએ કે ઈશ્વરે આપણા જીવનના તમામ ક્ષેત્રો માટે જે વચન આપ્યું છે તે સારુ અને સાચું છે. તે સમયાંતરે અને જીવનની હરેક પરિસ્થિતિમાં સારું જ રહેનાર છે. તેથી તેમણે આપેલ વચનને આપણે વળગી રહીએ છીએ.

જેમ કાલેબ સાથે થયું તેમ, ઈશ્વરે તમને જે વચન આપ્યું છે તેમાં તમે પગ મૂકો (કબજે કરો) તે પહેલા થોડો સમય લાગે પણ ખરો. પણ યાદ રાખજો, તેમના વચનો ટકી રહે છે. સમય પ્રમાણે તે બદલાતા નથી. તેમના વચનોની ઘોષણા કરવાનું ચાલુ જ રાખજો.

# 9
# ઈશ્વર સાથેના તમારા કરારની ઘોષણા કરો

**1 શમુએલ 17:26,36,45**
**26 અને દાઉદે પાસે ઊભેલા માણસોને પૂછ્યું કે, જે માણસ આ પલિસ્તીને મારી નાખે, ને ઈસ્રાએલનું મહેણું દૂર કરે, તેને શું મળશે? કેમ કે આ બેસુન્નત પલિસ્તી કોણ કે તે જીવતા ઈશ્વરના સૈન્યનો તિરસ્કાર કરે?**
**36 તારા સેવકે સિંહ તથા રીંછ બંનેને મારી નાખ્યા; અને આ બેસુન્નત પલિસ્તીના હાલ પણ એ બેમાંના એકના જેવા થશે, કેમ કે તેણે જીવતા ઈશ્વરના સૈન્યનો તિરસ્કાર કર્યો છે.**
**45 ત્યારે દાઉદે તે પલીસ્તીને કહ્યું, "તું તરવાર, ભાલો ને બરછી લઈને મારી સામે આવે છે; પણ હું સૈન્યોનો યહોવા, ઈસ્રાએલના સૈન્યોનો ઈશ્વર, જેનો તેં તિરસ્કાર કર્યો છે, તેને નામે તારી સામે આવું છું."**

જયારે દાઉદ ગોલ્યાથનો સામનો કરવાની તૈયારી કરી રહ્યો હતો ત્યારે, એક મહત્વપૂર્ણ સત્ય તે જાણતો હતો. દાઉદ સુન્નતી એટલે કે ઈશ્વર સાથેના કરાર વાળો માણસ હતો. તેણે ગોલ્યાથને *"આ બેસુન્નતી પલિસ્તી"* એટલે કે ઈશ્વર સાથેના કરાર વગરના માણસ તરીકે સંબોધ્યો. દાઉદને ઈશ્વર સાથે કરાર હતો, તેને કારણે તે જાણતો હતો કે ઈશ્વર તેના પક્ષે હતા. સૈન્યોના ઈશ્વર, આકાશ અને પૃથ્વીની સેનાઓના પ્રભુ, દાઉદની સાથે હતા. તેનાથી સર્વ બાબતોમાં ફરક પડી ગયો.

જયારે દાઉદ ગોલ્યાથની સામે લડવા દોડયો ત્યારે તેણે ઈશ્વર સાથેના તેના કરારના આધાર પર તે કર્યું. દાઉદે હિંમતથી, ઈશ્વર કોણ છે, તેમણે શું કર્યું છે, અને તેની મારફતે ઈશ્વર શું કરશે, તેની ઘોષણા કરી. દાઉદ ઈશ્વર સાથેના કરારવાળો વ્યક્તિ હોવાને કારણે તે હિંમતપૂર્વક એવું બોલી શક્યો.

તમે કેવા પ્રકારના રાક્ષસોનો સામનો કરી રહ્યા છો? ઈશ્વર માટે કોઈ રાક્ષસ મોટો નથી. શાઉલના સૈન્યના કુશળ યોદ્ધાઓ રાક્ષસની સરખામણી પોતાની સાથે કરી રહ્યા હતા. તેના લીધે તેઓ ભયભીત થઈ ગયા. તેઓ તેની સામે લડવાનું સાહસ કરી શક્યા નહિ. પણ દાઉદે રાક્ષસની સામે જોયું અને તેને ભાન થયું કે સૈન્યોના ઈશ્વરની તુલનામાં આ તો કંઈ નથી. તમે ગમે તેવા રાક્ષસનો સામનો કરી રહ્યા હોય- જેમ કે બિમારી, આર્થિક સમસ્યાઓ, દેવું, કૌટુંબિક સમસ્યાઓ, કાર્યસ્થળની સમસ્યાઓ, કાયદાકીય સંઘર્ષ, કે ગમે તે હોય, પણ એક વાત યાદ રાખજો, તમારા રાક્ષસો ઈશ્વરની સામે કશું જ નથી. તમે ઈશ્વરની સાથેના કરારવાળા વ્યક્તિ છો. ઈશ્વર તમારે પક્ષે છે. તમે તમારા રાક્ષસો પર વિજય મેળવશો તેવી ઘોષણા કરો. ઘોષણા કરો કે તમારા રાક્ષસો હારી ગયા છે અને તમારો વિજય થયો છે. ઈસુ ખ્રિસ્તના નામમાં વિજયની ઘોષણા કરો. ઈશ્વર તમારે પક્ષે રહીને તમારા માટે લડી રહ્યા છે.

# 10
# ઈશ્વરની આગળ સ્વીકાર્ય એવા શબ્દો બોલો

**ગીતશાસ્ત્ર 19:14**
**હે યહોવા, મારા ખડક તથા મને ઉદ્ધારનાર, મારા મુખના શબ્દો તથા મારા હૃદયના વિચારો તમારી આગળ માન્ય થાઓ.**

ગીતશાસ્ત્ર 19માં ઈશ્વરની મહાનતા અને તેમના વચનની શુદ્ધતાની ઘોષણા કર્યા પછી, દાઉદ એવી પ્રાર્થના કરે છે કે, તેના મુખના શબ્દો ઈશ્વરની નજરમાં માન્ય થાય. હિબ્રુ ભાષામાં "માન્ય" શબ્દનો અર્થ "પ્રસન્નતા આપનાર, ખુશ કરનાર, કૃપાદ્રષ્ટિ પમાડનાર" થાય છે.

બોલવાના શબ્દોની પસંદગી આપણે કરી શકીએ છીએ. ઈશ્વરની દ્રષ્ટિમાં માન્ય, પ્રસન્નતા આપનાર, અને આનંદપૂર્ણ શબ્દો બોલવાની પસંદગી આપણે કરી શકીએ છીએ. આપણા શબ્દો જે શુદ્ધ, સંપૂર્ણ, અને યોગ્ય એવા ઈશ્વરના વચનોની સમાન બને છે, ત્યારે નિશ્ચિંતપણે આપણા શબ્દો ઈશ્વરની દ્રષ્ટિમાં માન્ય, પ્રસન્નતા આપનાર, અને આનંદપૂર્ણ બની જશે. જયારે આપણે ઈશ્વરની મહિમાનું વર્ણન કરનાર શબ્દો બોલીએ છીએ ત્યારે આપણા શબ્દો ઈશ્વરની દ્રષ્ટિમાં પ્રસન્ન કરનાર બને છે. આપણા ઈશ્વર શું કરી શકે છે તે વિષે જયારે આપણે બોલીએ છીએ ત્યારે આપણા શબ્દો ઈશ્વરની દ્રષ્ટિમાં આનંદપૂર્ણ બની જાય છે. જયારે આપણે ઈશ્વરના અદભૂત ગુણો, તેમનો પ્રેમ, તેમની દયા, તેમની કરુણા, વગેરે વિષે બોલીએ છીએ ત્યારે આપણા શબ્દો ઈશ્વરની દ્રષ્ટિમાં માન્ય થાય છે.

હિબ્રૂઓને પત્ર 11:6 આપણને શીખવે છે કે, વિશ્વાસથી જ

ઈશ્વર પ્રસન્ન થાય છે. વિશ્વાસના શબ્દો બોલો. ઈશ્વર કોણ છે અને પોતાના લોકો માટે તે શું કરે છે તે વિષે તમારો વિશ્વાસ પ્રગટ કરતા શબ્દો બોલો. ઈશ્વરમાં, તેમના વચનમાં, અને તમારા જીવનમાં કાર્યરત તેમના સામર્થ્ય પરના તમારા વિશ્વાસની ઘોષણા કરતા શબ્દો બોલો. વિશ્વાસ ઈશ્વરને પ્રસન્ન કરે છે. વિશ્વાસના શબ્દો ઈશ્વરને માન્ય, પ્રસન્ન કરનાર અને આનંદપૂર્ણ છે.

દરેક પરિસ્થિતિમાં, ઈશ્વરની દ્રષ્ટિમાં માન્ય, પ્રસન્નતા આપનાર, અને આનંદપૂર્ણ શબ્દો બોલો. વિશ્વાસથી ભરેલા હ્રદયથી વિશ્વાસના શબ્દો બોલો.

# 11
# દરેક પરિસ્થિતિમાં ઈશ્વર તમારા માટે કોણ છે તેની ઘોષણા કરો

**ગીતશાસ્ત્ર 27:1-3**

**1 યહોવા મારું અજવાળું તથા તારણ છે; હું કોનાથી બીઉં? યહોવા મારા જીવનનું સામર્થ્ય છે; મને કોનું ભય લાગે?**

**2 જયારે કૂકર્મીઓ, એટલે મારા વેરીઓ તથા શત્રુઓ મને ઠાર કરવાને ચઢી આવ્યા, ત્યારે તેઓ ઠેસ ખાઈને પડી ગયા.**

**3 જો કે સૈન્ય મારી વિરુદ્ધ છાવણી નાખે, તોપણ હું મનમાં ડરીશ નહિ; જો કે મારી વિરુદ્ધ યુદ્ધ ઊઠે, તોપણ હું [ઈશ્વર પર] ભરોસો રાખીશ.**

મુશ્કેલ પરિસ્થિતિઓ દરમ્યાન દાઉદ શું કહે છે તેની નોંધ લો. દાઉદ શત્રુઓ અને વેરીઓની ઉપસ્થિતિને ઓળખી લે છે. તેમ છતાં, તે ઈશ્વર તેના માટે જે છે તેની ઘોષણા કરે છે - ઈશ્વર મારું અજવાળું, મારું તારણ, મારા જીવનનું સામર્થ્ય છે! અને ઈશ્વર તેને માટે જે છે તેને લીધે દાઉદ હિંમતપૂર્ણ વિધાન કરી શક્યો, *"હું કોનાથી બીઉં?" "હું કોનાથી ડરું?", "મારું હૃદય ભયભીત થશે નહિ", "હું ભરોસો રાખીશ".* ઈશ્વર તેની સાથે હોવાને લીધે તે પોતાના શત્રુઓના પરાજયની ઘોષણા અને જાહેરાત કરે છે.

દાઉદના નમૂનાને અનુસરવો યોગ્ય ગણાશે? જરૂરથી. દરેક પરિસ્થિતિમાં ઈશ્વર આપણા માટે જે છે તે બાબતમાં આપણે સ્થિર ઊભા રહેવાનું છે. આપણે પણ એ ઘોષણા કરી શકીએ કે *"યહોવા મારું અજવાળું અને તારણ છે, હું કોનાથી બીઉં?" "યહોવા મારા જીવનનું સામર્થ્ય છે હું કોનાથી ડરું?"* પ્રતિકૂળતામાં આપણે એ ઘોષણા કરી શકીએ કે, ઈશ્વર આપણા છોડાવનાર છે. બિમારીઓની મધ્યે આપણે એ ઘોષણા કરી

શકીએ કે ઈશ્વર આપણને સાજા કરનાર ઈશ્વર છે. જરૂરીયાતોની મધ્યે આપણે એ ઘોષણા કરી શકીએ કે તે પૂરું પાડનાર ઈશ્વર છે. નિરાશાજનક પરીસ્થિતિ મધ્યે આપણે એ ઘોષણા કરી શકીએ કે ઈશ્વર આપણા વિલાપને નૃત્યમાં બદલી નાખનાર ઈશ્વર છે. આપણે એ ઘોષણા કરી શકીએ કે રુદન રાત્રીભર રહે છે, પણ સવારમાં હર્ષાનંદ થાય છે.

આપણે જે સમસ્યાનો સામનો કરીએ છીએ તેનો નકાર કરતા નથી. આપણે શત્રુ અને વેરીની હાજરીનો ઇનકાર કરતા નથી. પણ આપણે, ઈશ્વર કોણ છે, તેમની પાસે આપણા માટે શું છે તેની અને આપણી મુશ્કેલીઓ હોવા છતાં તેમને લીધે આપણામાં જે ભરોસો છે તેની આપણે ઘોષણા કરીએ છીએ. દરેક પરિસ્થિતિમાં, ઈશ્વર તમારે માટે જે છે તેની ઘોષણા કરો. દરેક પરિસ્થિતિમાં ઈશ્વરમાં તમારા માટે શું છે તેની ઘોષણા કરો. દરેક પરિસ્થિતિમાં, ઈશ્વરને કારણે તમને જે હિંમત, આત્મવિશ્વાસ, આનંદ, ફતેહ અને વિજય પ્રાપ્ત થાય છે તેની ઘોષણા કરો. દાઉદે એવું જ કર્યું. તમે પણ એવું કરી શકો છો!

# 12
# પ્રાકૃતિક જગત ઈશ્વરની વાણીને પ્રતિભાવ આપે છે

ગીતશાસ્ત્ર 29:3-9

**3 યહોવાનો સાદ પાણી પર [ગાજે] છે; ગૌરવવાન ઈશ્વર ગર્જના કરે છે, હા, યહોવા ઘણા પાણી પર [ ગર્જના કરે છે].**
**4 યહોવાનો સાદ સમર્થ છે; યહોવાનો સાદ માહાત્મ્યથી ભરપૂર છે.**
**5 યહોવાનો સાદ દેવદારોને ભાંગી નાખે છે; હા, યહોવા લબાનોનના દેવદારોના ટુકડેટુકડા કરી નાખે છે.**
**6 વળી તે તેઓને વાછરડાની પેઠે કુદાવે છે; જંગલી ગોધાના બચ્ચાની પેઠે તે લબાનોન તથા સિયોનને [કુદાવે છે].**
**7 યહોવાનો સાદ અગ્નિની જ્વાળાને ભેદે છે.**
**8 યહોવાનો સાદ અરણ્યને ધ્રુજાવે છે; યહોવા કાદેશના અરણ્યને ધ્રુજાવે છે;**
**9 યહોવાના સાદથી હરણીઓના ગર્ભ ગળી જાય છે અને ઝાડીઓના ડાળાપાંખડા તૂટી પડે છે; અને તેના મંદિરમાં સઘળા કહે છે કે, ગૌરવ!**

આ ગીતશાસ્ત્રમાં, ઈશ્વરની મહાનતાનું વર્ણન કર્યા પછી, દાઉદ ઈશ્વરની વાણીની મહાનતા અને સામર્થ્યની ઘોષણા કરવા તરફ આગળ વધે છે. ઈશ્વરની વાણી ઈશ્વરના વચન મારફતે પ્રવાહિત થાય છે. ઈશ્વર પોતે બોલેલા વચન દ્વારા પોતાની વાણીને પ્રવાહિત કરે છે. ફરી એક વાર આ શાસ્ત્રભાગમાં એ પ્રગટ કરવામાં આવ્યું છે કે, પ્રાકૃતિક જગતમાં જે સઘળું છે તે ઈશ્વરની વાણીને એટલે કે ઈશ્વરના વચનને પ્રતિભાવ આપે છે. ઈશ્વરનું વચન (સાદ) પાણી પર હાલે છે એટલે કે ઈશ્વર હાલે છે એમ કહી શકાય. ઈશ્વરનું વચન (વાણી) તેમના સામર્થ્ય અને પ્રતાપની અભિવ્યક્તિ છે. સઘળી સૃષ્ટિ એટલે કે સજીવ અને નિર્જીવ, ઈશ્વરના શબ્દ (વાણી) ને પ્રતિભાવ આપે છે.

પવિત્ર શાસ્ત્રમાં એવા કેટલાક પ્રસંગો વિષે લખવામાં આવ્યું

છે, જેમાં પવિત્ર આત્મા જયારે લોકો પર ચલાયમાન હતો તે વખતે, મનુષ્યોની વાણી મારફતે ઈશ્વરની વાણી પ્રવાહિત થઈ. પવિત્ર આત્માની પ્રેરણા વડે માણસો જયારે બોલ્યા ત્યારે તેઓની મારફતે ઈશ્વરનું વચન (વાણી) પ્રગટ થયું. તેઓના વિષે એવું કહેવામાં આવ્યું છે કે ઈશ્વરનું વચન (વાણી) તેમની પાસે હતું. પવિત્ર આત્માના અભિષેક હેઠળ મનુષ્યોની વાણી મારફતે જયારે ઈશ્વરની વાણી (વચન) પ્રવાહિત થઈ ત્યારે અદભૂત બાબતો બની. ખડકમાંથી પાણી વહી નીકળ્યું, સમુદ્રો અને નદીઓના બે ભાગ થઈ ગયા, સૂર્ય સ્થિર થઈ ગયો, સૂર્ય 10 અંશ પાછો હટયો, તેલ અને લોટનો જથ્થો વધી ગયો, અને કુહાડી પાણીની ઉપર તરી આવી અને એના જેવા બીજા ઘણા બધા બનાવો.

વિશ્વાસીઓ તરીકે આપણી પાસે ઈશ્વરનું વચન વિશ્વાસથી બોલવાનો લ્હાવો છે. ઈશ્વર જે અગાઉ બોલ્યા છે તેને આપણે લઈએ છીએ, તે વચન પર વિશ્વાસ કરીએ છીએ, અને આજે તે વચન બોલીએ છીએ. ભૂતકાળમાં જેમ બન્યું હતું તેમ, આજે પણ ઈશ્વરનો આત્મા આપણા ઉપર ચલાયમાન થાય છે જેથી આપણને ઈશ્વરનો આત્મા જે બોલવાની પ્રેરણા કરે છે તે વચન આપણે બોલીએ છીએ. જયારે આપણે તે વચન બોલીએ છીએ ત્યારે, આપણી વાણી (શબ્દો) મારફતે ઈશ્વરની વાણી (શબ્દો) પ્રવાહિત થાય છે. પ્રાકૃતિક જગત ઈશ્વરની વાણીને પ્રતિભાવ આપે છે. બંને બાબતો કરતા શીખી જાઓ. તમારા હૃદયમાં વિશ્વાસથી ઈશ્વરનું વચન બોલો. પવિત્ર આત્માની પ્રેરણા અનુસાર ઈશ્વરની વાણીને બોલો.

# 13
# પ્રાકૃત્તિક જગતને તેમના વચન વડે રચવામાં અને ઘડવામાં આવ્યું છે

**ગીતશાસ્ત્ર 33:6,9**
**[6] યહોવાના શબ્દ વડે આકાશો તથા તેમના મુખના શ્વાસ વડે તેઓના સર્વ સૈન્યો ઉત્પન્ન થયા.**
**[9] કેમ કે તે બોલ્યા, ને [સૃષ્ટિ] *થઈ;* તેમણે આજ્ઞા કરી, અને તે સ્થિર થઈ.**

પવિત્ર શાસ્ત્રમાં આપણને પ્રગટ કરાયેલા કેટલાક સત્યોમાનું એક એ છે કે ઈશ્વરે સઘળું તેમના વચન દ્વારા સર્જ્યું. તે બોલ્યા. તેમણે આજ્ઞા કરી. તેમણે પોતાના મુખના શ્વાસને વહેતો કર્યો. તેમણે શબ્દોને વહેતા કર્યા. તેમણે પ્રાકૃતિક દ્રશ્ય જગતને અસ્તિત્વમાં આવવાનું કહ્યું. આ બાબતને સમજવી આપણા માટે મહત્વનું છે.

પ્રાકૃત્તિક, દ્રશ્ય અને ભૌતિક ક્ષેત્રમાં સઘળું ઈશ્વરના વચનને આધીન છે.

ઈશ્વરનું વચન હજુ પણ સર્જન કરે છે. ઈશ્વરનું વચન, જેનું અસ્તિત્વ નથી એવી બાબતોને આપણી “દુનિયા” (આપણું જીવન, આપણા દૈનિક જીવનનાં ક્ષેત્ર) માં સાકાર રૂપમાં લાવી શકે છે. આપણી દુનિયામાં ઈશ્વરના વચનનું સામર્થ્ય કેવી રીતે પ્રવાહિત કરવું એ જો આપણે શીખી જઈએ તો ઈશ્વરે જેનું વચન આપ્યું છે તે આપણે પ્રાપ્ત કરી શકીશું.

ઈશ્વરનું વચન બદલાણ અને રૂપાંતર કરે છે. ઈશ્વરનું વચન આપણી દુનિયા (આપણું જીવન, આપણા દૈનિક જીવનનાં ક્ષેત્ર) માં રહેલી બાબતોને બદલે છે અને તેનું રૂપાંતર કરે છે અને

ઈશ્વરે આપણને જે વચન આપ્યું છે તે અનુસાર ગોઠવે છે. પણ આપણે આપણી દુનિયામાં ઈશ્વરના વચનના સામર્થ્યને વહેતું કરવાનું શીખવું જ પડશે.

આપણી દુનિયામાં ઈશ્વરના વચનના સામર્થ્યને વહેતું કરવાની એક ચાવી જે સમસ્ત પવિત્ર શાસ્ત્રમાં દર્શાવેલી છે તે તો એ છે કે આપણે ઈશ્વરનું વચન વિશ્વાસથી બોલીએ. જયારે આપણે તેમના વચન પર વિશ્વાસ કરીએ છીએ, અને આપણી દુનિયામાં - આપણી પરિસ્થિતિઓમાં, આપણા સંજોગોમાં, આપણા મનો, શરીરો, નાણા, કુટુંબ, કાર્યસ્થળ વગેરે ઉપર, તેને બોલીએ છીએ ત્યારે, તેમના વચનનું સામર્થ્ય આપણી દુનિયામાં પ્રવાહિત થાય છે. આપણી દુનિયાની સઘળી બાબતો તેમના વચનને આધીન છે, અને તેને ઈશ્વરના વચનને અનુરૂપ બનાવવામાં આવશે. તેમના વચન દ્વારા તમારી દુનિયાની રચના અને ઘડતર કરો.

# 14
# તમારી જીભ તમને સારા દિવસો અને લાંબુ આયુષ્ય અપાવી શકે છે

**ગીતશાસ્ત્ર 34:12-14**

**12 કયો માણસ [લાંબી] જિંદગી ઈચ્છે છે, તથા શુભ જોવાને માટે દીર્ઘાયુષ્ય ચાહે છે?**

**13 તો ભૂંડું [બોલવા]થી તારી જીભને, અને કપટથી તારા હોઠને સંભાળ.**

**14 ભૂંડાથી દૂર થા, અને ભલું કર; શાંતિ શોધ અને તેની પાછળ લાગ.**

પવિત્રશાસ્ત્ર આપણને અહીં શીખવે છે કે આપણા શબ્દો આપણા જીવનોની લંબાઈ અને ગુણવત્તાને અસર કરે છે. સારા અને લાંબા જીવનનો આનંદ માણવા માટે કરવા જેવી જે પહેલી બાબત તરફ દાઉદ આંગળી ચીંધે છે, જે આ શાસ્ત્રભાગમાં દર્શાવેલી છે તે તો એ છે કે, આપણે આપણી જાતોને દુષ્ટ, ભ્રષ્ટ, અપવિત્ર અને ક્રૂર બાબતો બોલવાથી અટકાવીએ. જૂઠી અને કપટી વાતો બોલવાથી દૂર રહો. જીભને લગામ રાખો. યોગ્ય શબ્દો બોલો. સત્યના વચનો બોલો. જીવનના વચનો બોલો. આ સૌથી પહેલું કાર્ય છે. અને ભૂંડું કરવાથી દૂર રહો. તેને બદલે, સારું કરો અને શાંતિની પાછળ લાગો.

આપણા શબ્દો આપણી દુનિયાને અસર કરે છે. તેઓ સારુ, જીવન અને આશિર્વાદ ઉપજાવે છે અથવા તો ભૂંડું, મરણ અને શાપ ઉપજાવે છે. આપણા શબ્દો બિન મહત્વપૂર્ણ લાગતા હોય અને તેમ છતાં, ઘણી બધી રીતે, તે આપણા જીવન અનુભવને બાંધનાર ઘટક છે. તેઓ એવા બીજ છે જેને આપણે વાવીએ છે, જે એક દિવસે આપણા જીવનોમાં તેમની જાત પ્રમાણેના ફળ ઉપજાવશે. આપણા જીવનોમાં અગત્યની ભૂમિકા ભજવે તે રીતે, ઈશ્વરે શબ્દોની રચના કરી છે. તમારા શબ્દોને હળવાશથી

લેશો નહિ. તેની કાળજીપૂર્વક સંભાળ લેજો. તમારા શબ્દોને કાળજીપૂર્વક પસંદ કરજો કેમ કે તમારા જીવનનું ઘડતર તે શબ્દો વડે જ થશે.

જો આપણે નર્યા ઈશ્વરના વચન જ બોલીએ તો આપણા શબ્દો કેવા સામર્થ્યપૂર્ણ બની જાય! જો આપણે આપણા જીવનો પર કેવળ ઈશ્વરના વચન જ બોલીએ અને તેની ઘોષણા કરીએ તો આપણા જીવનો કેટલા આશિર્વાદિત બની જાય! ઈશ્વરના પોતાના વચનોમાંથી જન્મેલા શબ્દો આપણા જીવનોનું નિર્માણ કરનાર ઘટકો બને તેવું થવા દઈએ. ઈશ્વરના પોતાના વચનોમાંથી જન્મેલા શબ્દોને આપણા જીવનોમાં વવાયેલા એવા બીજ બનવા દઈએ કે જેમાંથી આવનાર સમયમાં આપણા માટે ફળ નીપજે. તમારી જીભ તમને સારા દિવસો અને લાંબુ આયુષ્ય આપે તેવું થવા દો. તેમનું વચન બોલો.

# 15
# તેમના વચનની ઘોષણા એટલે તેમના કરારનો દાવો કરવો

**ગીતશાસ્ત્ર 50:14-17**
**14 "ઈશ્વરને આભારસ્તુતિના અર્પણો ચઢાવ, અને પરાત્પર પ્રત્યે તારી માનતાઓ ઉતાર;**
**15 સંકટને સમયે મને વિનંતી કર; હું તને છોડાવીશ, અને તું મારો મહિમા [પ્રગટ] કરશે".**
**16 પણ ઈશ્વર દુષ્ટને કહે છે કે, "તારે મારા વિધિઓ શા માટે પ્રગટ કરવા જોઈએ, તથા મારો કરાર શા માટે તારા મુખમાં લેવો જોઈએ?**
**17 કેમ કે તું [મારી] શિખામણનો તિરસ્કાર કરે છે, અને મારા શબ્દો તું તારી પાછળ નાખે છે".**

તમારા મુખ વડે ઈશ્વરનું વચન બોલવું એ તેમના કરારને તમારા મુખમાં મૂકવા બરાબર છે, એટલે કે તેમના કરાર કે વચનોનું આહ્‌વાન કરવું અને તેનો દાવો કરવો. ઈશ્વર દુષ્ટને ધમકાવે છે કારણ કે તે ઈશ્વરના વચનનો તિરસ્કાર કરે છે. તેઓ ઈશ્વરના વચનનો અનાદર કરે છે. તેઓ તેમના વચનને વ્યર્થ ગણીને એક કોરાણે નાખી દે છે. તેથી ઈશ્વરના વચનની અવગણના કરનાર આવા લોકોને તેઓના મુખથી ઈશ્વરનું વચન બોલવાનો અને ઈશ્વરના કરારના લાભોનો દાવો કરવાનો કોઈ અધિકાર નથી.

તેમ છતાં, આપણે જેઓ ઈશ્વરના વચન પર વિશ્વાસ અને તેનો આદર કરીએ છીએ તેઓ માટે એવું બને છે કે, જયારે આપણે તેમના વચનની ઘોષણા કરીએ છીએ ત્યારે, ઈશ્વર સાથેના આપણા કરારનો દાવો કરનાર તરીકે ઈશ્વર આપણને જુએ છે. તેમના વચનની ઘોષણા કરવા દ્વારા ઈશ્વરના કરારને

આપણા મુખમાં લેવા દ્વારા, ઈશ્વરે આપણી સાથે કરેલા કરારના લાભોનો દાવો આપણે કરીએ છીએ.

ઈશ્વર યહોવા, અનંતકાળીક, સ્વઅસ્તિત્વ ધરાવનાર, અવિકારી ઈશ્વર છે જે પોતાનો કરાર પાળનાર અને વચનોને પૂરા કરનાર છે. તે કદીયે પોતાનો કરાર તોડતા નથી કે પોતે જે બોલ્યા છે તેનાથી ફરી જતા નથી. તેમના પુત્ર ઈસુ ખ્રિસ્ત દ્વારા સર્વ શક્તિમાન ઈશ્વર સાથે લોહીના કરારમાં આપણે બંધાયેલા છીએ. આપણી સાથેના તેમના લોહીના કરારની મારફતે, તેમણે પોતે જે સઘળું બનાવ્યું છે તેને અને પોતાને સંપૂર્ણપણે આપણા માટે ઉપલબ્ધ બનાવ્યા છે. આપણે આમાંની કેટલીક બાબતો તેમના કરારના નામો દ્વારા સમજીએ છીએ. તમારા કરારના આશિર્વાદોને જાણી લો. ગમે તેવી પરિસ્થિતિમાં પણ તેમના વચનની ઘોષણા કરો. તમારા કરારના આશિર્વાદોનો દાવો કરો અને તેમાં ચાલો.

# 16
# હું ઈશ્વરનાં વિષે કહીશ

**ગીતશાસ્ત્ર 91:1,2**

**[1] પરાત્પરના ગુપ્તસ્થાનમાં જે વસે છે તે સર્વસમર્થની છાયામાં રહેશે.**
**[2] હું યહોવા વિષે કહીશ કે, "તે મારા આશ્રય તથા કિલ્લો છે; એ જ મારા ઈશ્વર છે, તેમના પર હું ભરોસો રાખું છું."**

તમે ઈશ્વર વિષે શું કહેશો? ગીતકર્તાએ ઈશ્વર વિષે કહ્યું કે પ્રભુ તેનો આશ્રય અને કિલ્લો છે. ઈશ્વર તરફથી રક્ષણ પ્રાપ્ત કરવા માટે તે પોતાનો ભરોસો, આધાર, આત્મવિશ્વાસ, અને અવલંબન ઈશ્વર પર મૂકી રહ્યો હતો.

તમે ઈશ્વર વિષે શું કહેશો?

- હું ઈશ્વર વિષે કહીશ કે તે મારા તારણહાર છે. તેમણે મને મારા સઘળા પાપોથી બચાવ્યો છે. મારા જીવન પરના પાપના સામર્થ્યને તેમણે તોડી પાડયું છે. હું પાપના અધિકારમાંથી મૂક્ત છું.
- હું ઈશ્વર વિષે કહીશ કે તે મારા સ્વર્ગીય પિતા છે. તે પોતાના દીકરાની જેમ મારી સંભાળ રાખે છે. તેમનો પ્રેમ કદી ખૂટી જતો નથી અને નિષ્ફળ જતો નથી. તેમના દીકરા તરીકે મારો સ્વીકાર કરવામાં આવ્યો છે.
- હું ઈશ્વર વિષે કહીશ કે તે મને સાજાપણુ આપનાર અને મારા છોડાવનાર છે. તે મારા સઘળા રોગ મટાડે છે. તે મને મારી સઘળી મુસીબતો અને શત્રુઓથી છોડાવે છે.
- હું ઈશ્વર વિષે કહીશ કે તે મારા ઉદ્ધારક છે. તેમણે મને અંધકારના અધિકારમાંથી છોડાવ્યો અને પોતાના રાજ્યમાં આણ્યો છે. તેમના પુત્ર ઈસુ ખ્રિસ્તના લોહીથી મારો ઉદ્ધાર કરવામાં આવ્યો છે!

- હું ઈશ્વર વિષે કહીશ કે, તે મારું ન્યાયીપણું છે. હું કોઈપણ પ્રકારની દોષભાવના, શરમ, લઘુતાગ્રંથિ કે દંડાજ્ઞા વિના તેમના ન્યાયીપણાના વસ્ત્રો પહેરીને ઊભો રહું છું. હું તેમની આગળ પવિત્ર અને નિષ્કલંક છું.
- હું ઈશ્વર વિષે કહીશ કે, તે મારું પૂરું પાડનાર છે. તેમની સંપત પ્રમાણે તે મારી સઘળી જરૂરિયાતો પૂરી પાડે છે. તે કોઈ પણ સારું વાનું મારાથી પાછું રાખતા નથી અને મારા પ્રત્યે સઘળી કૃપાની વૃદ્ધિ કરે છે.
- હું ઈશ્વર વિષે કહીશ કે, તે મને પવિત્ર કરનાર છે કે જેમણે મને તેમના માટે અલગ કર્યો છે. જેવા તે પવિત્ર છે તેવો જ હું પવિત્ર છું. તેમની પોતાની ખાસ પ્રજાનો એક હિસ્સો બનવા તેમણે મને શુદ્ધ કર્યો છે.
- હું ઈશ્વર વિષે કહીશ કે તે મારા ઘેટાપાળક છે, જે મને દોરે છે, મારું પૂરું પાડે છે, મારી રક્ષા કરે છે, મને દોરવણી આપે છે અને મને તાજગી પમાડે છે. તે મારા શત્રુઓની હાજરીમાં મારે વાસ્તે મેજ બિછાવે છે!
- હું ઈશ્વર વિષે કહીશ કે તે મારા સલાહકાર છે જે મને દોરવણી આપે છે અને મારા પગલા ચલાવે છે. મારા પગલા ઈશ્વરથી ગોઠવાયેલા છે અને જો કે હું પડી જાઉં, તોપણ મને તે ધરી લે છે.
- હું ઈશ્વર વિષે કહીશ કે તે મારા સહાયક છે. મારી સહાય સ્વર્ગ અને પૃથ્વીને બનાવનાર તરફથી આવે છે. તે મને ક્યારેય નિરાશ થવા દેતા નથી.
- હું ઈશ્વર વિષે કહીશ કે, તે મારા ન્યાયી ન્યાયાધીશ છે અને મારો બદલો વાળનાર છે. હું મારો દાવો તેમની આગળ રજૂ કરું છું. હું ભૂંડાઈનો બદલો ભૂંડાઈથી વાળતો નથી. હું સારાથી ભૂંડાનો પરાજય કરું છું. મારા ઈશ્વર મારો બદલો વાળે છે.
- હું ઈશ્વર વિષે કહીશ કે તે મારી ધજા છે, જેના નામમાં મને

વિજય મળે છે. દરેક પરિસ્થિતિમાં તે મને ફતેહ પમાડે છે. તે મને વિજય પમાડે છે તે કારણે તેમની મારફતે હું પરાક્રમ કરું છું.

- હું ઈશ્વર વિષે કહીશ કે તે મારી શાંતિ છે. તે મારા જીવનને સંપૂર્ણ શાંતિ, સંપૂર્ણ *શાલોમ,* પૂરેપૂરી સ્વસ્થતાથી ભરપૂર કરે છે.
- હું ઈશ્વર વિષે કહીશ કે તે મારા રક્ષક છે. કોઈ ભૂંડાઈ મારા પર આવી પડશે નહિ. જે મારી ચોકી કરે છે તે ઊંઘતા નથી. તેમના દૂતો મારી સંભાળ રાખવાના કામે લાગેલા છે.
- હું ઈશ્વર વિષે કહીશ કે તે મને સામર્થ્ય આપનાર છે. તે મારા જીવનનું સામર્થ્ય છે. જેમ જેમ હું તેમની વાટ જોઉં છું તેમ તેમ તે ગરુડની પેઠે પાંખો પસારીને ઊંચે ઉડવા માટેની શક્તિ પ્રદાન કરે છે.
- હું ઈશ્વર વિષે કહીશ કે તે મારા પ્રતિફળ આપનાર છે. મારા ઈશ્વર, તેમના નામમાં મેં કરેલા પ્રેમપૂર્વકના પરિશ્રમને તે ભૂલી જતા નથી. તે જ મને પ્રતિફળ આપે છે, મને વૃદ્ધિ પમાડે છે અને ફળ પેદા કરવાની ક્ષમતા પ્રદાન કરે છે.

આવું કરવાનું ચાલુ રાખો અને તેમાં નવી બાબતોને ઉમેરો. ઈશ્વર વિષે તમે શું કહેશો?

## 17
# દૂતો તેમના વચનની વાણીને કાન દે છે

**ગીતશાસ્ત્ર 103:20,21**
**[20] હે બળમાં પરાક્રમી, યહોવાનું વચન પાળનારા તથા તેમના વચન સાંભળનારા તેમના દૂતો, તમે યહોવાને સ્તુત્ય માનો.**
**[21] હે યહોવાના સર્વ સૈન્યો, તેમની ઈચ્છાને અનુસરનાર તેમના સેવકો, તમે તેમને સ્તુત્ય માનો.**

ઈશ્વરના દૂતો બળવાન અને પરાક્રમી છે. તેઓ ઈશ્વરનું વચન પાળે છે. તેઓ ઈશ્વરના વચનની વાણીને ધ્યાનથી સાંભળે છે અને ઈશ્વરનું વચન જેની ઘોષણા કરે છે તે પ્રમાણે કરે છે.

અહીં આપણે જે અનુમાન કરીએ છીએ, એ જોકે આ બે કલમોને આધારે સારાંશની રીતે સાબિત કરી શકાય એમ નથી, પણ પવિત્રશાસ્ત્રમાં દૂતો અને તેઓની ગતિવિધિઓ વિષે આપણે જે જાણીએ છીએ તેનો નીચોડ તે ધરાવે છે. ઈશ્વરના કહ્યા મુજબ જે આપણું છે તેની ઘોષણા કરતા શબ્દો આપણે જયારે બોલીએ છીએ ત્યારે, આપણે તેમના વચનની ઘોષણા કરીએ છીએ તેની વાણી દૂતો સાંભળે છે અને તેથી તારણના વારસદાર એવા આપણા માટેની, ઈશ્વરના વચન અનુસારની જે સેવા તેમને સોંપેલી છે તે તેઓ કરવા લાગે છે. આ તો એક અનુમાન છે, પણ તે સચોટ છે.

આપણે, જેઓ તારણના વારસદારો છીએ, તેઓની સેવા કરવા માટે દૂતોને મોકલવામાં આવે છે (હિબ્રુઓને પત્ર 1:14). ઈશ્વરે આપણ, તેમના સંતો માટે જે ઘોષણા કરી છે તે મુજબ આપણી સેવા કરે છે. ઈશ્વર આપણ, તેમના લોકો માટે જે કાર્ય પૂર્ણ થવાની ઈચ્છા રાખે છે તેને દૂતો કરે છે. દાનિયેલના

અનુભવ (દાનિયેલ 10) માં અને પ્રથમની મંડળી (પ્રેરિતોના કૃત્યો 12:5-7) વિષે જોયા પ્રમાણે આપણે એ અનુમાન લગાવી શકીએ કે, એવી આત્મિક ગતિવિધિઓમાં જો આપણે શામેલ થઈએ છીએ તો તે ગતિવિધિઓ દૂતોને આપણા વતી કાર્ય કરવા માટે આવકાર આપે છે. પ્રાર્થના આવી જ એક બાબત છે. એ કહેવું પણ સલામત રહેશે કે, ઈશ્વર પ્રત્યેની આપણી આરાધના, આપણું દાનાર્પણ, આપણી આધિનતા દૂતોને આપણી વતી કાર્ય કરવા પ્રેરિત કરે છે. હવે જયારે આપણે એ જાણીએ છીએ કે દૂતો ઈશ્વરના વચનને કાન દે છે અને તેમના વચનનું પાલન કરે છે, માટે એ તારણ કાઢવું સલામત રહેશે કે જયારે આપણે ઈશ્વરના વચન અને તેમની ખાતરીઓમાં આપણા વિશ્વાસની ઘોષણા કરીએ છીએ ત્યારે, એ બાબત પણ દૂતોને આપણા વતી કાર્ય કરવા પ્રેરિત કરે છે. ઈશ્વરના વચન વિરુદ્ધની કોઈ પણ બાબતમાં દૂતો શામેલ થશે નહિ. તેથી, જયારે આપણે ઈશ્વરના વચનની વિરુદ્ધ બોલીએ છીએ ત્યારે, તે શબ્દોના આધારે દૂતો કાર્ય કરશે નહિ.

તમારા જીવનમાં ઈશ્વરનું વચન પૂર્ણ થાય તેવી અપેક્ષા સાથે તમે ઊભેલા છો તેવું દૂતોને જાણવા દો. વચન બોલો. કોઈ પણ પરિસ્થિતિમાં, ઈરાદાપૂર્વક તેમના વચનની ઘોષણા કરો. જરૂરિયાતની સ્થિતિમાં ઘોષણા કરો, “મારા ઈશ્વર તેમની મહિમાની સંપત પ્રમાણે ખ્રિસ્ત ઈસુમાં મારી બધી જરૂરિયાતો પૂરી પાડે છે.” મૂંઝવણની પરિસ્થિતિમાં ઘોષણા કરો, “આ પરિસ્થિતિમાં સંપૂર્ણ શાંતિ, સારી સમજણ, અને સહકાર આવે તેવો હું આદેશ આપું છું. મારા ઈશ્વર શાંતિના અગ્રેસર છે, મૂંઝવણના નહિ.” તમારી વાણી મારફતે નીકળતી તેમના વચનની વાણીને દૂતો સાંભળે અને તે વચનનો તેઓ અમલ કરવા માંડે તેવું થવા દો.

# 18
# ઈશ્વરના ઉદ્ધાર પામેલા આમ કહે છે

**ગીતશાસ્ત્ર 107:2**
**એ પ્રમાણે યહોવાના છોડાવેલાઓએ બોલવું, એટલે જેઓને તેમણે શત્રુઓના હાથમાંથી છોડાવ્યા;**

આપણે ઈશ્વરના છોડાવેલા છીએ, અને આપણે આવું જ કહેવાનું છે!

એક કેદી કેદખાનામાંથી છૂટ્યા પછી પોતાની જાતને કેદી કહેતો ફરતો નથી. તે હિંમતથી અને ખુમારીથી એ જાહેર કરે છે કે તે આઝાદ મનુષ્ય છે! તે એક કેદી હતો. તે ભૂતકાળની વાત છે. અત્યારે તે કોણ છે તે સૌથી મહત્વની બાબત છે! તે આઝાદ મનુષ્ય છે. તે પોતાની આઝાદીનો પૂરેપૂરો લાભ ઉઠાવી શકે છે.

વિશ્વાસીઓ તરીકે, આપણને અંધકારના અધિકારમાંથી છોડાવી લેવામાં આવ્યા છે અને ઈસુ ખ્રિસ્તના રાજ્યમાં દાખલ કરવામાં આવ્યા છે. ઈશ્વરે તેમના લોકો, સંતોને જે વારસો આપ્યો છે તેના ભાગીદાર થવાને આપણે લાયક ઠર્યા છીએ. ઈસુ ખ્રિસ્તના મૂલ્યવાન લોહીથી આપણને છોડાવવામાં આવ્યા છે (કલોસ્સીઓને પત્ર 1:12-14). છોડાવવું એટલે “પાછું ખરીદવું”, ગુલામીમાંથી મુક્ત કરવું, અને મહિમાના મૂળ સ્થાને પુનઃ સ્થાપિત કરવું. આપણે ઈશ્વરના છોડાવેલા છીએ. હવે શેતાનને આપણા પર કોઈ હક, સત્તા કે અધિકાર નથી. આપણે ઈશ્વરની ખરીદાયેલી સંપત્તિ છીએ (કરિંથીઓને પહેલો પત્ર 6:20).

- હું ઈશ્વરનો છોડાવેલો છું અને હું તે કહું છું!
- મને શેતાનની અને તેના સર્વ દુષ્ટ આત્માઓની સત્તાથી

છોડાવી લેવામાં આવ્યો છે (કલોસ્સીઓને પત્ર 1:13). અંધકારની સત્તાને મારા પર કોઈ હક, દાવો કે અધિકાર નથી.

- મને પાપના સામર્થ્યથી છોડાવી લેવામાં આવ્યો છે (રોમનોને પત્ર 6:6,14). પાપ મારા પર રાજ કરશે નહિ.
- મને નિયમશાસ્ત્રના શાપથી છોડાવી લેવામાં આવ્યો છે (ગલાતીઓને પત્ર 3:13) હવે હું ઈબ્રાહિમના આશિર્વાદો હેઠળ ચાલુ છું.
- મને હાલના ભૂંડા જગતથી છોડાવી લેવામાં આવ્યો છે (ગલાતીઓને પત્ર 1:4). હાલના જમાનાના માર્ગો, તેના પ્રભાવો અને તેની દુષ્ટતાને મારા પર કોઈ અધિકાર નથી.
- મને દરેક પ્રકારના પાપી કૃત્યોથી છોડાવી લેવામાં આવ્યો છે (તિતસને પત્ર 2:14). ભૂતકાળની પાપમય જીવનશૈલીની રીતભાતોને મારા ઉપર કોઈ અધિકાર નથી. તેમનો થવા અને સારા કાર્યો કરવા માટે મને શુદ્ધ કરવામાં આવ્યો છે.
- અગાઉની પેઢીઓની ધ્યેયવિહીન અને પાપમય જીવનશૈલીની રીતભાતોથી મને છોડાવી લેવામાં આવ્યો છે (પિતરનો પહેલો પત્ર 1:18,19). હું નવી ઉત્પત્તિ છું અને નવા જીવનમાં ચાલુ છું.
- હલવાનના લોહીને લીધે મને છોડાવવામાં આવેલો છે અને હું શત્રુ પર જય પામું છું (પ્રકટીકરણ 12:11). શેતાન અને તેનાં અપદૂતો મારા પગની નીચે કચડાઈને પડેલા છે (લૂક 10:19; રોમનોને પત્ર 16:20).
- હું ઈશ્વરથી છોડાવેલો છું અને હું તે જ કહું છું!

# 19
# હર્ષ અને તારણના ધ્વનિને જાળવી રાખો

**ગીતશાસ્ત્ર. 118:15-17**

**15 ન્યાયીઓના તંબુઓમાં હર્ષ તથા તારણના ધ્વનિ [સંભળાય] છે; યહોવાનો જમણો હાથ પરાક્રમ કરે છે.**

**16 યહોવાનો જમણો હાથ ઊંચો થયેલો છે; યહોવાનો જમણો હાથ પરાક્રમ કરે છે.**

**17 હું મરી નહિ જઈશ, પણ જીવતો રહીશ, અને યાહના કૃત્યોને પ્રગટ કરીશ.**

ન્યાયીઓના ઘરોમાં હર્ષનો અને તારણનો અવાજ સાંભળવા મળે છે. "તારણ" માટેનો હિબ્રૂ શબ્દ 'યેશુઆહ' છે જે (ગ્રીક *'સોઝો'* ની જેમ) વ્યાપક અર્થ ધરાવે છે, અને તેમાં તારણ, સલામતી, છૂટકારો, વિજય, સમૃદ્ધિ, સ્વાસ્થ્ય, મદદ, કલ્યાણ, સુખાકારી અને સંપૂર્ણતાનો સમાવેશ થાય છે.

દરેક ઘરમાં આ જગતના પડકારો એક યા બીજી રીતે આવવાની કોશિશ કરે છે. ન્યાયીઓના ઘરોને પણ જીવનના પડકારો અને તોફાનોનો સામનો કરવો પડે છે. તેમ છતાં, ન્યાયી માટે "ઈશ્વરનો જમણો હાથ" પરાક્રમ કરે છે. *"ઈશ્વરનો જમણો હાથ"* એ ઈશ્વરનું સામર્થ્ય છે જે હંમેશા વિજયવંત થાય છે અને બીજા કોઈ કરતાં વધારે પરાક્રમી છે. તેથી જ, ન્યાયીઓના ઘરોમાં આનંદઉત્સવ, વિજય, ઉજવણી અને તારણ જોવા મળે છે. તેથી, આપણે કહી શકીએ છીએ કે, *"હું મરી નહિ જઈશ, પણ જીવતો રહીશ, અને ઈશ્વરના કાર્યોની ઘોષણા કરીશ".*

જયારે આપણે કેટલાક પડકારોનો સામનો કરવો પડે છે ત્યારે આપણે શું કરીએ છીએ? શું આપણે આપણો ધ્વનિ બદલી નાખીએ છીએ? ના! આપણે આપણા ઘરોમાં હર્ષ અને તારણનો ધ્વનિ જાળવી રાખીએ છીએ. આપણા ઈશ્વર સામર્થ્યવાન છે

તેવી ઘોષણા કરવાનું આપણે ચાલુ જ રાખીએ છીએ. આપણે તારણનો ધ્વનિ જાળવી રાખીએ છીએ, કારણ કે આપણા ઈશ્વર આપણને બચાવે છે, સંભાળે છે, સાચવે છે, સાજા કરે છે, છોડાવે છે, આબાદ કરે છે અને આપણને વિજય આપે છે. ઈશ્વરનો જમણો હાથ હંમેશા સર્વ પરિસ્થિતિમાં સામર્થ્યવાન અને વિજયવંત છે. તમારા ઘરોમાં હર્ષ અને તારણનો ધ્વનિ સંભળાતો રહે તેવું થવા દો. દરેક પરિસ્થિતિમાં હર્ષ અને તારણના ધ્વનિને જાળવી રાખો.

# 20
# તમારા હૃદયમાંથી તમારા જીવનનું ઘડતર કરનારા પરિબળો નીકળે છે

**નીતિવચનો 4:20-23**

**[20] મારા દીકરા, મારા શબ્દો પર લક્ષ આપ; મારી વાતો પર કાન ધર.**
**[21] તેઓને તારી આંખ આગળથી દૂર થવા ન દે; તેઓને તારા હૃદયમાં રાખ.**
**[22] તે જેઓને મળે છે, તેઓને તે જીવનરૂપ છે, અને તેમના આખા શરીરને આરોગ્યરૂપ છે.**
**[23] પૂર્ણ ખંતથી તારા હૃદયની સંભાળ રાખ; કેમ કે તેમાંથી જ જીવનનો *ઉદ્દભવ છે.***

આપણા હૃદયોને ઈશ્વરના વચનથી ભરી દેવાની સૂચના અહી આપવામાં આવી છે. તેમનું વચન આપણા અભ્યંતરમાં વસી જાય માટે આપણે તેમના વચન પ્રત્યે લક્ષ્ય આપવાનું છે, તેનો સહારો લેવાનો છે, તેમના વચનને સાંભળવાનું છે, અને તેમના વચન પર આપણું ધ્યાન લગાવવાનું છે. ત્યારબાદ તેમનું વચન આપણને જીવન, સ્વાસ્થ્ય અને સંપૂર્ણતા વડે આશિર્વાદિત કરે છે. તે આપણને આપણા હૃદયોની સંભાળ રાખવાની સૂચના આપે છે. ઈશ્વરના વિરુદ્ધની કોઈપણ બાબતને આપણા હૃદયોમાં પ્રવેશવાની અનુમતિ આપણે આપવી જોઈએ નહિ. આપણે આપણા હૃદયની સંભાળ રાખવી જ જોઈએ અને એમ કરવાથી આપણે આપણા હૃદયમાં સંઘરી રાખેલ ઈશ્વરના વચનની રક્ષા કરવાની છે.

હૃદય, જે આપણું આંતરિક મનુષ્યત્વ છે, તે બહું અગત્યનું છે. હૃદયમાંથી આપણા જીવનનું ઘડતર કરનારા પરિબળો નીકળે છે. આપણા હૃદયમાં જે છે તે આપણા જીવનમાં પ્રવાહિત થવાનો એક માર્ગ છે આપણા બોલેલા શબ્દો. આપણા જીવનનું

ઘડતર કરનાર પરિબળો, જે આપણા આંતરિક મનુષ્યત્વમાંથી નીકળે છે, તે આપણા બોલેલા શબ્દો દ્વારા પ્રવાહિત થાય છે.

જો આપણા હૃદયો તેમના વચનથી ભરપૂર છે તો, આપણા બોલેલા શબ્દો પણ તેમના વચનને અનુરૂપ જ હોય છે. આપણે તેમનું વચન બોલીએ છીએ. આપણા જીવનનું ઘડતર કરનારા પરિબળો તેમના વચનમાંથી આવે છે. ઈશ્વરના વચનનું સામર્થ્ય આપણા જીવનમાં કાર્ય કરવા અને આપણા જીવનોના દરેક ક્ષેત્રોને, આપણા વર્તમાન અને આપણા ભવિષ્યને પ્રભાવિત કરવા પ્રવાહિત થાય છે.

તમારા હૃદયને ઈશ્વરના વચનથી ભરી દો. તેમના વચન બોલો. તમારામાં રહેલા ઈશ્વરના વચનમાંથી તમારા જીવનનું ઘડતર કરનારા પરિબળો ઉદ્દભવે તેવું થવા દો.

# 21
# ન્યાયી શબ્દો જીવન અને સામર્થ્ય વહાવે છે

**નીતિવચનો 10:11,20,21,31,32**
**[11] સદાચારીનું મોં જીવનનો ઝરો છે; પણ દુષ્ટોનું મોઢું બલાત્કારથી ઢંકાયેલું રહે છે.**
**[20] સદાચારીની જીભ ચોખ્ખી ચાંદી જેવી છે; પણ દુષ્ટનું હૃદય માલ વગરનું છે.**
**[21] નેક જનના હોઠો ઘણાને તૃપ્ત કરે છે; પણ મૂર્ખો બુદ્ધિની અછતથી માર્યા જાય છે.**
**[31] સદાચારીનું મોં જ્ઞાન પ્રગટ કરે છે; પણ હઠીલી જીભ કાપી નાખવામાં આવશે.**
**[32] સંતોષકારક શું છે તે સદાચારીના હોઠ જાણે છે; પણ દુષ્ટ પોતાને મોઢે આડું બોલે છે.**

આ કલમોમાં આપણે સદાચારીના શબ્દો અને દુષ્ટના શબ્દો વચ્ચેનો વિરોધાભાસ જોઈએ છીએ. સદાચારીના શબ્દો "જીવનનો ઝરો" છે. તે જીવન, સંપૂર્ણતા, સુખાકારી અને જીવન સાથે સંબંધિત છે તે સર્વ જે આપણે જાણીએ છીએ, તે પ્રદાન કરે છે. સદાચારીના શબ્દો "ચોખ્ખી ચાંદી" જેવા, એટલે કે "અતિ શુદ્ધ, મૂલ્યવાન, કિમતી" છે. સદાચારીના શબ્દો *"ઘણાને તૃપ્ત કરે છે."* તેઓ ઘણાને પોષણ, બળ, જીવન, મદદ અને આશિર્વાદ પ્રદાન કરે છે. બે વધારાની બાબતો સદાચારીના શબ્દોની લાક્ષણિકતા દર્શાવે છે - ડહાપણ અને જે સ્વીકાર્ય (ખુશકારક) છે તે.

શબ્દો અન્યોને જીવન અને આશિર્વાદ પ્રદાન કરે છે. આપણા બોલેલા શબ્દો કોઈને માટે જીવનનો ઝરો બની શકે છે. આપણા શબ્દો કોઈ એવી વ્યક્તિ માટે ચોખ્ખી ચાંદી જેવા બની

શકે જેની તે શોધ કરી રહ્યો છે, અને અન્યો માટે પોષણ અને શક્તિનો સ્ત્રોત બની શકે છે.

તમારા શબ્દો યોગ્ય (સદાચારી શબ્દો) હોય તે સુનિશ્ચિત કરવા માટેનો એક ચોકક્કસ માર્ગ છે: ઈશ્વરના વચન સાથે સુમેળતા ધરાવતા શબ્દો બોલવા. જો આપણે એવું કરીએ તો, આપણા શબ્દો લોકો માટે ડહાપણના શબ્દો અને આનંદ, આઝાદી અને છૂટકારો લાવનારા શબ્દો બની રહેશે. સદાચારી શબ્દો બોલવાની પસંદગી કરો. ઈશ્વરના વચન સાથે સુમેળભર્યા શબ્દો બોલો.

# 22
# શબ્દો સાજા કરે છે અને સંપૂર્ણ બનાવે છે

**નીતિવચનો 12:18**
**વગર વિચાર્યું બોલવું તરવારના ઘા જેવું છે;**
**પણ જ્ઞાનીની જીભ આરોગ્યરૂપ છે.**

**નીતિવચનો 15:4**
**નિર્મળ જીભ જીવનનું ઝાડ છે;**
**પણ તેની કુટિલતા મનને ભાંગી નાખે છે.**

નીતિવચનો 12:18 માં, આપણે એ શીખીએ છીએ કે જ્ઞાનીની જીભ આરોગ્યરૂપ છે. "આરોગ્ય" શબ્દ માટેનો હિબ્રૂ શબ્દ *'માર્પે'* છે, જેનો અર્થ છે, "ઈલાજ, ઔષધી, ઉપચાર, સાજાપણું, છૂટકારો, મનની સ્વસ્થતા, સંપૂર્ણતા." જો શબ્દોનો ઉપયોગ યોગ્ય રીતે અને ડહાપણથી કરવામાં આવે તો, તે તમને અને તમારું સાંભળનારાઓને સાજાપણું અને સંપૂર્ણતા આપી શકે છે.

*'માર્પે'* શબ્દનો પુનઃઉપયોગ નીતિવચનો 15:4 માં કરવામાં આવ્યો છે, જેનો તરજૂમો "નિર્મળ" કરવામાં આવ્યો છે. જે જીભ નિર્મળ શબ્દો બોલે છે, શાબ્દિક રીતે સાજાપણા અને છુટકારાના શબ્દો, તે જીવનનું ઝાડ છે. પ્રકટીકરણ 22:1,2 માં આપણે જીવનના ઝાડ વિષે વાંચીએ છીએ—*"ત્યારે તેમણે મને ઈશ્વરના તથા હલવાનના રાજ્યાસનમાંથી નીકળતી સ્ફટિકના જેવી ચળકતી જીવનના પાણીની નદી નગરના રસ્તા મધ્યે દેખાડી. એ નદીના બંને કિનારે જીવનનું ઝાડ હતું. તેને બાર પ્રકારના ફળ લાગતાં હતા; દર માસે તેને [નવીન] ફળ આવતા હતા; વળી તે ઝાડના પાંદડા સર્વ પ્રજાઓને નીરોગી કરવા સારુ*

*હતાં."* જીવનના ઝાડના પાંદડા સાજાપણું આપતા હતા. જયારે આપણે સાજાપણું, સંપૂર્ણતા, છૂટકારો અને સ્વસ્થતાના શબ્દો બોલીએ છીએ ત્યારે આપણે પોતાને અને જેઓની આગળ આપણે બોલીએ છીએ તેઓને સાજાપણું પ્રદાન કરી શકીએ છીએ.

શબ્દો સાજા કરી શકે છે અને સંપૂર્ણ બનાવી શકે છે. ઈશ્વર કહે છે કે તેમનું વચન આપણા આખા શરીર માટે જીવન (તાજગી, બળ) અને સ્વાસ્થ્ય (*'માર્પે'*) છે (નીતિવચનો 4:22). જયારે લોકોએ તેમને પોકાર કર્યો, ત્યારે ઈશ્વરે પોતાનું વચન મોકલ્યું અને તેઓને સાજા (*'રાફા',* ઈલાજ, સંપૂર્ણ બનાવવું) કર્યા (ગીતશાસ્ત્ર 107:20). ઈશ્વરના વચનમાં સાજા કરવાનું અને સમગ્ર વ્યક્તિત્વને સંપૂર્ણ બનાવવાનું સામર્થ્ય છે. તેથી, ઈશ્વરના વચન બોલો, અને તમારા મુખના શબ્દો વડે તેમના વચનનું સાજા કરવાનું સામર્થ્ય વહેવા દો. તમારા મુખ મારફતે સાજાપણું લાવનાર, જે ઉત્તમ ઔષધી છે અને જે જીવનના ઝાડ સમાન છે તેવા શબ્દો વહેવા દો. તમારા અને તમારી આસપાસના લોકો માટે સ્વાસ્થ્ય અને સંપૂર્ણતા લાવવા માટે ઈશ્વરના સાજાપણાના શબ્દો બોલવા દ્વારા તમારા શબ્દોનો ઉપયોગ કરો.

# 23
# ખુશનુમા શબ્દોની શક્તિ વહેતી કરો

**નીતિવચનો 16:21,24**
**21 જ્ઞાની અંતઃકરણવાળો માણસ શાણો કહેવાશે;**
**અને મીઠા હોઠોથી વિદ્યાની વૃદ્ધિ થાય છે.**
**24 માયાળુ શબ્દો મધ *જેવા છે*,**
**તેઓ આત્માને મીઠા લાગે છે તથા હાડકાને આરોગ્ય આપે છે.**

કોઇપણ પરિસ્થિતિમાં આપણે કેવા શબ્દો બોલવા એની પસંદગી આપણે કરી શકીએ છીએ. માયાળુ, સૌમ્ય, સુખદ, સમૃદ્ધ કરનાર, ઉત્થાન કરનાર અને હકારાત્મક શબ્દો જોરદાર પ્રભાવ પાડે છે. માયાળુ અને સૌમ્ય રીતે બોલાયેલા શબ્દો શિખવાની ક્ષમતામાં વધારો કરે છે. તેનાથી લોકો સૂચનોને વધુ સ્વીકારે છે, તે વધુ પ્રતીતિજનક અને પ્રેરક હોય છે. માયાળુ, સુખદ અને ઉન્નતિકારક શબ્દો આંતરિક મનુષ્યને બળ આપે છે અને એક વ્યક્તિના રોમે રોમને આરોગ્ય બક્ષે છે. અહીં આપણે ખુશામતના શબ્દોની વાત નથી કરી રહ્યા, જે નિષ્ઠાહીન અને વ્યક્તિને સારું લગાડવા માટે બોલાય છે કે જેમાં કોઈ અસલિયત નથી હોતી. આપણે તો કાળજી, દયા અને સૌમ્યતા સાથે બોલાયેલ પ્રામાણિક અને સત્યપૂર્ણ શબ્દોનો ઉલ્લેખ કરી રહ્યા છીએ.

જયારે આપણે ઈશ્વરના સામર્થ્યવાન વચનોને આપણા વક્તવ્યના એક ભાગ તરીકે શામેલ કરીએ છીએ ત્યારે, આપણે આપણા શબ્દો મારફતે વિશ્વાસ, આશા, શક્તિ, હિંમત, સાજાપણું, ડહાપણ અને સલાહસૂચન પ્રદાન કરીએ છીએ. મીઠાશથી બોલો. ખુશનુમા મિજાજથી બોલો. લોકોને ઉત્સાહિત કરનાર શબ્દો બોલો. લોકોને ઉન્નતિ પમાડનાર અને સાજા

કરનાર શબ્દો બોલો. ઈશ્વર વિષે અને તે શું કરી શકે છે અને તેમણે શું વચન આપ્યું છે તે કહેવા દ્વારા ઈશ્વર વિષે લોકોને જણાવીને તેમની સેવા કરો. ખુશનુમા શબ્દોની શક્તિને વહેતી કરો.

# 24
# તમારા શબ્દોના ફળથી તમારું જીવન ભરપૂર થાય છે

**નીતિવચનો 12:14**
**માણસ પોતાના મુખના શબ્દોથી સંતોષ પામશે;**
**અને માણસના હાથોના કામનું ફળ તેને પાછું આપવામાં આવશે.**

**નીતિવચનો 18:20**
**માણસ પોતાના મોઢાના ફળથી પેટ ભરીને ખાશે;**
**અને તેના હોઠોની ઊપજથી તે ધરાશે.**

આપણા શબ્દો આપણા જીવનોને દરેક રીતે અસર કરે છે. તે આપણા આંતરિક મનુષ્યને અસર કરે છે. માણસનું પેટ તેના આંતરિક મનુષ્યને દર્શાવે છે. જેમ ખોરાક માણસના પેટને અસર કરે છે તે જ રીતે આપણો આંતરિક મનુષ્ય સારા વિચારોથી ભરપૂર, તૃપ્ત, પોષિત અને આશિર્વાદિત થઈ શકે છે. આપણા શબ્દો આપણા જીવનમાં આપણને શું થાય છે તેને અસર કરે છે. આપણા બોલાયેલા શબ્દોના પરિણામોથી આપણું જીવન ભરપૂર થાય છે. આપણે આપણા શબ્દો, સમયાંતરે જે બાબતો આપણે બોલતા આવ્યા છીએ તેના પરિણામો સાથે આપણે જીવીએ છીએ.

તમે તમારા આંતરિક મનુષ્યને શેના વડે ભરાયેલો હોવાની ઈચ્છા રાખો છો? એ કેવું રહેશે જો આપણે, આત્મવિશ્વાસ, હિંમત, વિશ્વાસ, આશા, ન્યાયીપણું, શાંતિ, આનંદ, નીરવતા, ડહાપણ, સામર્થ્ય, અને બીજી સર્વ બાબતો જે ઈશ્વરના દીકરા અને દીકરીઓ તરીકે આપણા માટે ઉપલબ્ધ છે, તે વડે ભરાયેલા હોઈએ તો? ચોક્કસપણે! તો પછી આવા સદગુણો જે ઈશ્વર

તરફથી તેમના વચન અને આત્માના સામર્થ્યની મારફતે આવે છે તેનાથી આપણને ભરપૂર કરે એવા શબ્દો બોલવાની આપણે જરૂર છે. ઈશ્વરનું વચન બોલો.ખ્રિસ્તમાં તમારું જે છે તેની ઘોષણા કરો. એવી ઘોષણા કરો કે તમે તેમના રાજ્યનો એક હિસ્સો હોવાને લીધે, તમારી પાસે પવિત્ર આત્મા દ્વારા મળનાર ન્યાયીપણું, શાંતિ, અને આનંદ છે. એવી ઘોષણા કરો કે જે શાંતિ ઇસુ આપે છે, જે શાંતિ જગત આપી શકતું નથી, જે શાંતિ સર્વ સમજશક્તિની બહાર છે, અને આ જે શાંતિ તમારા હૃદય અને મનની સંભાળ રાખે છે, તે તમારી પાસે છે. એવી ઘોષણા કરો કે તમને સામર્થ્ય, પ્રેમ અને સ્વસ્થ મન છે. એવી ઘોષણા કરો કે ઈશ્વર તમારો ભરોસો છે. તમે સિંહના જેવા હિંમતવાન છો. તમે બળવાન અને હિંમતવાન છો કારણ કે તમે જ્યાં પણ જાઓ છો ત્યાં ઈશ્વર તમારી સાથે છે. તમારા આંતરિક મનુષ્યમાં સારી બાબતોનું ઘડતર કરનાર શબ્દો બોલો.

શેના વડે તમારા જીવનના અનુભવો ભરપૂર બને એવું તમને ગમશે? શેના વડે તમારો વર્તમાન અને તમારું ભવિષ્ય ભરપૂર બને એવું તમને ગમશે? તમારા જીવન, તમારા વર્તમાન અને તમારા ભવિષ્ય પર ઈશ્વરના વચનોને ઉચ્ચારો. તમે જે શબ્દો બોલો છો તેના ફળથી તમારું જીવન ભરપૂર થાય છે.

# 25
# તમારા શબ્દોમાં જીવન અને મરણની સત્તા છે

**નીતિવચનો 18:21**
**મરણ તથા જીવન જીભની સત્તામાં *છે;***
**અને તેનો જે જેવો ઉપયોગ કરશે તે તેવું ફળ ખાશે.**

ઈશ્વરે જીભની સત્તામાં, એટલે કે આપણે જે શબ્દો બોલીએ છીએ તેમાં, જીવન અને મરણની બાબતો મૂકી છે. આપણા શબ્દો જીવન કે મરણ લાવી શકે છે. આપણે આપણા શબ્દોના પરિણામો ભોગવવા તૈયાર રહેવું જ પડશે. આપણે આપણા શબ્દોના ફળ સાથે જીવવું પડશે.

"મરણ" શારીરિક રીતે મરવાની બાબતને દર્શાવે છે અને તેનો ઉપયોગ અલંકારિક રીતે મરકી, રોગ અને વિનાશને દર્શાવવા માટે પણ કરાયો છે. હકારાત્મક રીતે જીવિત હોવાની અવસ્થાને લગતી તમામ બાબતો અને જેમાં તાજગી અને શક્તિનો સમાવેશ થયેલો છે તે જીવન છે.

આપણે જે શબ્દો બોલીએ છીએ તે આપણને બરબાદ કે આશીર્વાદિત કરી શકે છે. આપણે જે શબ્દો બોલીએ છીએ તે જીવન અને શક્તિ પ્રદાન કરીને જોશપૂર્ણ બનાવી શકે છે અથવા તો આપણે જે શબ્દો બોલીએ છીએ તે આપણા જીવનને તોડી પાડીને આપણને કમજોર અને પાયમાલ કરી શકે છે. ઈશ્વરે જ આપણા શબ્દોની એવી રચના કરી છે કે જે આપણા પર આવો પ્રભાવ અને અસર પાડે છે. તમે જે કહો છો તે તમારૂ ઘડતર કે તમારો વિનાશ કરી શકે છે.

એટલા માટે જ આપણે એવા શબ્દો બોલવાની પસંદગી કરવી જોઈએ જે આપણા ઉપર અને બીજાઓના ઉપર જીવન અને આશીર્વાદ લાવે. ઈશ્વરનું વચન બોલવા કરતાં ઉત્તમ બાબત બીજી કોઈ હોઈ શકે જ નહિ. તમારા જીવન પર ઈશ્વરના વચનોને બોલો. ખ્રિસ્તમાં નવી ઉત્પત્તિ તરીકે તમારા વિષે ઈશ્વરે જે ઘોષણા કરી છે તેને બોલો. તેમના વચન પ્રમાણે તમારા જીવનમાં આશીર્વાદ, સમૃદ્ધિ, સફળતા, ભરપૂરી, અને ભલાઈને બોલો. તમે ઘણાઓને માટે આશીર્વાદરૂપ બનશો તેવી ઘોષણા કરો. તમે આશીર્વાદ બનવા આશીર્વાદિત થયા છો તેવી ઘોષણા કરો. તમારા માટેના ઈશ્વરના ઉદ્દેશ્યો અને અને કાર્યો તમે પૂરા કરશો તેવી ઘોષણા કરો. તમારા જીવન દ્વારા ઈશ્વરનો મહિમા થશે તેવી ઘોષણા કરો. તમારા વર્તમાન અને તમારા ભવિષ્ય પર જીવન અને આશીર્વાદ લાવવા તમારા શબ્દોનો ઉપયોગ કરો.

# 26
# તમારા મુખમાંનુ તેમનું વચન દેશોને પ્રભાવિત કરી શકે છે

**યર્મિયા1:9,10**

**9 પછી યહોવાએ પોતાનો હાથ લાંબો કરીને મારા મુખને અડકાડયો; અને તેમણે મને કહ્યું કે, "જો, મેં મારાં વચન તારા મુખમાં મૂક્યાં છે.**
**10 ઉખેડવા તથા પાડી નાખવા, અને વિનાશ કરવા તથા ખંડન કરવા, તેમ જ બાંધવા તથા રોપવા સારુ, મેં આજ તને પ્રજાઓ તથા રાજ્યો પર નીમ્યો છે".**

આપણે આ બે કલમોમાં, પ્રબોધવાણીના શબ્દોનું સામર્થ્ય જોઈએ છીએ. ઈશ્વરે તેના મુખમાં મૂકેલા શબ્દોને યર્મિયા જયારે પ્રજાઓ અને રાજ્યો પર બોલનાર હતો ત્યારે, અનેક બાબતો ઉખડી જવાની, પાડી નંખાવાની, નાશ થઈ જવાની અને ખંડિત થઈ જવાની હતી. ઈશ્વરે તેને આપેલા શબ્દો જયારે યર્મિયા બોલ્યો ત્યારે, ઈશ્વર જે રાજ્યો અને પ્રજાઓને નીચે પાડી નાખવાની ઈચ્છા રાખતા હતા તેની અંદર રહેલી બાબતોને તોડી પાડવાની અને તેનો વિનાશ કરવાનો હતો. જયારે યર્મિયા પ્રબોધવાણીના શબ્દો બોલ્યો ત્યારે તે પ્રજા અને રાજ્યોમાં કેટલીક બાબતોને બાંધવાની અને સ્થાપવાની અને ઊભી કરવાની હતી.

લોકો દ્વારા, પવિત્ર આત્માની પ્રેરણાથી આપવામાં આવેલ જે શબ્દોને પ્રગટ કરવામાં આવે છે તે પ્રબોધવાણીના શબ્દો છે. ઈશ્વરના લોકોના જીવનોમાં હજુ પણ પવિત્ર આત્મા કાર્ય કરી રહ્યા છે. પવિત્ર આત્મા હજુ પણ આપણા પર, રાજ્યો અને પ્રજાઓ પર પ્રબોધ કરવા અને પ્રેરણા પામેલ શબ્દો અથવા પ્રબોધવાણીના શબ્દો પ્રગટ કરવા, ચલાયમાન થાય છે. જયારે

ઈશ્વર આપણા મુખમાં તેમના શબ્દો મૂકે છે, અને આપણે તે શબ્દોને બોલીએ છીએ ત્યારે, આપણે, દેશો અને રાજ્યો પર પ્રવર્તી રહેલ સ્થિતિઓ (આત્મિક, સામાજીક, આર્થિક વગેરે) પર પ્રભાવ પાડીએ છીએ. આપણા મુખ દ્વારા પ્રવાહિત કરાયેલા તેમના શબ્દો રાષ્ટ્રોને અસર કરી શકે છે. પોતાના વચન દ્વારા પોતાનો હેતુ પાર પાડવા માટે ઈશ્વર તેમની નજર તે વચન પર રાખે છે (યર્મિયા 1:12).

# 27
# સૂકાં હાડકાંને કહો કે તે જીવતાં થાય

**હઝકિયેલ 37:1-7**

**1 યહોવાનો હાથ મારા પર આવ્યો, ને તે મને યહોવાના આત્મા વડે બહાર
લઈ ગયા, ને મને એક ખીણમાં મૂક્યો; તે ખીણમાં નરદમ હાડકાં હતા;
2 તેમણે મને તેમને પડખે પડખે ચોગરદમ ફેરવ્યો; અને જુઓ, તેઓ
ખીણની સપાટી પર પુષ્કળ હતા; અને તેઓ બહુ સૂકાં હતા.
3 પછી તેમણે મને કહ્યું, "હે મનુષ્યપુત્ર, શું આ હાડકાં જીવતાં થઈ શકે?" મેં
ઉત્તર આપ્યો કે, "હે પ્રભુ યહોવા, તમે જાણો છો."
4 વળી તેમણે મને કહ્યું કે, "આ હાડકાને પ્રબોધ કરીને કહે, હે સૂકા હાડકાં,
તમે યહોવાનું વચન સાંભળો."
5 પ્રભુ યહોવા આ હાડકાને કહે છે કે, "જુઓ, હું તમારામાં શ્વાસ મૂકીશ, ને
તમે જીવતાં થશો.
6 હું તમારા પર સ્નાયુઓ મૂકીશ, ને તમારા પર માંસ લાવીશ, ને તમને
ચામડીથી ઢાંકી દઈશ, અને તમારામાં શ્વાસ મૂકીશ, એટલે તમે જીવતાં
થશો; અને તમે જાણશો કે હું યહોવા છું."
7 તેથી મને આજ્ઞા થઈ હતી તે મુજબ મેં પ્રબોધ કર્યો; અને હું પ્રબોધ કરતો
હતો તે દરમિયાન એક ગડગડાટ સંભળાયો, ને એક ધરતીકંપ થયો; તે
હાડકાં એકબીજાની સાથે જોડાઈ ગયા, એક હાડકું તેને લગતા હાડકાની
સાથે [જોડાઈ ગયું].**

આ શાસ્ત્રભાગ હઝકિયેલના પ્રબોધવાણીને લગતા અનુભવના એક ભાગને પ્રગટ કરે છે. પોતાના વતનથી દૂર વિખેરાઈ ગયેલા અને આશાવિહીનતાની અનુભૂતિ કરનાર એવા ઇસ્રાએલ દેશનું ચિત્ર આ સૂકા હાડકાં રજૂ કરી રહ્યા હતા (હઝકિયેલ 37:11,12). હઝકિયેલ ઈશ્વર વતી, ઈશ્વર મારફતે અપાયેલ શબ્દો—પ્રબોધવાણીના શબ્દો—આ સૂકા હાડકાંને બોલ્યો. હાડકા એકસાથે જોડાઈ ગયા, તેમના પર માંસ આવી ગયું, તેમનામાં જીવન આવ્યું અને તેઓ એક વિશાળ સૈન્યની જેમ ઊભા થઈ ગયા (હઝકિયેલ 37:10). એક આખા રાષ્ટ્રની

નિયતિ પ્રબોધવાણીના શબ્દ દ્વારા પ્રભાવિત થઈ. પ્રબોધવાણીનો શબ્દ એવું વાહન હતું, જે મારફતે ઈશ્વરના હેતુઓને પૂર્ણ કરવા, પૃથ્વી પર ઈશ્વરના સામર્થ્યને પ્રવાહિત કરવામાં આવ્યું.

આજે પણ પ્રબોધવાણીના શબ્દો બોલવા પવિત્ર આત્મા આપણને પ્રેરણા કરે છે અને શબ્દો આપે છે. તે આપણા પોતાના જીવનો પર, અન્યોના જીવનો પર, શહેરો પર, પ્રદેશો પર, અને રાષ્ટ્રો પર હોઈ શકે છે. તે આપણને પ્રેરણા કરે છે એમ જયારે આપણે બોલીએ છીએ ત્યારે સૂકા હાડકાં જીવતા થઈ જાય છે! મરેલું જીવતું થઈ જાય છે! લોકો અને રાજ્યોનો આશા અને જીવન સાથે ઉદય થાય છે. યાદ રાખો, જેમ પવિત્ર આત્મા તમને પ્રેરણા કરે તે રીતે સૂકા હાડકાને કહો, અને તે જીવતાં થઈ જશે!

# 28
# તમારા શબ્દો સ્વર્ગમાં સંભળાય છે

**દાનિયેલ 10:12**
**ત્યારે તેણે મને કહ્યું કે, "હે દાનિયેલ, બી મા; કેમ કે તેં તારું મન સમજવામાં તથા તારા દેવની આગળ દીન થવામાં લગાડયું, તેના પહેલા દિવસથી જ તારી પ્રાર્થનાઓ સાંભળવામાં આવી હતી; અને તારી વિનંતીઓની ખાતર હું આવ્યો છું."**

પૃથ્વી પર આપણે જે શબ્દો બોલીએ છીએ તે સ્વર્ગમાં સંભળાય છે. આપણે જે શબ્દો બોલીએ છીએ તેના પ્રત્યુત્તરરૂપે ઈશ્વર દ્વારા દૂતોને રવાના કરવામાં આવે છે.

આપણે પ્રાર્થનામાં શબ્દો બોલીએ છીએ. આપણા વિશ્વાસને દર્શાવવા આપણે શબ્દો બોલીએ છીએ. આપણે અંધકારની શક્તિઓની વિરુદ્ધના આત્મિક યુદ્ધમાં આત્માની તરવાર વીંઝતા શબ્દો બોલીએ છીએ. આપણે લોકોને આશિર્વાદ આપવા શબ્દો બોલીએ છીએ. આપણે લોકો સાજાપણું, છૂટકારો અને ચમત્કારો પ્રાપ્ત કરે માટે શબ્દો બોલીએ છીએ. આપણે પહાડોને ખસેડવા અને તોફાનોને શાંત પાડવા શબ્દો બોલીએ છીએ. પૃથ્વી પર આપણા અધિકારના ઉપયોગ કરવાના ભાગરૂપે બાંધવા અને છોડવા માટે આપણે શબ્દો બોલીએ છીએ. આપણા શબ્દોને સ્વર્ગમાં સાંભળવામાં આવે છે! આપણા શબ્દોના પ્રત્યુત્તરના રૂપમાં દૂતોને મોકલવામાં આવે છે.

તમારા શબ્દોને સ્વર્ગમાં સાંભળવામાં આવે છે એવું જાણતા હોઈને તમે કેવા શબ્દો બોલવાનું પસંદ કરશો? સ્વર્ગમાં, ઈશ્વરનો જ શબ્દ પ્રવર્તે છે. *"હે યહોવા, તારું વચન આકાશમાં સદા સ્થિર છે"* (ગીતશાસ્ત્ર 119:89). આપણે જે શબ્દો પ્રાર્થનામાં, વિશ્વાસમાં, આત્મિક યુદ્ધમાં, સેવામાં, અધિકારનો

ઉપયોગ કરવામાં- બધી પરિસ્થિતિઓમાં- બોલીએ છીએ તે શબ્દો, સ્વર્ગમાં પહેલેથી જ સ્થાપિત ઈશ્વરના વચન સાથે સુમેળ ધરાવતા હોવા જ જોઈએ. યાદ રાખો, તમારા શબ્દોને સ્વર્ગમાં સાંભળવામાં આવે છે. સ્વર્ગ સાથે સુમેળ ધરાવતા શબ્દો બોલો, અને સ્વર્ગ તમારા વતી કાર્ય કરશે.

# 29
# શબ્દો આત્મિક જગતમાંથી ભૌતિક જગતમાં સંચાર કરે છે

**દાનિયેલ 10:17-19**
**[17] કેમ કે આ મારા મુરબ્બીનો દાસ આ મારા મુરબ્બીની સાથે કેમ વાત કરી શકે? કેમ કે મારામાંથી તો બળ છેક લોપ થયું છે, ને મારામાં દમ પણ રહ્યો નથી.**
**[18] ત્યારે મનુષ્યના દેખાવના કોઈએકે ફરીથી મને અડકીને મને બળ આપ્યું.**
**[19] તેમણે કહ્યું કે, “હે અતિ પ્રિય માણસ, બી મા; તને શાંતિ થાઓ. બળવાન થા, હા, બળવાન થા.” જયારે તેમણે મારી સાથે વાત કરી ત્યારે મને જોર આવ્યું, ને મેં કહ્યું કે, “મારા મુરબ્બી, બોલો; કેમ કે તમે મને બળ આપ્યું છે.”**

જયારે દાનિયેલની મુલાકાત દૂતે લીધી ત્યારે, તેને અતિ અભિભૂત હોવાનો, નિર્બળ, દમ વગરનો અને ભયભીત હોવાનો અહેસાસ થયો. દૂત તેને અડક્યો અને તેને શબ્દો કહ્યા, *“બી મા, તને શાંતિ થાઓ, બળવાન થા”*. અને દાનિયેલને બળ મળ્યું. દૂત દ્વારા દાનિયેલને કહેવામાં આવેલા શબ્દોએ દાનિયેલની અંદર શાંતિ અને શક્તિનો સંચાર કર્યો. શબ્દો આત્મિક ક્ષેત્ર અને ભૌતિક ક્ષેત્રને જોડે છે. શબ્દો આત્મિક ક્ષેત્રમાંથી ભૌતિક ક્ષેત્રમાં સંચાર કરે છે.

લોકો તરીકે, ઈશ્વરે આપણી એ રીતે રચના કરી છે કે આપણે ભૌતિક અને આત્મિક એમ બંને ક્ષેત્રમાં સંચાલન કરી શકીએ છીએ. વિશ્વાસીઓ તરીકે, આત્મિક ક્ષેત્રમાં, ખ્રિસ્ત ઈસુમાં, ઈશ્વરને જમણે હાથે આપણી બેઠક છે. આપણે ખ્રિસ્તમાં છીએ. આપણે ઈશ્વરના વારસદારો અને ઈસુની સાથે સહવારસદારો છીએ. આત્મિક ક્ષેત્રમાં આ આપણી ઓળખ છે. આત્મિક ક્ષેત્રમાં ઈશ્વરે આપણને જે આપ્યું છે તે લેવાને અને ભૌતિક ક્ષેત્રમાં

કોઈ વ્યક્તિને તે પ્રદાન કરવાને માટે આપણા શબ્દો આપણને સક્ષમ બનાવે છે.

દાખલા તરીકે, જયારે આપણે બિમાર વ્યક્તિ મધ્યે સેવા કરીએ છીએ અને સાજાપણાનો આદેશ આપીએ છીએ ત્યારે, શું ભૌતિક ક્ષેત્રમાં આપણામાં એવું કંઈ છે કે જે અલૌકિક સાજાપણું પ્રદાન કરી શકે? કશું જ નહિ! આપણે ઈસુ ખ્રિસ્તના સંપૂર્ણ કાર્યને લઈએ છીએ, આત્મિક ક્ષેત્રમાં રહેલા આપણા અભિષેક અને અધિકારને લઈએ છીએ, અને શારીરિક સાજાપણા માટે જે તે વ્યક્તિને પ્રદાન કરીએ છીએ. આપણા શબ્દો આત્મિક ક્ષેત્રને ભૌતિક ક્ષેત્ર સાથે જોડે છે. ઈશ્વરના વચનને આધારે બોલવા દ્વારા, આપણે આત્મિકમાં જે આપણું છે તેને લઇ શકીએ છીએ, અને ભૌતિકમાં તેને પ્રવાહિત કરીએ છીએ. આપણું અહીંનું કામ, તેમનું રાજ્ય આવે અને જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તેમની ઈચ્છા પૂરી થાય તે જોવાનું છે. તે કરવાની એક રીત છે, તેમના વચન સાથે સુમેળ ધરાવતા શબ્દો બોલવા, જેથી આત્મિકમાં તેમણે આપણને જે આપ્યું છે તે ભૌતિકમાં પ્રવાહિત થાય.

# 30
# દુર્બળ કહે કે “હું બળવાન છું”

**યોએલ 3:9,10**
**9 તમે વિદેશીઓમાં આ જાહેર કરો; યુદ્ધની તૈયારી કરો: યોદ્ધાઓને ઉશ્કેરો; સર્વ લડવૈયાઓ પાસે આવીને કૂચ કરે.**
**10 તમારા હળની કોશોને ટીપીને તરવારો [બનાવો], ને તમારા દાતરડાના ભાલા બનાવો; દુર્બળ માણસ કહે કે, “હું બળવાન છું.”**

યોએલ અધ્યાય 3 એ યહોશાફાટની ખીણમાં થનાર હર-મગીદ્દોના યુદ્ધ અને યહોવાના દિવસ વિષેની ભવિષ્યવાણી છે. યુદ્ધ માટે રાજ્યો એકત્રિત થઈ રહ્યા છે. યોએલ એવું વર્ણન કરે છે કે, શાંતિપૂર્ણ ઓજારો (હળની કોશો અને દાતરડા) પણ યુદ્ધના હથિયારો (તરવારો અને ભાલાઓ) માં ફેરવી નાખવામાં આવી રહ્યા છે. આ પ્રક્રિયાની વચ્ચે એક રસપ્રદ વિધાન કરવામાં આવે છે—*“દુર્બળ કહે કે હું બળવાન છું”* દુર્બળે એવું નહોતું કહેવાનું કે, “હું દુર્બળ છું.” દુર્બળે કહેવાનું હતું, “હું બળવાન છું”. અહીં એ વાત લાગુ પડે છે કે “હું બળવાન છું” એમ કહેવા દ્વારા દુર્બળ બળવાન બની શકે છે અને યુદ્ધમાં આગળ વધી શકે છે.

શું આપણા માટે, જો કે આપણે હાલમાં એની અનુભૂતિ ના પણ કરતા હોય તોપણ, એ યોગ્ય રહેશે કે આપણે ખાતરીપૂર્વક એ વાતને એ જ રીતે કબૂલ કરીએ કે જેની ઈશ્વરે પોતાના વચનમાં આપણા માટે ઘોષણા કરી છે?

શું જેઓ પાપ સાથે સંઘર્ષ કરી રહ્યા છે તેમના માટે એ કહેવું યોગ્ય રહેશે કે, “પાપ મારા પર રાજ કરશે નહિ”, જેથી તેઓ પાપ પર વિજય પામતા આગળ વધી શકે? ચોક્કસપણે!

જેઓ (આપણે બધા), પાપ અને પરીક્ષણનો સામનો કરી રહ્યા છીએ તેઓ કહે, "મારું પાપનું જૂનું માણસપણું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયું છે અને મારા જીવન પરના પાપના અધિકારને તોડી પાડવામાં આવ્યો છે. હવેથી પાપ મારા પર રાજ કરશે નહિ."

શું બિમાર વ્યક્તિ માટે એવું કહેવું યોગ્ય રહેશે કે, "ઈસુના સોળથી મને સાજાપણું મળ્યું છે", જેથી કરીને તે સાજો કરાય? ચોક્કસપણે!

જે બિમાર છે તે કહે, "ઈસુએ પોતે, મારા રોગ અને પીડા વેઠી લીધા છે અને તેમના સોળથી મને સાજાપણું મળ્યું છે."

શું જરૂરિયાતમંદ વ્યક્તિ માટે એવું કહેવું યોગ્ય રહેશે કે, "મારા ઈશ્વર મારી તમામ જરૂરિયાત પૂરી પાડશે", જેથી તેઓની જરૂરિયાતો પૂરી થઈ શકે? ચોક્કસપણે!

જરૂરિયાતમંદ વ્યક્તિ કહે, "યહોવા મારો ઘેટાપાળક છે; મને કશી ખોટ પડશે નહિ". મારા ઈશ્વર ખ્રિસ્ત ઇસુમાં મારી સર્વ જરૂરિયાતો તેમના મહિમાની સંપત પ્રમાણે પૂરી કરશે."

શું નિર્બળતા અનુભવતી વ્યક્તિ માટે એ કહેવું યોગ્ય રહેશે કે, "પવિત્ર આત્મા મારા પર આવવાને લીધે હું સામર્થ્યથી ભરપૂર છું", જેથી કરીને તે પવિત્ર આત્માના સામર્થ્યમાં ચલાયમાન થઈ શકે? ચોક્કસપણે!

ચાલો આપણે કહીએ, "પવિત્ર આત્મા મારા પર આવવાને લીધે, ગરીબોને સુવાર્તા પ્રગટ કરવા, ભંગીત હૃદયવાળાને સાજા કરવા અને બંદીવાનોને છૂટકારો જાહેર કરવા મારો અભિષેક કરવામાં આવ્યો છે."

જો કે તમે વિરુદ્ધ પ્રકારની લાગણી અનુભવતા હો તોપણ,

ઈશ્વરનું વચન તમારા વિષે જે કહે છે તેના સમર્થનરૂપે તે જ બાબત કહો. ઈશ્વરનું વચન સત્ય છે. વાસ્તવિકતા બદલાઈ શકે છે. ઈશ્વરનું સત્ય અનંતકાલિક છે અને તે બદલાશે નહિ. તમે જે હકીકતનો સામનો કરી રહ્યા છો તે બદલાઈને ઈશ્વરના વચનના સત્યને અનુરૂપ બની શકે છે. દુર્બળ કહે "હું બળવાન છું" અને તે પ્રમાણે બળવાન બને.

# 31
# તમારા શબ્દોથી ઈશ્વરને ઠેસ ના પહોંચાડો

**માલાખી 3:13-16**

**13 યહોવા કહે છે કે, “તમે મારી વિરુદ્ધ કઠણ શબ્દો બોલતા આવ્યા છો. તેમ છતાં તમે પૂછો છો કે, શી બાબતમાં અમે તમારી વિરુદ્ધ બોલ્યા છીએ?”**
**14 તમેં કહ્યું છે કે, “ઈશ્વરની સેવા કરવી એ નકામું છે; અમે તેમના વિધિઓ પાળ્યા છે, ને અમે સૈન્યોના [ઈશ્વર] યહોવાની આગળ શોકવસ્ત્ર ધારણ કરીને ચાલ્યા છીએ તેથી શો લાભ થયો?”**
**15 હમણાં અમે ગર્વિષ્ઠોને ધન્યવાદ આપીએ છીએ; હા, દુરાચારીઓ આબાદ થતા જાય છે; હા, તેઓ ઈશ્વરની પરીક્ષા કરે છે, છતાં તેઓ બચી જાય છે.”**
**16 ત્યારે યહોવાનો ભય રાખનારાઓએ એકબીજા સાથે વાત કરી; અને યહોવાએ તે ધ્યાન દઈને સાંભળ્યું, અને યહોવાનું ભય રાખનારાઓને સારુ તથા તેના નામનું ચિંતન કરનારાઓને સારું યાદીનું પુસ્તક તેમની હજૂરમાં લખવામાં આવ્યું.**

પોતાના લોકોના મુખેથી બોલાયેલા શબ્દો અને તેઓએ કહેલી બાબતોને સાંભળીને દુઃખ અને પીડા અનુભવી રહેલા ઈશ્વરની કલ્પના કરી જુઓ. ઈશ્વર આપણા શબ્દોને સાંભળે છે. 16મી કલમ આપણને જણાવે છે કે, જેઓ ઈશ્વર વિષે આદરયુક્ત ભય સાથે બોલ્યા અને જેઓએ તેમના નામનું ચિંતન કર્યું તેઓને સારુ યાદીનું પુસ્તક લખવામાં આવ્યું.

આપણા બોલેલા શબ્દો ઈશ્વર સાંભળે છે. તમારા બોલેલા શબ્દો સાંભળીને ઈશ્વરને કેવી લાગણી થાય એવી તમારી ઈચ્છા છે? ચોક્કસપણે, આપણે આપણા શબ્દોથી ઈશ્વરને દુઃખી કરવા કે ઠેસ પહોંચાડવા ઈચ્છતા નથી.

કેવી રીતે આપણે એ સુનિશ્ચિત કરી શકીએ કે, આપણે જે

બોલીએ છીએ તે વડે ઈશ્વરને મહિમા મળે, તેમનું નામ બુલંદ મનાય અને તેમના હૃદયને પ્રસન્નતા મળે? જયારે આપણે તેમના વચનને અનુરૂપ અને તેમની દ્રષ્ટિમાં જે યોગ્ય છે તે બોલીએ ત્યારે.

તમારા શબ્દોથી ઈશ્વરને ઠેસ ના પહોંચાડો. ઈશ્વરે જે કહ્યું છે તે જ કહો. દરેક પરિસ્થિતિમાં તેમનું વચન બોલો. દરેક પરિસ્થિતિમાં તમે તેમને અને તેમના વચનને આદર આપો છો તે ઈશ્વરને જાણવા દો.

# 32
# “લખેલું છે” કહેતાં શીખી–ઈસુએ એવું કર્યું

**માથ્થી 4:1-4**

**1 ત્યાર પછી ઈસુનું પરીક્ષણ શેતાનથી થાય માટે આત્મા તેમને રાનમાં લઈ ગયો.**
**2 અને ચાળીસ રાતદહાડા સુધી ઉપવાસ કર્યા પછી તેમને ભૂખ લાગી.**
**3 અને પરીક્ષણ કરનારે તેમની પાસે આવીને કહ્યું કે, “જો તું દેવનો દીકરો છે, તો આ પથ્થરોને કહે કે, તેઓ રોટલી થઈ જાય.”**
**4 પણ તેમણે ઉત્તર દીધો કે, “એમ લખેલું છે કે, ‘માણસ એકલી રોટલીથી નહિ, પણ હરેક શબ્દ જે દેવના મોંમાંથી નીકળે છે તેથી જીવશે.’”**

દરેક બાબતમાં અનુકરણ અને અનુસરણ કરવા માટે પ્રભુ ઈસુ આપણા માટે સંપૂર્ણ નમૂનો છે. અરણ્યમાં ઈસુએ જે ત્રણ પરીક્ષણનો સામનો કર્યો તેને આપણા માટે નોંધવામાં આવેલ છે. કેવળ આ જ પરીક્ષણનો ઈસુએ સામનો કર્યો હતો એવું નથી. આપણી પેઠે તેમનું સર્વ વાતે પરીક્ષણ થયું, પણ તે નિષ્પાપ રહ્યા (હિબ્રૂઓને પત્ર 4:15). આપણી પાસે આ બધા જ પરીક્ષણો વિષેનો અહેવાલ નથી. તેમ છતાં, માથ્થી ચોથા અધ્યાયમાં નોંધાયેલ ત્રણ પરીક્ષણોમાં, આપણે એ બાબતની નોંધ લઈએ છીએ કે, ઈસુએ દરેક વખતે પરીક્ષણને પ્રતિસાદ આપતી વખતે વચન બોલીને તે પ્રમાણે કર્યું. દરેક વખતે તેમણે કહ્યું, “શાસ્ત્રમાં આ મુજબ લખેલું છે”. તેથી આપણને એ બાબતની ખાતરી થાય છે કે, આવી જ રીતે તેમણે ઈશ્વરનું વચન બોલવા દ્વારા તેમણે દરેક પરીક્ષણનો સામનો કર્યો હતો.

દરેક પરીક્ષણ વખતે અને દરેક પરિસ્થિતિમાં “શાસ્ત્રમાં આ મુજબ લખેલું છે” કહેતા શીખી જાઓ. ઈશ્વરે જે કહ્યું છે તે કહો.

તમને પડકારનાર પરીક્ષણો અને પરિસ્થિતિઓ પર વિજય મેળવવા ઈશ્વરનું વચન બોલો. પરીક્ષણનો સામનો કરતી વખતે કહો, "લખેલું છે કે, મારું શરીર પવિત્ર આત્માનું મંદિર છે જે મારામાં વસે છે. લખેલું છે કે, પાપ મારા પર રાજ કરશે નહિ; હું મારા શરીરને ન્યાયીપણાનું હથિયાર થવા સમર્પિત કરું છું." દુર્ગમ પડકારો સમાન લાગતી પરિસ્થિતિનો સામનો કરતી વખતે કહો, લખેલું છે કે, હું ઈશ્વરથી જન્મેલો છું અને હું જગત પર જય મેળવું છું. જે જયે જગતને જીત્યું છે તે તો મારો વિશ્વાસ છે. ઈશ્વર મને હંમેશા ફતેહ પમાડે છે. આ પરીસ્થિતિમાં પણ હું ફતેહ પામીશ." "શાસ્ત્રમાં લખેલું છે" કહેતા શીખી જાઓ. ઈસુએ એવું જ કર્યું. દરેક પરિસ્થિતિમાં ઈશ્વરનું વચન બોલો.

# ૩૩
# શબ્દ વડે આત્માઓને હાંકી કાઢો

**માથ્થી 8:16**
**અને સાંજ પડી ત્યારે તેઓ ઘણા ભૂતવળગેલાઓને તેમની પાસે લાવ્યા, ને તેમણે શબ્દથી તે આત્માઓને બહાર કાઢ્યાં, ને સઘળાં માંદાઓને સાજાં કર્યાં.**

સુવાર્તાનાં પુસ્તકોમાં નોંધવામાં આવેલ ઈસુની સેવાને આપણે જયારે જોઈએ છીએ ત્યારે, તેમણે અશુદ્ધ આત્માઓની વિરુદ્ધ કેવી રીતે કામ પાર પાડયું તે આપણને શીખવા મળે છે. આદેશ આપતા શબ્દો બોલીને તેમણે અશુદ્ધ આત્માઓ પર અધિકાર અને સત્તાનો ઉપયોગ કર્યો. માથ્થી નોંધે છે કે, શબ્દ વડે તેમણે આત્માઓને હાંકી કાઢ્યા. તે કેવળ આદેશ આપનાર શબ્દ બોલ્યા.

ચાલો આપણે ઈસુના નમૂનાને અનુસરીએ. આપણા શબ્દો, ખ્રિસ્તમાં આપણને આપવામાં આવેલ અધિકાર અને સત્તાની અભિવ્યક્તિ છે. આપણી પાસે, તેમના નામનો ઉપયોગ કરવાના હક મારફતે આપણને સોંપવામાં આવેલ અધિકાર છે. આપણે તેમના અધિકારમાં ચાલીએ છીએ. જયારે આપણે શેતાની શક્તિઓનો સામનો કરવાનો આવે છે ત્યારે આપણે તે અધિકારના શબ્દો બોલીને કરીએ છીએ. આદેશના શબ્દો બોલીને આપણે અશુદ્ધ આત્માઓને હાંકી કાઢીએ છીએ.

અધિકારના શબ્દો બોલતા શીખી જાઓ. આ તમે તમારા પોતા માટે અને જેમની મધ્યે તમે સેવા કરો છો તેમના માટે કરો. ડરના વિચારોનો સામનો કરતી વખતે આ કહેતા શીખી જાઓ, “ઈસુના નામમાં, ડરના આત્મા, હું તને હમણાં જ ચાલ્યા

જવાનો આદેશ કરું છું. ઈસુના નામમાં, ડરના વિચારોનો હું નકાર કરું છું." લાક્ષણિક રીતે, તમે તે આત્માને તે જે પરિસ્થિતિ પેદા કરે છે તે નામે સંબોધો છો. જો તમને એવું લાગે કે કોઈ અસામાન્ય કે સમજાવી ના શકાય તેવી "બાબત" મૂંઝવણ પેદા કરી રહી છે તો, પછી તે મૂંઝવણ પર અધિકાર લો. આવું કહેતા શીખો, "ઈસુના નામમાં, આ પરિસ્થિતિમાં કાર્ય કરતા મૂંઝવણના આત્મા પર હું અધિકાર લઉં છું. હું તેઓના કામને બાંધુ છું. ઈસુના નામમાં તેઓને ચાલ્યા જવાનો આદેશ કરું છું." કોઈ બિમાર વ્યક્તિ હોય અને તમને ખબર પડે કે તે પરિસ્થિતિ અશુદ્ધ આત્માને કારણે છે, તો તેમની મધ્યે સેવા કરતી વખતે કહો, "ઈસુના નામમાં, આ મંદવાડના આત્મા પર હું અધિકાર લઉં છું અને હમણાં જ તેને ચાલ્યા જવાનો આદેશ કરું છું."

આદેશના શબ્દ દ્વારા અશુદ્ધ આત્માઓને હાંકી કાઢો. ઈસુએ એવું કર્યું અને આપણે પણ એવું જ કરવાનું છે.

# 34
# જયારે તમે તેમને પૃથ્વી પર કબૂલ કરો છો તો, સ્વર્ગમાં તમારો પણ ઉલ્લેખ કરવામાં આવે છે

**માથ્થી 10:32,33**
**[32] માટે માણસોની આગળ જે કોઈ મને કબૂલ કરશે, તેને હું પણ મારા આકાશમાંના પિતાની આગળ કબૂલ કરીશ.**
**[33] પણ માણસોની આગળ જે કોઈ મારો નકાર કરશે, તેનો નકાર હું પણ મારા આકાશમાંના પિતાની આગળ કરીશ.**

ઈસુના શબ્દો બહુ સ્પષ્ટ છે. જો આપણે તેમને માણસોની આગળ કબૂલ કરીએ છીએ, તો તે આપણને સ્વર્ગમાં પિતાની આગળ કબૂલ કરશે.

"કબૂલ કરવું" માટેનો એક સંયુક્ત ગ્રીક શબ્દ *'હોમોલોગીયા'* છે, જેમાં *'હોમો'* એટલે "એના જેવું" અને *'લોગોસ'* એટલે "કંઇક કહેવાયેલું." માટે, "કબૂલ કરવું" એટલે "એ જ વાત કહેવી, ની સાથે સંમત થવું, સંમતિ આપવી, ગણતરીમાં લેવું, જાહેર કરવું."

"કબૂલ કરવું" એટલે "બીજી વ્યક્તિએ જે વાત કહી છે તે જ વાત કહેવી." બાઈબલ આધારિત કબૂલાત એટલે ઈશ્વરે જે કહ્યું છે તેની સાથે—તેમના વચન સાથે સહમત થવું. તે તો ઈશ્વરે જે કહ્યું છે તે જ વાત કરવી એ છે. તેમણે જે કહ્યું છે તે આપણે કહીએ છીએ. તમે ઇશ્વરના વચન વિરુદ્ધની કોઈ પોતાના મોંની વાત કહીને તેને કબૂલાત તરીકે ઓળખાવી ના શકો.

ઈસુએ પોતે કોણ છે તે વિષે જે કહ્યું તે આપણે કબૂલ કરવું જ જોઈએ. ઈસુએ પોતાના વિષે જે કહ્યું કે પોતે કોણ છે

તે વિષેની અને આપણી ઈસુ વિષેની કબૂલાત એક સહમતીમાં હોવી જ જોઈએ. ઈસુ એ ખ્રિસ્ત (મસિહા), જીવંત ઈશ્વરના પુત્ર છે. તે માર્ગ, સત્ય, તથા જીવન છે, તેમના વિના પિતાની પાસે કોઈ આવી શકતું નથી. જયારે આપણે ઈસુને માણસોની આગળ કબૂલ કરીએ છીએ, એટલે કે ઈસુએ પોતાના વિષે જે કહ્યું તે જ બાબત આપણે કહીએ છીએ, ત્યારે ઈસુ પણ સ્વર્ગમાં પિતાની આગળ આપણને કબૂલ કરશે (તેમની સાથેના સંબંધને અનુલક્ષીને આપણા વિષે જે કંઈ આપણે કહીએ છીએ તેની સાથે સંમત થશે). તો પછી તમે એ કહી શકો છો કે, "હું ઈસુના રક્તથી ધોવાયેલ, પાપથી બચાવાયેલ, ઈશ્વરના રાજ્યમાં દાખલ કરાયેલ ઈશ્વરનું બાળક છું" અને એમ ઘણું બધું ઈસુ પણ સ્વર્ગમાં પિતાની આગળ તમારા વિષે કબૂલાત કરશે.

ઈસુએ પોતાના વિષે જે કહ્યું અને ઈશ્વરનું વચન તેમના વિષે જે પ્રગટ કરે છે તે કહો. તે તારણહાર છે. તે સાજાપણું આપનાર છે. તે છૂટકારો આપનાર છે. તે શાંતિના સરદાર છે. માણસોની આગળ તેમને કબૂલ કરો. તે પિતાની આગળ તમને કબૂલ કરશે.

# 35
# શબ્દો તમારા હૃદયમાં રહેલી બાબતોને તમારા જીવનમાં પ્રવાહિત કરે છે

**માથ્થી 12:33-35**
**33 ઝાડ સારું અને તેનું ફળ સારું કરો, અથવા ઝાડ નઠારું ને તેનું ફળ પણ નઠારું કરો; કેમ કે ઝાડ ફળથી ઓળખાય છે.**
**34 ઓ સર્પોના વંશ, તમે ભૂંડા છતાં સારી વાતો તમારાથી શી રીતે કહી શકાય? કેમ કે મનના ભરપૂરપણામાંથી મોં બોલે છે.**
**35 સારું માણસ મનના સારા ભંડારમાંથી સારું કાઢે છે, ને નઠારું માણસ નઠારા ભંડારમાંથી નઠારું કાઢે છે.**

એક ઝાડ ફળથી ઓળખાય છે. એક ઝાડ ફળને પેદા કરે છે તે બાબત તે ઝાડમાં શું રહેલું છે અને તે કેવા પ્રકારનું ઝાડ છે તે પર આધાર રાખે છે. પછી, ઈસુ આ બાબતને લોકો સાથે જોડે છે. જો હૃદય ભૂંડું છે તો મોં પણ ભૂંડી વાત જ બોલશે કારણ કે, જે હૃદયમાં છે તે જ મોંના શબ્દો મારફતે બહાર આવે છે.

35મી કલમમાં આપણે એ વાત શીખીએ છીએ કે, આપણા જીવનોમાં આપણે જે (ફળ) બહાર લાવીએ છીએ, તેનો આધાર આપણી અંદર શું છે તે પર રહેલો છે. જો તમારી અંદર સારી થાપણ (સારો ભંડાર) છે, તો તમે સારું ફળ લાવશો—તમારા જીવનમાં સારી બાબતો ઉત્પન્ન કરશો.

આપણી અંદર (સારાં ભંડારમાં) જે છે તેને આપણા જીવનમાં (ફળ) નીપજાવવા શબ્દો મહત્વની ભૂમિકા ભજવે છે, કારણ કે હૃદયના ભરપૂરપણા (સારાં ભંડાર) માંથી મોં બોલે છે.

શબ્દો, આપણી અંદર જે છે તેને આપણા જીવનોમાં વહાવે છે. આપણે જે શબ્દો બોલીએ છીએ તે દ્વારા આપણા હૃદયમાં

સંગ્રહિત બાબતો આપણા જીવનોમાં વહેતી થાય છે.

સારો સંગ્રહ કરો. ખ્રિસ્તનું વચન આપણામાં પુષ્કળતાથી વસે એવું આપણને સૂચન કરવામાં આવ્યું છે (કલોસ્સીઓને પત્ર 3:16). તમારી અંદર ઈશ્વરના વચનનો સમૃદ્ધ ભંડાર ભેગો કરો. ત્યાર બાદ તમે જે શબ્દો બોલો છો તે તમારામાં રહેલ ઈશ્વરના વચનને અનુરૂપ હશે. ઈશ્વરના વચન અનુસાર બોલ્યા વગર તમારાથી રહેવાશે જ નહિ કારણ કે તે જ તમારામાં સંઘરેલું છે. તમે સારાં ફળો પણ નીપજાવશો કારણ કે તમારા હૃદયમાંથી તમારા જીવનનું ઘડતર કરનારા પરિબળો નીકળે છે (નીતિવચનો 4:22). શબ્દો, તમારા હૃદયમાં જે છે તેને તમારા જીવનમાં વહાવે છે. તેને વચનથી ભરી દો. વચન બોલો.

# 36
# તમારા શબ્દોથી તમે ન્યાયી કે અપરાધી ઠરો છો

**માથ્થી 12:36,37**
**36 વળી હું તમને કહું છું કે, માણસો જે હરેક નકામી વાત બોલશે, તે સંબંધી ન્યાયકાળે તેઓને જવાબ આપવો પડશે.**
**37 કેમ કે તારી વાતોથી તું ન્યાયી ઠરાવાશે, ને તારી વાતોથી તું અન્યાયી પણ ઠરાવાશે.**

આપણા શબ્દો કેટલા મહત્વના છે? ઈસુએ કહ્યું કે, આપણે જે નકામા શબ્દો બોલીએ છીએ તેનો પણ આપણે હિસાબ આપવો પડશે. નીતિવચનો 18:21 માં આપણે એ જોઈ ગયા કે જીભની સત્તામાં જીવન અને મરણ છે. માથ્થી 12:36,37માં, ઈસુ આપણા શબ્દોના અનંતકાળિક પરિણામો વિષે આપણને પ્રગટ કરે છે. આપણે આપણા શબ્દો વડે ન્યાયી કે અપરાધી ઠરીશું. જો શબ્દોનું આ સંસારમાં અને આ સંસારની પેલે પાર આટલું બધું મહત્વ હોય, તો આપણે આપણા શબ્દોને ગંભીરતાથી લેવા જોઈએ.

"નકામા" શબ્દનો ગ્રીક શબ્દ *'અર્ગોસ'* છે જેનો અર્થ "નિષ્ક્રિય, બેકાર, બિનલાભકારી, નકામું, મંદ, ઉજ્જડ" થાય છે. ઈસુએ કહ્યું આપણે દરેક નકામા શબ્દનો, જે મતલબ વિનાના શબ્દો આપણે બોલીએ છીએ, જે કોઈ રીતે કામમાં આવવાના નથી તેવા શબ્દોનો હિસાબ આપવો પડશે. હું નથી જાણતો કે એ કેવી રીતે બનશે, પણ ચાલો આપણે આ ચેતવણીને ગંભીરતાથી લઈએ.

નકામા શબ્દોને બદલે આપણા માટે અને આપણી

આસપાસના અન્ય લોકો માટે ઉપયોગી, ફળદાયી, લાભદાયી હોય એવા શબ્દો બોલીએ. તમારા અને અન્યોના જીવનમાં જીવન, આશીર્વાદ, શક્તિ, સામર્થ્ય વહાવે એવા શબ્દો બોલો. તમને અને તમારી આસપાસના લોકોને ન્યાયી ઠેરવે, ઉન્નત કરે, પ્રોત્સાહન આપે, ઉત્થાન કરે અને સમૃદ્ધ કરે એવા શબ્દો બોલો. વચન બોલો.

# 37
# શબ્દો બાંધવા અને છોડવા માટેના રાજ્યના અધિકારને વહેતો કરે છે

**માથ્થી 16:18,19**

**[18] અને હું પણ તને કહું છું કે તું પિતર છે, ને આ પથ્થર પર હું મારી મંડળી બાંધીશ, ને તેની વિરુદ્ધ હાદેસની સત્તાનું જોર નહિ ચાલે.**
**[19] આકાશના રાજ્યની કૂંચીઓ હું તને આપીશ, ને પૃથ્વી પર તું જે કંઈ બાંધશે, તે આકાશમાં બંધાશે; અને પૃથ્વી પર તું જે કંઈ છોડશે, તે આકાશમાં પણ છોડાશે.**

મંડળી એ, જીવંત ઈશ્વરના પુત્ર, ઈસુ ખ્રિસ્ત (મસિહા) રૂપી ખડક પર બાંધવામાં આવેલી છે. આ પિતરની મહાન કબૂલાત હતી જે પિતા તરફથી પ્રકટીકરણ દ્વારા આવી હતી. ઈસુ જે મંડળીનું નિર્માણ કરી રહ્યા છે તે એક શક્તિશાળી મંડળી છે, જેને નરકની સર્વ સત્તાઓ રોકી શકતી નથી, નિયંત્રિત કરી શકતી નથી કે તેને હરાવી શકતી નથી. પ્રભુ ઈસુએ આ મંડળીને, સ્વર્ગના રાજ્યનો—ઈશ્વરના પોતાના રાજ્યનો અધિકાર (ચાવીઓ) આપ્યો છે. આ પૃથ્વી પર મંડળી ઈશ્વરના રાજ્યને પ્રવાહિત કરવા માટે જ છે અને એને રાજ્યનો અધિકાર પ્રાપ્ત થયેલ છે.

અહીં, આ પૃથ્વીના ક્ષેત્રમાં, રાજ્યના અધિકારને કેવી રીતે વાપરવામાં આવશે? ઈસુએ કહ્યું કે આપણે “પૃથ્વી પર બાંધીશું” અને આપણે “પૃથ્વી પર છોડીશું”. “બાંધવું” શબ્દનો અર્થ “નિષેધ કરવો, પ્રતિબંધ મૂકવો, નામંજૂર કરવું અને ગેરકાયદેસર જાહેર કરવું” એવો થાય છે. “છોડવું” શબ્દનો અર્થ “નાશ કરવો, ટાળી દેવું, બંધનમુક્ત કરવું, છોડવું, મુક્ત કરવું, ઓગાળી દેવું, ફેંકી દેવું, ઉથલાવી દેવું, અને ઠેકાણે પાડી દેવું” એવો થાય છે.

કેવી રીતે આપણે બાંધીએ કે છોડીએ? આપણે ઈસુને તેમની સેવામાં આવું કરતા જોઈએ છીએ. તેમના બોલેલા શબ્દો વડે અધિકારનો ઉપયોગ કરીને તેમણે કર્યું. બહેરા મૂંગાને તેમણે કહ્યું *"ખૂલી જા"* અને તેના કાન અને જીભ છૂટા થઈ ગયા (માર્ક 7:33-35). તેમણે સ્ત્રીને કહ્યું, *"તું તારા મંદવાડથી છૂટી થઈ છે"* (લૂક 13:12). ઈસુ અધિકારના એવા શબ્દો બોલ્યા જેનાથી લોકોને છુટકારો મળ્યો અને શેતાનના કામ અટકી ગયા.

આપણે તેમના નમૂનાને અનુસરીએ છીએ. ઈસુના નામે અધિકારથી આપણે શબ્દો બોલીએ છીએ. આપણને સોંપવામાં આવેલ અધિકારથી બોલેલા શબ્દો વડે આપણે લોકોને બાંધીએ કે છોડીએ છીએ. વિશ્વાસી તરીકે તમને આપવામાં આવેલ ઈશ્વરના રાજ્યના અધિકારને ચલાવવા તમારા શબ્દનો ઉપયોગ કરો. તમારા શબ્દો બાંધવા અને છોડવા માટે રાજ્યના અધિકારને વહેતો કરે છે! અધિકારના શબ્દો બોલો.

# 38
# પહાડને કહો

**માથ્થી 17:20**
**ત્યારે તેમણે તેઓને કહ્યું કે, તમારા અવિશ્વાસને લીધે; કેમ કે હું તમને ખચીત કહું છું કે, તમને રાઈના દાણા જેટલો વિશ્વાસ હોય તો તમે આ પહાડને કહેશો કે, તું અહીંથી ત્યાં ખસી જા, ને તે ખસી જશે; અને તમને કંઈ અશક્ય થશે નહિ.**

જો આપણે સુવાર્તાઓમાં ઈસુએ આપેલ વિશ્વાસ વિષેના શિક્ષણને જોઈએ તો, આપણને એ માલૂમ પડશે કે તેમણે આપણા વિશ્વાસને બોલવા પર ઘણો ભાર મૂક્યો છે. માથ્થી 17માં, જયારે શિષ્યો અશુદ્ધ આત્માને હાંકી કાઢવા નિષ્ફળ નિવડયા અને તેમણે ઈસુને પૂછ્યું કે તેઓ શા માટે તે કાઢી શક્યા નહિ ત્યારે ઈસુએ તેમના અવિશ્વાસ કે અલ્પવિશ્વાસ તરફ નિર્દેશ કર્યો. ત્યાર બાદ તે તેઓને (અને આપણને) વિશ્વાસની શક્યતાઓ વડે આપણે શું કરી શકીએ, અને કેવી રીતે આપણા વિશ્વાસને કામે લગાડવો, તે વિષે શીખવવા લાગ્યા.

સારાંશમાં કહીએ તો, વિશ્વાસ કેવળ શેતાન અને શેતાનના કામોને ઉથલાવી જ પાડતો નથી, પણ તે ભૌતિક સંસારમાં થતા બદલાણને પણ અસર કરે છે (ઉદાહરણ તરીકે, પહાડને અહીંથી તહીં ખસેડવો). ઈસુએ કહ્યું, વિશ્વાસ વડે "તમારા માટે કંઈ પણ અશક્ય નહિ હોય." આપણા હૃદયમાં રહેલ વિશ્વાસથી આપણે કાર્યો સિદ્ધ કરી શકીએ છીએ. ઈસુએ કહ્યું કે, આપણા હૃદયમાં રહેલો વિશ્વાસ એટલો પ્રભાવશાળી છે કે, રાઈના દાણા જેટલો વિશ્વાસ પણ પહાડને ખસેડી શકે છે. વિશ્વાસને કાર્યરત કરવાનો એક માર્ગ છે: બોલવું! તમારા વિશ્વાસને બોલો. તમને જે બાબતે વિશ્વાસ છે તેનું વર્ણન કરવા માટેના શબ્દો, તમારા

હૃદયમાં રહેલ વિશ્વાસ વડે પ્રવાહિત કરો.

તેમણે એ પણ બહુ સ્પષ્ટ કર્યું કે આપણે પહાડોને કહેવું જ જોઈએ. જયારે આપણે પહાડને ખસેડવા માંગતા હોઈએ ત્યારે આપણે પહાડને કહીએ છીએ. ઘણીવાર, આપણે પહાડો વિષે બીજાઓને કહેતા હોઈએ છીએ. કેટલીકવાર, આપણે ઈશ્વરને પહાડ વિષે એવી રીતે ફરિયાદ કરતા હોઈએ છીએ કે જાણે ઈશ્વરને એ પહાડ વિષે કશી ખબર જ ના હોય. ઈસુએ સ્પષ્ટ સૂચન કર્યું કે આપણે આપણા હૃદયમાં વિશ્વાસ રાખીને પહાડને કહેવું જોઈએ. ભૂતોને કહો. બિમારીઓએ કહો. તોફાનને કહો. પરિસ્થિતિઓને કહો. તંગીને કહો. બંધ દ્વારોને કહો. ભૌતિક સંસારમાં રહેલી વસ્તુઓને કહો. તમારા વિશ્વાસ અનુસાર આદેશ આપો. તેમણે કહ્યું *"તમારા માટે કશું અશક્ય થશે નહિ."* ચાલો આપણે ઈસુએ વિશ્વાસ વિષે આપેલ સૂચનાનું પાલન કરીએ. તમારા વિશ્વાસને બોલો.

# 39
# તમારા ઈચ્છિત પરિણામને બોલો

માર્ક 5:25-34

25 અને એક સ્ત્રી હતી કે જેને બાર વરસથી લોહીવા હતો,
26 ને જેણે ઘણા વૈદોથી ઘણું સહ્યું હતું, ને પોતાનું સર્વસ્વ ખરચી નાખ્યું હતું, ને તેને કંઈ ગુણ લાગ્યો નહોતો, પણ તેથી ઊલટું તે વધતી માંદી થઈ હતી.
27 તે ઈસુ સંબંધીની વાતો સાંભળીને ભીડમાં તેમની પછવાડે આવી, ને તેમના લૂગડાને અડકી.
28 કેમ કે તેણે ધાર્યું કે, જો હું માત્ર તેમના લૂગડાંને અડકું તો હું સાજી થઈશ.
29 અને તત્કાળ તેનો રક્તસ્ત્રાવ બંધ થઇ ગયો, ને શરીરમાં તેને લાગ્યું કે હું દરદથી સાજી થઈ છું.
30 અને મારામાંથી પરાક્રમ નીકળ્યું છે એવું તેમને માલૂમ પડવાથી ઈસુએ તરત લોકની ભીડમાં પાછળ ફરીને કહ્યું કે, મારા લૂગડાને કોણ અડક્યું?
31 અને તેમના શિષ્યોએ તેમને કહ્યું, તમે જુઓ છો કે ઘણા લોક તમારા પર પડાપડી કરે છે, ને શું તમે એમ કહો છો કે મને કોણ અડકયું?
32 અને જેણે એ કામ કર્યું હતું તેને જોવા સારુ તેમણે આસપાસ નજર ફેરવી.
33 અને તેને જે થયું તે જાણીને તે સ્ત્રી બીહીને તથા ધ્રુજીને આવી, ને તેમની આગળ પડીને તેણે તેમને બધું સાચેસાચું કહી દીધું.
34 અને તેમણે તેને કહ્યું કે, દીકરી, તારા વિશ્વાસે તને બચાવી છે; શાંતિએ જા, ને તારા દરદથી સાજી થા.

આ સ્ત્રીએ શરૂઆતમાં પોતાના મનમાં વિચાર્યું હશે, “જો હું કેવળ તેમના કપડાને અડકું તો હું સાજી થઈ થઈ જઈશ”. છેવટે, તે બોલી પડી, “જો હું કેવળ તેમના કપડાને અડકું તો હું સાજી થઈ જઈશ.” તેણે જે કહ્યું તેની જાણ બીજાને આ રીતે થઈ અને આપણા માટે તેની નોંધ કરવામાં આવી. ઈસુએ આ સ્ત્રીને પ્રતિસાદ આપ્યો કે તેણીના વિશ્વાસે તેને સાજી કરી હતી. તેણીનું બોલવું અને તેણીનું કૃત્ય તેની માન્યતાને અનુરૂપ હતું. તેણીએ વિશ્વાસ કર્યો. તેણી બોલી. તેણીએ કાર્ય કર્યું.

તેણી ઇચ્છિત પરિણામની અભિવ્યક્તિ કરતા વિશ્વાસને બોલી. તેણીએ કહ્યું કે જયારે તે ઈસુના કપડાને અડકશે ત્યારે તે સાજી થઈ જશે. પ્રભુ ઈસુએ તેના વિશ્વાસની કદર કરી જે વડે સાજાપણાનો ચમત્કાર થયો.

જમાનો બદલાયો છે. તેમ છતાં, ઈશ્વરમાં વિશ્વાસનો બાઈબલનો સિદ્ધાંત હજુ પણ સારો છે. આપણા હૃદયમાં રહેલા વિશ્વાસને ઈશ્વર આજે પણ પ્રતિભાવ આપે છે. આપણે જે વિશ્વાસ કરીએ છીએ તે આપણા બોલવામાં અને કાર્ય કરવામાં વ્યક્ત થાય છે. તમારા વિશ્વાસને બોલો. જે ઈચ્છિત પરિણામ માટે તમે ઈશ્વર પર વિશ્વાસ રાખો છો તેને બોલો.

# 40
# તમે જે કહો છો તેવું થશે તેવો વિશ્વાસ કરો

**માર્ક 11:22,23**

**22 અને ઈસુ તેઓને કહે છે કે, "ઈશ્વર પર વિશ્વાસ રાખો."**
**23 કેમ કે હું તમને ખચીત કહું છું કે, જે કોઈ આ પર્વતને એમ કહે કે 'ખસેડાઈ જા, ને સમુદ્રમાં નંખા; અને પોતાના હૃદયમાં સંદેહ ન આણતા વિશ્વાસ રાખશે કે, જે હું કહું છું તે થશે; તો તે તેને વાસ્તે થશે.**

ઈશ્વર પરના વિશ્વાસને કેવી રીતે કાર્યરત કરી શકાય તે વિષે ઈસુએ આપેલ સ્પષ્ટ શિક્ષણમાંનો એક ભાગ માર્ક 11:22,23 માં જોવા મળે છે. થોડી ક્ષણો પહેલા જ અંજીરના ઝાડની સાથે વાત કરીને ઈસુએ વિશ્વાસને કાર્યરત કેવી રીતે કરાય તે પ્રદર્શિત કર્યું હતું. ઈસુની અંજીરના ઝાડ સાથેની વાતનું પરિણામ શિષ્યોએ નિહાળ્યું હતું. ત્યાર બાદ ઈસુએ તેમને એ ખુલાસો કર્યો કે તેઓ તેમનો ઈશ્વર પ્રત્યેનો વિશ્વાસ કેવી રીતે કાર્યમાં મૂકી શકે.

ઈશ્વરમાં વિશ્વાસ રાખીને પહાડને હટી જવાનો આદેશ આપતા શબ્દો બોલવાની ઈસુએ આપણને સૂચના આપી છે. તમે જે બોલી રહ્યા છો તે પર તમારા હૃદયમાં શંકા કરશો નહિ. એ વિશ્વાસ રાખો કે તમે જે કહો છો તેવું થશે અને તમારા કહ્યા અનુસાર તમને તે મળશે. આપણો વિશ્વાસ ઈશ્વરમાં છે. પણ એજ સમયે આપણે ભૌતિક જગતમાં કંઈક કરીએ છીએ. આપણે વિશ્વાસના શબ્દો બોલીએ છીએ. આપણે એવો વિશ્વાસ કરીએ છીએ કે આપણે જે બોલીએ છીએ એવું, આપણે જે ઈશ્વરમાં વિશ્વાસ રાખીએ છીએ તેમના લીધે થઈ જશે. આપણે એ વિશ્વાસ કરીએ છીએ કે આપણે ઈશ્વરના સહકર્મી છીએ. જયારે આપણે

વિશ્વાસના શબ્દો બોલીએ છીએ ત્યારે, આપણા બોલેલા શબ્દોને સાકાર કરવા, જેમનામાં આપણે વિશ્વાસ કરીએ છીએ તે ઈશ્વર આપણા વતી કાર્ય કરે છે. ઈશ્વરમાં આપણા વિશ્વાસને કારણે, આપણે એ પણ વિશ્વાસ રાખી શકીએ છીએ કે આપણે જે કહીએ છીએ તે થઈ જશે કારણકે ઈશ્વર તેવું કરવા અતિ સમર્થ છે.

ઈશ્વરમાં વિશ્વાસ રાખો. તમારા વિશ્વાસને બોલો. વિશ્વાસ કરો કે તમે જે બોલો છો તે થઇ જશે કારણ કે ઈશ્વર તેવું કરે છે. તમે જે કહો છો તેવું થશે તેવો વિશ્વાસ કરો.

# 41
# પ્રાર્થનામાં વિશ્વાસના શબ્દો બોલો

**માર્ક 11:22-24**

**22 અને ઈસુ તેઓને કહે છે કે, ઈશ્વર પર વિશ્વાસ રાખો.**

**23 કેમ કે હું તમને ખચીત કહું છું કે, જે કોઈ આ પર્વતને એમ કહે કે ખસેડાઈ જા, ને સમુદ્રમાં નંખા; અને પોતાના હૃદયમાં સંદેહ ન આણતા વિશ્વાસ રાખશે કે જે હું કહું છું તે થશે; તો તે તેને વાસ્તે થશે.**

**24 એ માટે હું તમને કહું છું કે, પ્રાર્થના કરતાં જે સર્વ તમે માંગો છો, તે અમે પામ્યા છીએ, એવો વિશ્વાસ રાખો, તો તે તમને મળશે.**

ઈસુએ જે શાસ્ત્રભાગમાં આપણને ઈશ્વરમાં વિશ્વાસને કેવી રીતે કાર્યરત કરવો તે શીખવ્યું, તે જ શાસ્ત્રભાગમાં ઈસુ પ્રાર્થના વિષે શીખવવાનું ચાલુ રાખે છે. *"તે માટે હું તમને કહું છું કે પ્રાર્થના કરતાં તમે જે કંઈ માંગો..." "તે માટે હું તમને કહું છું"* એટલે "આ કારણે, હું તમને કહું છું..." અથવા "એટલા માટે આ હું તમને કહું છું...." માર્ક 11:24 માં ઈસુએ આપેલ પ્રાર્થના માટેનું વચન અને પ્રાર્થના કરવાની પદ્ધતિ, માર્ક 11:22,23 માં તેમણે આપણને જે શીખવ્યું તેની સાથે જોડાયેલ છે.

ઈસુએ કહ્યું, જયારે તમે પ્રાર્થના કરો ત્યારે, તમે જે પણ માંગો, તે તમને મળી ગયું છે એવો વિશ્વાસ કરો, અને તે તમને મળશે. જયારે આપણે તેમની ઈચ્છા પ્રમાણે માંગ્યું છે, તો આપણે એ પણ જાણીએ છીએ કે આપણે જે માંગ્યું છે તે પિતા તરફથી આપણને પ્રાપ્ત થઇ ગયું છે (યોહાનનો પહેલો પત્ર 5:14,15). માટે આપણે એવો વિશ્વાસ કરીએ છીએ કે જે સમયે આપણે પ્રાર્થના કરી તે જ સમયે આપણને મળી ગયું છે. તે સંપૂર્ણ કરવામાં આવેલી બાબત છે. તે આત્મામાં કરી દેવામાં આવ્યું છે. હવે આપણે તેમણે આપણને માર્ક 11:23 માં જે શીખવ્યું

તેને કાર્યમાં મૂકીએ છીએ. આપણે જરૂરીયાતને, પરિસ્થિતિને, સમસ્યાને, પહાડને, કહીએ છીએ અને પ્રાર્થનામાં આપણે જે મેળવ્યું છે તેની ઘોષણા કરીએ છીએ. આપણે પહાડ હટી ગયો હોવાની ઘોષણા કરીએ છીએ. ઈશ્વરમાં આપણે આપણો વિશ્વાસ, આપણે જયારે પ્રાર્થના કરી ત્યારે આપણને મળી ગયું છે તે વિશ્વાસ કરીને અને આપણે જે વિશ્વાસ કર્યો છે તે આપણને મળી ગયું છે તેવી ઘોષણા કરીને પરિસ્થિતિ સાથે વાત કરવા દ્વારા આપણે પ્રગટ કરીએ છીએ. પ્રાર્થનામાં વિશ્વાસના શબ્દો બોલો. પ્રાર્થનામાં ઈશ્વર પ્રત્યેના વિશ્વાસના શબ્દો અને જે પરિસ્થિતિ વિષે તમે પ્રાર્થના કરી તે પ્રત્યે વિશ્વાસના શબ્દોનો સમાવેશ થાય છે.

# 42
# તેમના વચન સાથે સંમત થાઓ

**લૂક 1:37,38,45**
**37 કેમ કે ઈશ્વર પાસેથી [આવેલું] કોઈ પણ વચન પરાક્રમ વગરનું નહિ થશે.**
**38 મરિયમે તેને કહ્યું કે, જો, હું પ્રભુની દાસી છું; તારા કહ્યા પ્રમાણે મને થાઓ. ત્યારે દૂત તેની પાસેથી ગયો.**
**45 જેણે વિશ્વાસ કર્યો તેને ધન્ય છે, કેમ કે પ્રભુ તરફથી જે વાતો તેને કહેવામાં આવી છે તેઓ પૂરી થશે.**

**લુક 1:37 (અંગ્રેજી રિવાઇઝડ આવૃત્તિ 1885 માંથી ભાષાંતર અનુસાર)**
**ઈશ્વરનાં વચન પરાક્રમ વગરના રહેશે નહિ**

જે દૂત મરિયમ માટે તેણી પવિત્ર આત્માના સામર્થ્ય દ્વારા ગર્ભવતી થશે તેવો સંદેશ લાવ્યો, તેણે સંદેશાનો અંત *"ઈશ્વર માટે કશું જ અશક્ય થશે નહિ"* એમ કહીને કર્યો. "કશુ જ નહિ" શબ્દ ત્રણ સંયુક્ત ગ્રીક શબ્દો *'પાસ'* (બધું, દરેક), *'રહેમા'* (શબ્દ, ઉચ્ચારણ), અને *'ઓઉ'* (નહિ) નો બનેલ છે. માટે નવી સુધારેલી આવૃત્તિ પ્રમાણે 37મી કલમ આ રીતે વંચાય, પરિપૂર્ણ થવા માટે *"ઈશ્વર પાસેથી આવેલું કોઈ વચન પરાક્રમ વગરનું હશે નહિ".* ઈશ્વર તરફથી આવેલ પ્રત્યેક શબ્દ સામર્થ્યથી ભરપૂર હોય છે અને તે પરિપૂર્ણ થશે જ.

ઈશ્વર બોલ્યા. દૂતે તેને પ્રમાણિત કર્યું. મરિયમે ઈશ્વર તરફથી આવેલ વચન સાથે સંમત થઈને તે પ્રતિ પોતાનો પ્રતિસાદ આપ્યો. તેણીએ કહ્યું, *"તારા વચન પ્રમાણે મારી સાથે થાઓ."* વચન સાથે તેણીની સંમતિનો અર્થ એ થાય કે તેણીએ તે જ ઘડીથી તેના પર બોલાયેલા શબ્દોને અનુરૂપ સઘળી બાબતો કરવાનું શરૂ કરી દીધું. પછીથી, પવિત્ર આત્માએ એલિસાબેત દ્વારા મરિયમને એ બાબતની પુષ્ટિ કરીને ઉત્તેજન

આપ્યું કે તેણીએ વિશ્વાસ કર્યો તે કારણે તેના પર બોલવામાં આવેલા વચનો પૂરા થતા તે જોશે.

લેખિત શાસ્ત્રમાં આપણે જે પણ વચન વાંચીએ છીએ તે પૂર્ણ થવાનું પૂરેપૂરું સામર્થ્ય ધરાવે છે. શાસ્ત્રમાં આપણને આપવામાં આવેલ પ્રત્યેક વચન સામર્થ્યથી ભરપૂર છે અને તે પરિપૂર્ણ થશે. તેમના વચન પર વિશ્વાસ કરવો એટલે આપણે તેમના વચન સાથે સંમત થઈએ છીએ. મરિયમની જેમ આપણે પણ સંમત થઈને કહીએ છીએ, *"તમારા વચન પ્રમાણે મને થાઓ"* (લૂક 1:38). તેમના વચન સાથેની આપણી સંમતિમાં આપણે કેવું વિચારીએ, બોલીએ અને કાર્ય કરીએ છીએ તેનો સમાવેશ થાય છે, વચનની વિરુદ્ધની વાતો બોલીને આપણે એવું નથી કહી શકતા કે આપણે તેમના વચન સાથે સંમત છીએ. જો આપણે ઈશ્વર અને તેમના વચન સાથે સંમત છીએ તો આપણા શબ્દો પણ તેમના વચન સાથે સંમત થવા જ જોઈએ. જયારે આપણે, તેમના વચન સાથે સંમત થઈને, વિશ્વાસને બોલીએ છીએ ત્યારે, ઈશ્વર તરફથી આપણને કહેવામાં આવેલ બાબતો બનશે.

# 43
# બિમારીઓને ચાલ્યા જવાની આજ્ઞા કરો

**લૂક 4:38,39**
**38 સભાસ્થાનમાંથી નીકળીને તે સિમોનને ઘેર ગયા. સિમોનની સાસુને**
**સખત તાવ આવતો હતો, ને તેના હકમાં તેઓએ તેમને વિનંતી કરી.**
**39 તેમણે તેની પાસે ઊભા રહીને તાવને ધમકાવ્યો, એટલે તેનો તાવ ઊતરી**
**ગયો; અને તરત ઊઠીને તે તેઓની સરભરા કરવા લાગી.**

જીવનમાં અને સેવામાં આપણે પ્રભુ ઈસુને અનુસરીએ છીએ. કેવી રીતે ઈસુએ લોકો મધ્યે તેઓના રોગો અને બિમારીઓથી સાજા કરવાની સેવા કરી? ઈસુએ, પિતા બિમારીઓ અને રોગોને દૂર કરે માટે તેમને વિનંતી કરી હોય એવું ખરેખર આપણે ક્યાંય જોતા નથી. હા, ઈસુએ પિતા સાથે વાર્તાલાપ કરવા માટે પ્રાર્થનામાં ઘણો સમય વિતાવ્યો. પરંતુ, બિમારીઓ અને રોગોની સાથે કામ કરતી વેળાએ, ઈસુએ અધિકારથી બિમારીઓને બોલ્યા અને તેને દૂર થઈ જવાની આજ્ઞા કરી. લૂક 4:38,39 માં આવો જ દાખલો જોવા મળે છે. ઈસુએ તાવને ધમકાવ્યો. ઈસુએ તાવની સાથે વાત કરી અને તેને દૂર થવાની આજ્ઞા કરી અને તે તરત દૂર થઈ ગયો.

ઇસુ હંમેશા સાચા હોય છે. તે અનંતકાળિક શબ્દ છે. જો અત્યાર સુધી આપણી ઈશ્વરવિદ્યા ઈસુએ કર્યું તેમ બિમારીઓ અને રોગોને સંબોધવાની બાબતનો સમાવેશ કરતી નથી, તો પછી આપણી ઈશ્વરવિદ્યાને બદલવાની અને ઈસુએ જે કહ્યું અને કર્યું તેને અનુસારની બનાવવાની જરૂર છે.

તમારે અને મારે ઈસુએ કર્યા તેવા વળી તેના કરતાં પણ મહાન કામો કરવાના છે (યોહાન 14:12). અને જરૂર, તેમણે જે

રીતે કામો કર્યા તે રીતે જ કરવાના છે. ઈસુએ બિમારીઓ અને રોગો સાથે વાત કરી અને તેઓને દૂર થઈ જવાની આજ્ઞા કરી. તેથી, તમારે અને મારે આવી જ રીતે બોલવાનું છે. આપણે બિમારીઓને દૂર થઈ જવાની આજ્ઞા કરીએ છીએ. આ બાબત આપણે આપણા પોતાના શરીરો માટે અને જેમની મધ્યે આપણે સેવા આપીએ છીએ એવા લોકોના શરીરો માટે કરી શકીએ છીએ. ઈસુને અનુસરો. તેમણે જે કર્યું તે કરો. તમારા શબ્દો તેમણે તમને જે અધિકાર આપ્યો છે તેની અભિવ્યક્તિ છે. બિમારીઓને દૂર થવાની આજ્ઞા કરો. તમારા વિશ્વાસને બોલો.

# 44
# તોફાનને કહો

લૂક 8:22-25
22 એ અરસામાં એક દહાડો તે પોતાના શિષ્યોની સાથે હોડી પર ચઢ્યાં; ત્યારે તેમણે તેઓને કહ્યું કે, આપણે સરોવરને પેલે પાર જઈએ; અને તેઓ નીકળ્યા.
23 તેઓ હંકારતા હતા એટલામાં તે ઊંઘી ગયા; સરોવર પર પવનનું તોફાન થયું; જેથી હોડીમાં પાણી ભરાઈ જવા લાગ્યું, અને તેઓ જોખમમાં આવી પડયા.
24 તેઓએ તેમની પાસે આવીને તેમને જગાડીને કહ્યું કે, "હે સ્વામી, સ્વામી, અમારો નાશ થાય છે." પછી તેમણે ઊઠીને પવનને તથા પાણીના મોજાંને ધમકાવ્યા, એટલે તેઓ બંધ પડયા, ને શાંતિ થઈ.
25 તેમણે તેઓને પૂછ્યું કે, તમારો વિશ્વાસ ક્યાં છે? તેઓ બીને અચરત થયા, ને માંહોમાંહે કહ્યું કે, આ તે કોણ છે કે પવનને તથા પાણીને પણ આજ્ઞા કરે છે, ને તેઓ તેમનું માને છે?

ઈસુએ પવન અને પાણી સાથે વાત કરી અને તેઓને શાંત થવાની આજ્ઞા કરી અને તેઓએ તેમની વાત માની. ઈસુએ પોતાના શિષ્યોની તરફ ફરીને સવાલ પૂછ્યો "તમારો વિશ્વાસ ક્યાં છે?" એ દ્વારા ઇસુ એવું કહેવા માંગતા હતા કે તેઓ પોતાના વિશ્વાસ વડે આ પરિસ્થતિનો સામનો કરી શક્યા હોત. ઈસુએ જે કર્યું તે તેઓ પોતાના વિશ્વાસથી કરી શક્યા હોત. ઈસુએ પોતાનો નમૂનો આપીને આપણને જીવવાનો અને પિતા સાથે ચાલવાનો માર્ગ બતાવ્યો.

પ્રભુ ઇસુ, પવિત્ર આત્માના અભિષેક હેઠળ ચાલવાનો અને સેવા કરવાનો આપણો નમૂનો છે. વિશ્વાસ શું કરી શકે તે માટેનો પણ તે નમૂનો છે. તેમણે અમૂર્ત વસ્તુઓ જેવી કે અંજીરનું ઝાડ, બિમારી, રોગ, પવન અને મોજાંઓ સાથે વાત

કરી. તેમણે તેઓને આધીન થવાની આજ્ઞા કરી અને તે આધીન થયા. શું આપણે, ઈસુએ જે કર્યું તેનું અનુસરણ કરવું જોઈએ? ચોક્કસપણે!

ફરી વાર જયારે તમે તોફાનનો સામનો કરો ત્યારે—પછી તે ખરેખરના પવન કે મોજાં હોય કે પછી જીવનની પરિસ્થિતિમાં અન્ય કોઈ "તોફાન" હોય, ઇસુ જે કરે તે તમે કરો. તોફાનની સાથે વાત કરો. તેને શાંત થવાની આજ્ઞા કરો. અશાંતિને પાછા હટવાની, મટી જવાની, સ્થિર થવાની આજ્ઞા કરો. મૂંઝવણ, દ્વેષભાવ, કુથલી, કુસંપ, તકરાર, જે કંઇ યોગ્ય નથી તે સર્વ બાબતોને આજ્ઞા કરો—બંધ થવાની આજ્ઞા કરો.

# 45
# લોકો બંધનોમાંથી છૂટકારો પામ્યા છે તે જાહેર કરો

**લૂક 13:10-16**

**10 વિશ્રામવારે તે એક સભાસ્થાનમાં બોધ કરતા હતા.**

**11 જુઓ, જેને અઢાર વરસથી મંદવાડનો આત્મા વળગેલો હતો એવી એક સ્ત્રી ત્યાં હતી; તે કૂબડી હતી; અને કોઈ પણ રીતે સીધી ઊભી થઈ શકતી નહિ.**

**12 તેને જોઇને ઈસુએ તેને બોલાવીને કહ્યું કે, "બાઈ, તારા મંદવાડથી તું છૂટી થઈ છે."**

**13 તેમણે તેમના હાથ મૂક્યા કે તરત તે ટટાર થઈ, અને ઈશ્વરની સ્તુતિ કરી.**

**14 વિશ્રામવારે ઈસુએ તેને સાજી કરી, માટે સભાસ્થાનના અધિકારીએ ગુસ્સે થઈને લોકોને કહ્યું કે, "છ દહાડા છે જેમાં લોકોએ કામ કરવું જોઈએ; એ માટે તે [દિવસો] એ તમે આવીને સાજા થાઓ, પણ વિશ્રામવારે નહિ."**

**15 પણ પ્રભુએ તેને ઉત્તર આપ્યો કે, "ઓ ઢોંગીઓ, તમારામાંનો હરેક પોતપોતાના બળદને તથા ગધેડાને કોઢમાંથી છોડીને વિશ્રામવારે પાવા સારુ લઈ જતો નથી શું?**

**16 આ સ્ત્રી જે ઈબ્રાહિમની દીકરી છે, અને જેને શેતાને અઢાર વરસથી બાંધી રાખી હતી, તેને વિશ્રામવારે બંધનમાંથી છોડાવી જોઈતી નહોતી શું"?**

આ શાસ્ત્રભાગમાં ઉલ્લેખ કરાયેલી સ્ત્રીને અઢાર વરસથી પીઠની સમસ્યા હતી. તે વાંકી વળી ગયેલી હતી અને સીધી થઈ શકતી નહોતી. શેતાને તેણીને બાંધી રાખી હતી અને તેણીને બંદી બનાવી દીધી હતી. આ કિસ્સામાં મંદવાડના આત્માએ સમસ્યા પેદા કરી હતી. ઈસુએ તેણીની કેવી રીતે સેવા કરી? તે શબ્દો બોલ્યા અને તેણીને અડક્યા. તેમણે કહ્યું, *"સ્ત્રી, તું તારા મંદવાડથી મુકત થઇ છે."* મંદવાડના આત્મા મારફતે શેતાને અઢાર વરસથી તેણીને જે કંઈ કર્યું હતું તેને તેમના અધિકારના શબ્દોએ ક્ષણભરમાં દૂર કરી દીધું.

આપણને, ઇસુમાં, વિશ્વાસીઓ તરીકે સાંપો અને વીંછીઓને કચડવાનો અને શત્રુની સઘળી સત્તા પર અધિકાર આપવામાં આવ્યો છે (લૂક 10:19). તમારા અને મારા જેવા વિશ્વાસીઓથી બનેલ તેમનું શરીર કે જે મંડળી છે તેના દ્વારા ઈસુના અધિકારનો ઉપયોગ કરવામાં આવે છે. આપણે જે શબ્દો બોલીએ છીએ તે દ્વારા અધિકારને વાપરવામાં આવે છે. અધિકાર સાથે, આપણે બંધનમાં પડેલ લોકોને છૂટકારો જાહેર કરીએ છીએ. જેઓ વ્યસનોના બંધાણી છે તેઓને આપણે ઘોષણા કરીએ છીએ, "ઈસુના નામમાં, તમારા વ્યસનમાંથી મુક્ત થાઓ." બીકના બંધનમાં રહેલાને આપણે ઘોષણા કરીએ છીએ, "ઈસુના નામમાં, આ હેરાન કરનાર બીકમાંથી મુક્ત થાઓ. આ જ રીતે, બીજા પ્રકારના બંધનોમાંથી લોકોને આપણે છોડાવીએ છીએ. અધિકારના શબ્દો બોલો. લોકોને બંધનમાંથી છૂટકારાની ઘોષણા કરો."

# 46
# અભિષિક્ત શબ્દોમાં આત્માનું જીવન સમાયેલું છે

**યોહાન 6:63**
**જે જિવાડે છે તે આત્મા છે; માંસથી કંઈ લાભ થતો નથી. જે વાતો મેં તમને કહી છે, તે આત્મા તથા જીવન છે.**

**યોહાન 6:63 (ગુડ ન્યુઝ ટ્રાન્સલેશન)**
**જે જીવન આપે છે તે ઈશ્વરનો આત્મા છે; મનુષ્ય શક્તિ કોઈ વિસાતમાં નથી. જે શબ્દો મેં તમને કહ્યા છે તેઓ ઈશ્વરના જીવન દાયક આત્માને લઈને આવે છે.**

ઈસુએ પોતાના શિષ્યો સાથે તેમનામાં જોડાઈ રહેવા, તેમનું માંસ ખાવા અને તેમનું લોહી પીવા વિષે વાત કરવાનું પૂરું જ કર્યું હતું. ત્યારબાદ તેઓને એ સમજાવવા લાગ્યા કે તેમણે કહેલી બાબતો શાબ્દિક રીત પ્રમાણેની, ભૌતિક બાબતો નહોતી, તેમણે એ સ્પષ્ટતા કરી કે એ તો આત્મા છે જે જીવન (ઈશ્વરીય પ્રકારનું જીવન) આપે છે. દેહ (ભૌતિક) તે કરી શકતું નથી. પછી તેમણે તેમના શબ્દો તરફ ઈશારો કર્યો. તે જે શબ્દો બોલ્યા તે આત્મા, આત્મિક કે આત્મા તરફના હતા અને તેમના શબ્દો જ તેમનામાં ઈશ્વરના આત્માનું જીવન લાવે છે. ઈસુ આત્મા દ્વારા અભિષિક્ત હતા. જયારે તે બોલતા ત્યારે તેમના શબ્દો તેમના શ્રોતાઓને આત્માનું જીવન પ્રદાન કરતા.

આપણે પવિત્ર આત્મા વડે અભિષિક્ત થયેલા છીએ (કરિંથીઓને બીજો પત્ર 1:21). આપણી મારફતે કાર્ય કરતા તેમના અભિષેક વડે, ઈશ્વર આપણા બોલેલા શબ્દોનો, તેમના આત્માનું જીવન વહન કરનાર સાધન તરીકે ઉપયોગ કરે છે. તેથી, જયારે આપણે અભિષેક હેઠળ બોલીએ છીએ ત્યારે, કે

પછી આત્મા દ્વારા પ્રેરિત શબ્દો બોલીએ છીએ ત્યારે, તે શબ્દો મારફતે અલૌકિક બાબતો બને છે. તે શબ્દો લોકોને ઈશ્વરીય જીવન પ્રદાન કરે છે. તે શબ્દો જે તે પરિસ્થિતિઓ કે સંજોગોમાં ઈશ્વરના સામર્થ્યને વહેતું કરે છે. એ શબ્દો, ઈશ્વર આપણા જગતમાં જે બાબતો પ્રવાહિત કરવાની ઈચ્છા રાખે છે, તેનું વહન કરનાર સાધન છે. અભિષિક્ત શબ્દો આત્માનું જીવન ધરાવે છે તે સભાનતા સાથે જે રીતે આત્મા તમને દોરે એ રીતે હિંમતથી બોલો.

# 47
# વિશ્વાસથી આજ્ઞા કરો

**યોહાન 11:40-43**

**40 ઈસુ તેને કહે છે કે, "જો તું વિશ્વાસ કરશે, તો તું દેવનો મહિમા જોશે, એવું મેં તને નથી કહ્યું?"**

**41 ત્યારે તેઓએ પથ્થર ખસેડયો. અને ઈસુએ આંખો ઊંચી કરીને કહ્યું કે, "હે પિતા, તમે મારું સાંભળ્યું છે, માટે હું તમારો આભાર માનું છું.**

**42 અને તમે નિત્ય મારું સાંભળો છો, એ હું જાણતો હતો; પણ જે લોક આસપાસ ઊભા રહેલા છે, તેઓ વિશ્વાસ કરે કે, તમે મને મોકલ્યો છે, માટે તેઓને લીધે મેં એ કહ્યું."**

**43 એમ બોલ્યા પછી તેમણે ઊંચે સ્વરે પોકાર્યું કે, "લાજરસ, બહાર આવ."**

ચાર દિવસથી મરણ પામેલ લાજરસની કબર આગળ ઊભા રહીને, ઈસુએ માર્થાને એ ખાતરી આપી કે, જો તે વિશ્વાસ કરશે તો તે ઈશ્વરનો મહિમા જોશે. પિતાએ અગાઉથી જ તેમની પ્રાર્થના સાંભળી હતી તે માટે પણ તેમણે પિતાનો આભાર માન્યો. અને પછી ઇસુ આદેશના શબ્દો બોલ્યા, *"લાજરસ, બહાર આવ!"*

ઈસુએ પિતાને પ્રાર્થના કરી હતી. તે જાણતા હતા કે તેમની અરજ માન્ય કરવામાં આવી છે. પણ ભૌતિક જગતમાં અપેક્ષિત પરિણામ પ્રાપ્ત કરવા આદેશના શબ્દો પણ તે બોલ્યા. જો આપણે એ વિશ્વાસ કરીએ છીએ કે આપણે ઈશ્વરના મહિમાને, ઈશ્વરના પરાક્રમી કામોને આપણી આંખો આગળ બનતા જોઈશું. તો ઈસુની જેમ, આપણે વિશ્વાસથી પ્રાર્થના કરીએ. અને ઈસુની જેમ આપણે વિશ્વાસથી આદેશના શબ્દો બોલવા પડશે.

કઈ બાબતોને માટે તમે ઈશ્વર પર વિશ્વાસ કરો છો? કેટલીક વાર, જે બાબતમાં ઈશ્વર કાર્ય કરે એવી આપણે અપેક્ષા

રાખતા હોઈએ, તે મરેલા લાજરસની જેમ કબરમાં પડેલી હોય એવું બને. સમય વીતી રહ્યો છે. ઘણું મોડું થઈ ગયું છે એવું લાગતું હોય. પણ ઈશ્વરનું વચન સ્પષ્ટ છે. જો આપણે વિશ્વાસ કરીએ તો આપણે ઈશ્વરના પરાક્રમી કામો જોઈશું. આપણે વિશ્વાસપૂર્ણ પ્રાર્થનાઓ કરવી જોઈએ. અને આપણે વિશ્વાસથી આદેશ પણ કરવો જોઈએ. હિંમતથી તમારા વિશ્વાસને બોલો. તમારા “લાજરસ” ને બહાર આવવાનો આદેશ આપો!

# 48
# શબ્દો તમને તમારો વારસો મેળવી આપે છે

**પ્રેરિતોના કૃત્યો 20:32**
**"હવે, હું તમને ઈશ્વરને તથા તેમની કૃપાના વચનને સોંપું છું, તે તમારી [આત્મિક] ઉન્નતિ કરવાને તથા સર્વ પવિત્ર થયેલાઓમાં તમને વારસો આપવાને સમર્થ છે."**

પ્રેરિત પાઉલ સ્પષ્ટ રીતે જણાવે છે કે, ઈશ્વરનું વચન આપણી આત્મિક ઉન્નતિ કરે છે અને જેઓ ઈસુ ખ્રિસ્તમાં પવિત્ર થયેલા છે તેઓમાં વારસો મેળવી લેવાને (તેમાં ચાલવા) આપણને સક્ષમ બનાવે છે. ચોક્કસપણે, આપણે બધા જ આપણા વારસામાં ચાલવાની ઈચ્છા રાખીએ છીએ. તેમના ઉદ્ધાર પામેલા દીકરા દીકરીઓ તરીકે, જીવનના દરેક ક્ષેત્રમાં, ઈશ્વરે આપણા માટે ઉપલબ્ધ કરેલ તમામ બાબતોનો આનંદ ઉઠાવવાની ઈચ્છા આપણે રાખીએ છીએ. પણ આપણે ઇરાદાપૂર્વક ઈશ્વરના વચન સાથે આત્મિક મનુષ્યત્વમાં ઉન્નતિ પ્રાપ્ત કરવા માટે સંકળાવાનું છે, જેથી કરીને ઈશ્વરે આપણા માટે કરેલ જોગવાઈઓ અને રાખી મૂકેલ વિશેષાધિકારમાં ચાલી શકીએ.

ઈશ્વરના વચન સાથે સંકળાવા માટેના અમુક માર્ગો છે. આપણે તેમના વચનને વાંચવાનું, તેમના વચનના પ્રકટીકરણને પ્રાપ્ત કરવાનું, તેમના વચન પર મનન કરવાનું, તેમના વચનને આપણામાં વાસો કરવા દેવાનું અને તેમના વચનને આધીન થવાનું છે. રોમનોને પત્ર 10:17 પ્રમાણે તેમનું વચન આપણામાં વિશ્વાસ પેદા કરે છે. અને જે પ્રમાણે આપણે આ આખા પુસ્તકમાં જોઈ રહ્યા છીએ તે પ્રમાણે, ઈશ્વરના વચન

પરના આપણા વિશ્વાસને આપણે બોલવાનો છે. આવું કરવા દ્વારા આપણે ઈશ્વરના વચન સાથે સંકળાઈએ છીએ. આપણા જીવનો પર ઈશ્વરના વચનને બોલવું એ આપણા વારસામાં ચાલવા માટેની એક ચાવી છે. ચોક્કસપણે, આપણે આ અર્થહીન ઉચ્ચારણ કે ખાલી વિધિ તરીકે કરતાં નથી. આપણે ઈશ્વરમાં અને તેમના વચન પરના વિશ્વાસ વડે શબ્દો બોલીએ છીએ. અને જેમ જેમ આપણે આ પ્રમાણે કરતા રહીએ છીએ તેમ તેમ તેમના વચન વડે આપણી ઉન્નતિ થાય છે અને આપણે આપણા વારસામાં ચાલીએ છીએ. ઈશ્વર અને તેમના વચન પરના વિશ્વાસને બોલો.

# 49
# જે મને કહેવામાં આવ્યું છે તેવું જ થશે તેવો હું વિશ્વાસ કરું છું

**પ્રેરિતોના કૃત્યો 27:23-25**
**23 કેમ કે જે ઈશ્વરનો હું છું, અને જેમની સેવા હું કરું છું તેમના દૂતે આજ રાત્રે**
**મારી પાસે ઊભા રહીને કહ્યું કે,**
**24 "પાઉલ, બી મા; કૈસરની રૂબરૂ તારે ઊભા રહેવું પડશે; અને જો, તારી**
**સાથે સફર કરનારા સર્વને ઈશ્વરે તારી ખાતર બચાવ્યા છે.**
**25 માટે, ભાઈઓ, હિંમત રાખો; કેમ કે ઈશ્વર પર મને ભરોસો છે કે જેમ મને**
**કહેવામાં આવ્યું છે તેમ જ થશે."**

એક દૂત ઈશ્વર તરફથી પાઉલ માટે સંદેશ લાવ્યો હતો. અને પાઉલે ઈશ્વર પરના તેના વિશ્વાસની હિંમતથી ઘોષણા કરતાં કહ્યું કે દૂત મારફતે તેને જે કહેવામાં આવ્યું હતું એ જ પ્રમાણે થશે.

આપણી પાસે ઈશ્વરનું વચન, પવિત્રશાસ્ત્ર, લિખિત સ્વરૂપમાં છે, જે દૂતોના શબ્દ કરતા પણ વધુ ખાતરીપૂર્વકનું છે. ઈશ્વરે તેમના લિખિત વચનમાં આપણને જે કહ્યું છે, ઈસુમાં આપણા માટે તેમણે સિદ્ધ કરેલી બાબતો વિષે તે જે બોલ્યા છે, અહીં આ જીવનમાં આપણા માટે જે કરવાનું વચન તેમણે આપણને આપ્યું છે, તેને લઈને, તેમણે બોલેલી બાબતો પરના આપણા વિશ્વાસની ઘોષણા આપણે કરી શકીએ છીએ. ઈશ્વરે તેમના પવિત્ર વચનમાં જે બાબત નોંધી છે, તે જ પ્રમાણે થશે તેવો તમે વિશ્વાસ કરો છો એવી હિંમતપૂર્વક ઘોષણા કરો. તમારા વર્તમાન અને ભવિષ્યની સર્વ બાબતો ઈશ્વર જે બોલ્યા છે તે અનુરૂપ થઈ જશે.

અને પછી, એવા પણ સમયો હોય છે જેમાં ઈશ્વર, તેમના

પવિત્ર આત્મા વડે કાં તો આત્માની આંતરિક સાક્ષી મારફતે, ભવિષ્યવાણી મારફતે, સ્વપ્નો અને દર્શનો વગેરે મારફતે આપણી સાથે વાત કરે છે. એક વાર આપણે એ પારખી લઈએ અને એની ખાતરી કરી લઈએ કે પવિત્ર આત્મા ચોક્કસ વચન આપણને બોલ્યા છે, ત્યારબાદ આપણે હિંમતપૂર્વક એ ઘોષણા કરી શકીએ. આપણને જે કહેવામાં આવ્યું છે એવું જ થશે એવો આપણે વિશ્વાસ કરીએ છીએ.

હિંમતપૂર્વક ઘોષણા કરો, “હું ઈશ્વરમાં વિશ્વાસ કરું છું.”

હું એ વિશ્વાસ કરું છું કે ઈશ્વરે મારા સંબંધી તેમના વચનમાં જે કંઈ નોંધ્યું છે તે જ પ્રમાણે થશે.

# 50
# અસ્તિત્વમાં ના હોય તેવી વસ્તુઓ જાણે કે હોય તે રીતે તેમને સંબોધો

**રોમનોને પત્ર 4:17**
**ઈશ્વર જે મૂએલાને સજીવન કરનાર છે, અને જે નથી તે જાણે કે હોય એવું પ્રગટ કરનાર છે, અને જેમના પર ઈબ્રાહિમે વિશ્વાસ કર્યો, તેમની આગળ તે આપણા સર્વનો પૂર્વજ છે (જેમ લખેલું છે કે, "મેં તને ઘણી પ્રજાઓનો પૂર્વજ બનાવ્યો છે" તેમ.)**

પ્રેરિત પાઉલ, પવિત્ર આત્મા દ્વારા, ઈબ્રાહિમ વિશ્વાસમાં કેવી રીતે ચાલ્યો તેની અંતર્દ્રષ્ટિ પ્રગટ કરે છે. પૃથ્વી પર ઈશ્વરની યોજનાને ખુલ્લી મૂકવા, ઈબ્રાહિમે વિશ્વાસ મારફતે ઈશ્વર સાથે ભાગીદારી કરી. ઈબ્રાહિમે જે ઈશ્વર પર વિશ્વાસ કર્યો અને જેમની ભાગીદારી કરી, એ મરેલાને જીવન આપનાર, અને અસ્તિત્વમાં ના હોય તેવી વસ્તુઓને અસ્તિત્વમાં લાવનાર ઈશ્વર છે. ઈબ્રાહિમે એ વિશ્વાસ કરવો પડયો કે, જે મરેલું લાગતું હતું તે જીવતું કરાશે, ખાસ કરીને, તેઓના વૃદ્ધ શરીરો અને સારાનું બિનઉપજાઉ ગર્ભસ્થાન. અને ઈબ્રાહિમે, અસ્તિત્વમાં ના હોય તે વસ્તુ જાણે કે અસ્તિત્વમાં હોય તે રીતે તેને સંબોધવાનું શીખવું પડયું. પહેલા આ ઈશ્વરે કર્યું. વળી ઈબ્રાહિમને કોઈ સંતાન નહોતું ત્યારે પણ તેના પર વચન બોલીને ઈશ્વરે ઈબ્રાહિમને કહ્યું કે તેમણે ઈબ્રાહિમને મહાન જાતિનો પિતા બનાવ્યો હતો. અને ત્યારબાદ, તેમના જીવનમાં જે અસ્તિત્વમાં ન હતું તેને જાણે કે હોય તે રીતે સંબોધવા દ્વારા, ઈશ્વરે અબ્રામ અને સારાઈ નામ બદલીને ઇબ્રાહિમ અને સારા નામ પાડયું.

વિશ્વાસ એક બાનાખત, જે વસ્તુની આશા અને ઈચ્છા રાખી હોય તેના માલિકીપણાની સાબિતી છે. વિશ્વાસ એ નજરે નહિ

જોયેલી, કુદરતી ઇન્દ્રિયોને પ્રગટ નહિ કરાયેલી બાબતોની દ્રઢ પ્રતીતિ અને આત્મવિશ્વાસપૂર્વકની ખાતરી છે. આ પ્રકારનો વિશ્વાસ, જયારે બોલે છે ત્યારે, વસ્તુઓને ભૌતિક જગતમાં હોય તે રીતે નહિ, પણ તે આત્મિક જગતમાં હોય, તે રીતે સંબોધે છે. આ પ્રકારનો વિશ્વાસ અસ્તિત્વમાં ના હોય એવી વસ્તુઓને અસ્તિત્વમાં આવવાનું કહે છે. વિશ્વાસને એ ખાતરી હોય છે કે એક વાર ઈશ્વર બોલી ગયા એટલે એ થઈ ગયું છે. તમારા વિશ્વાસને બોલો. ભૌતિક જગતમાં જે વસ્તુઓ નથી તે જાણે કે હોય તે રીતે તેમને સંબોધો કારણ કે ઈશ્વર બોલ્યા છે.

# 51
# તેમના વચનો પ્રમાણે બોલો

**રોમનોને પત્ર 4:18-21**
**[18] તેણે આશાનું સ્થાન ન છતાં આશાથી વિશ્વાસ રાખ્યો કે, આપેલા વચન**
**પ્રમાણે "તારો વંશ એવો થશે" તે મુજબ તે ઘણી પ્રજાઓનો પૂર્વજ થાય.**
**[19] (પોતે આશરે સો વરસનો છતાં) પોતાનું શરીર હવે તો નિર્જીવ જેવું છે,**
**અને સારાનું ગર્ભસ્થાન મરેલું છે, એ ધ્યાનમાં લીધા છતાં તે વિશ્વાસમાં**
**ડગ્યો નહિ;**
**[20] હા, ઈશ્વરનું વચન ધ્યાનમાં રાખીને, તેણે અવિશ્વાસથી સંદેહ આણ્યો નહિ;**
**પણ ઈશ્વરને મહિમા આપીને,**
**[21] તથા જે વચન તેમણે તેને આપ્યું હતું તે પૂરૂં કરવાને પણ તે સમર્થ છે,**
**એવો પૂરો ભરોસો રાખીને તે વિશ્વાસમાં દ્રઢ રહ્યો.**

ઈશ્વરે આપેલ વચનને પ્રાપ્ત કરવા ઇબ્રાહિમ ઈશ્વરમાં વિશ્વાસ રાખીને કેવી રીતે ચાલ્યો તે બાબત પવિત્ર આત્માએ પ્રેરિત પાઉલ મારફતે આપણને પ્રગટ કરી છે. આશા રાખવાનું કોઈ કારણ ના હોવા છતાં, જે પર તેણે વિશ્વાસ કર્યો હતો તેમાં ઈબ્રાહિમે આશા રાખી અને એ આશાથી પ્રેરિત થયો. તેણે શું વિશ્વાસ કર્યો? તેણે એવો વિશ્વાસ કર્યો કે, ઈશ્વર તેના વિષે જે બોલ્યા છે તેવો જ તે થઈ જશે. વાસ્તવિકતાઓ - તેની અને સારાની શારીરિક અવસ્થાની વાસ્તવિકતા - નજર સામે હતી, તેમ છતાં તેણે તે વાસ્તવિકતાને તેના વિશ્વાસમાં અડચણ બનવા દીધી નહિ. તેને ઈશ્વર તરફથી વચન મળ્યું હતું. ઈશ્વર તેની અવસ્થા વિષે બોલ્યા હતા, અને તેના જીવનમાં ઈશ્વરનું વચન અંતિમ અધિકાર ધરાવતું હતું. ઈશ્વરે જે વચન આપ્યું તે અને તે તે વચન પૂરુ કરવા સક્ષમ છે તે બાબત પર ઈબ્રાહિમનો વિશ્વાસ લાંગરેલો હતો. જીવનની સઘળી બાબતો - તે જે વિશ્વાસ કરતો હતો તે - તેણે જે કર્યું અને તે જે બોલ્યો તે- ઈશ્વર જે બોલ્યા હતા તે અનુસાર અને તે પ્રમાણે હતું. વિશ્વાસ,

ઈશ્વર જે બોલ્યા છે તે અનુસાર બોલે છે.

ઘણીવાર આપણા જીવનોમાં, આપણા વર્તમાન સંજોગો, આપણા માટે શાસ્ત્રમાં લેખિતરૂપમાં કે વચનના રૂપે અપાયેલ બાબતોની વિરુદ્ધના લાગતા હોય. ઈશ્વરનું વચન આપણને કંઇક વાયદો કરતું હોય, અને આપણે તદ્દન તેના વિરુદ્ધનો જ અનુભવ કરતા હોય એવું બને. ઈશ્વરનું વચન એ ઘોષણા કરે છે કે ઈશ્વર યહોવા રાફા છે, અને બિમારી આપણા શારીરિક દેહને ધમરોળતી હોય એવું બને. ઈશ્વરનું વચન એ ઘોષિત કરે છે કે, તમે જે પણ કરો તેમાં તમે સફળ થશો, એવા સમયે તાજેતરનો અનુભવ અસફળતાની હારમાળા સમાન હોય શકે. ઈશ્વરનું વચન વિજયની ખાતરી આપે છે, તેવા સમયે કેટલાક ક્ષેત્રોમાં પરાજય જોવા મળે એવું બને. આવી પરિસ્થિતિમાં આપણે શું કરવું જોઈએ? શું આપણે આપણા અનુભવોને ઈશ્વરની ઈચ્છા તરીકે સ્વીકારી લેવા જોઈએ કે પછી ઈશ્વરના વચનને આપણા જીવનો માટેની ઈશ્વરની ઈચ્છા તરીકે સ્વીકારવું જોઈએ?

આપણને ઈબ્રાહિમના વિશ્વાસને પગલે ચાલવા માટે તેડું આપવામાં આવ્યું છે. જયારે આશા રાખવાનું કોઈ કારણ ના હોય તેવા સમયે પણ આપણે આશા રાખવી જોઈએ અને ઈશ્વર અને તેમના વચનો પર વિશ્વાસ કરવો જોઈએ. વાસ્તવિકતાઓ તમારા વિશ્વાસને કમજોર બનાવે તેવું ના થવા દો. ઈશ્વરના વચનમાં તમારા વિશ્વાસને સ્થાપિત કરો. વિશ્વાસ તેમના વચન પ્રમાણે બોલે છે. તમારા વિશ્વાસને બોલો.

# 52
# જીવનમાં રાજ કરો—અધિકારના શબ્દો બોલો

**રોમનોને પત્ર 5:17**
**કેમ કે જો એકથી તેના પાપને લીધે મરણે રાજ કર્યું; તો જેઓ કૃપા તથા ન્યાયીપણાનું દાન પુષ્કળ પામે છે, તેઓ એકથી, એટલે ઈસુ ખ્રિસ્તથી, જીવનમાં રાજ કરશે તે કેટલું વિશેષ ખાતરીપૂર્વક છે!**

આદમે આપણને જે સમસ્યામાં મૂક્યા હતા તેમાંથી પ્રભુ ઈસુ આપણને બહાર કાઢી લાવ્યા છે. આપણે કૃપાની ભરપૂરી અને ન્યાયીપણાનું દાન મેળવ્યું છે. ઈશ્વરે આપણા જીવનો પર તેમની કૃપાની પુષ્કળ લ્હાણી કરી છે. ખ્રિસ્ત પરના વિશ્વાસ મારફતે, તેમણે તેમના પોતાના ન્યાયીપણાની ભેટ આપણને આપી છે. ભૂતકાળમાં એક સમયે આપણે પાપીઓ હતા. પણ હવે સઘળું બિલકુલ અલગ છે. આપણે ઈશ્વરનું ન્યાયીપણું છીએ. આપણે ઈશ્વરની ભરપૂર કૃપા પ્રાપ્ત કરી છે. જેના માટે આપણે લાયક નથી અથવા જે આપણે આપણી પોતાની મેળે કમાઈ ના શકીએ તે બાબત ઈશ્વર આપણને આપે તે કૃપા છે. ઈશ્વરે કૃપાથી આપણને જે આપ્યું છે તે સાચે જ આપણું છે. તે આપણી પાસે છે. ઈશ્વરે પોતાની કૃપાથી આપણને, તેનો આનંદ માણવા, તે વડે જીવવા અને તે આપણું પોતાનું થઈ જાય તે માટે આપ્યું છે.

ઈશ્વરે તેમની કૃપાથી મફતમાં આપણને ઘણી બધી બાબતો આપી છે તેમાંની એક એ છે કે, ઈસુ ખ્રિસ્ત મારફતે આપણે જીવનમાં રાજાની માફક જીવીએ અને રાજ કરીએ તે રીતે ઈશ્વર દ્વારા આપણી ગોઠવણ કરવામાં આવી છે. ઈસુ મારફતે, એટલે કે, તેમના કારણે અને તે જે અધિકાર આપણને

પૂરો પાડે છે તે મારફતે, આપણે જીવનમાં રાજ કરવાનું છે, અધિકાર ચલાવવાનો છે. આ સત્યને સમજી જાઓ. તમે આત્મિક અધિકાર અને પ્રભુત્વ ધરાવનાર વ્યક્તિ છો. જો તમે એનો ઉપયોગ ના કરો તો તે કંઈ કામનો નથી. રાજાઓ શું કરે છે? રાજાઓ તેમના શબ્દો મારફતે પોતાના અધિકાર અને પ્રભુત્વનો ઉપયોગ કરે છે. તેઓ શબ્દો બોલે છે, તેઓ હુકમ કરે છે જેથી તેમના પ્રભાવ ક્ષેત્રમાં તે હુકમ અનુસાર તેમના આધિપત્યની આણ પ્રવર્તે.

આદમે આપણને પાપ, શેતાન અને તેના અપદૂતો, અને પતનને લીધે જે બધું આવ્યું; જેમાં બિમારી, શેતાની અત્યાચાર વગેરેનો સમાવેશ થાય છે, તે સર્વના આધિપત્ય હેઠળ મૂકી દીધા. આદમે આપણને જે સર્વ બાબતોના આધિપત્ય હેઠળ મૂક્યા હતા તેમાંથી પ્રભુ ઇસુ આપણને બહાર કાઢી લાવ્યા છે, અને આ બધી બાબતો પર જીવનમાં રાજ કરીએ અને પ્રભુત્વ ધરાવીએ તેવી અવસ્થામાં આપણને મૂક્યા છે. જો આપણે આપણા પ્રભુત્વનો ઉપયોગ ના કરીએ તો આપણે તેનો અનુભવ ક્યારેય કરી શકતા નથી. પ્રભુત્વના શબ્દો બોલો. ફરમાન કરો. વચનની ઘોષણા કરો. તમારા વિશ્વાસને બોલો. ઈશ્વરના રાજ્યના સત્ય વડે, તમારા પ્રભાવ હેઠળ આવેલ તમામ બાબતો, શાસિત અને સંચાલિત થાય તેવું થવા દો.

# 53
# વિશ્વાસ આવી રીતે જ બોલે

**રોમનોને પત્ર 10:6-8**

**6 પણ જે ન્યાયીપણું વિશ્વાસથી છે તે કહે છે કે, તું તારા અંત:કરણમાં ન કહે કે, આકાશમાં કોણ ચઢશે? (એટલે ખ્રિસ્તને નીચે લાવવાને;)**

**7 અથવા એ કે, ઊંડાણમાં કોણ ઊતરશે? (એટલે ખ્રિસ્તને મૂએલામાંથી ઉપર લાવવાને).**

**8 પણ તે શું કહે છે? [ તે એમ કહે છે કે,] એ વચન તારી પાસે, તારા મોમાં તથા તારા અંત:કરણમાં છે; એટલે વિશ્વાસનું જે વચન અમે પ્રગટ કરીએ છીએ તે):**

પ્રેરિત પાઉલે રોમન અધ્યાય 4માં એ વાત નોંધી છે કે, ઈબ્રાહિમે ઈશ્વર પર વિશ્વાસ કર્યો, માટે ઈશ્વરે તેને લેખે ન્યાયીપણાને ગણ્યું. તેમણે તેને ખ્રિસ્તમાં પણ સ્થાપિત કર્યું છે, આપણે ભરપૂર કૃપા મેળવી છે, અને ઈશ્વરનું ન્યાયીપણુ ભેટ તરીકે આપણને આપવામાં આવ્યું છે. હવે આપણે ઈશ્વર સાથે સારો સંબંધ ધરાવીએ છીએ, તો કેવી રીતે ઈશ્વર પરનો વિશ્વાસ આપમેળે અભિવ્યક્ત થશે? કેવી રીતે આપણે વિશ્વાસ અને ન્યાયીપણાના લોકો તરીકે બોલીએ છીએ?

આપણે નિરાશાજનક અને લાચારીના શબ્દો બોલતા નથી. ઈશ્વર જાણે કે સ્વર્ગમાં એટલે દૂર બેઠા હોય કે તે મદદ જ ના કરી શકે એવી રીતે આપણે બોલતા નથી. જાણે કે ઈશ્વર મરી ગયા હોય અને આપણી મદદ કરવા અસમર્થ હોય એ રીતે પણ આપણે બોલતા નથી. તેને બદલે, પ્રેરિત પાઉલ, આપણ નવા કરારના વિશ્વાસીઓને, જૂના કરારનું એક સત્ય લાગુ પાડે છે. મૂસાએ ઈશ્વરના લોકોને પુનર્નિયમ 30:11-14 માં જે કહ્યું હતું તે જ બાબત તે આપણને કહે છે. તે વચન તારી પાસે છે. ઈશ્વર જે વચન બોલ્યા છે તે તારા મુખમાં અને હૃદયમાં છે. અહીં

સ્પષ્ટ લાગુકરણ એ છે કે, તમારા હૃદયમાં રહેલું વચન તમે વિશ્વાસ કરો એ માટે છે, અને તમારા મુખમાં રહેલું વચન તમે તેની કબૂલાત કરો તે માટે છે. ત્યાર બાદ તે તેને વિશ્વાસના વચન, આપણે જેનો પ્રચાર કરીએ છીએ તે ઇસુની સુવાર્તાને લાગુ કરે છે.

અહીં આપણા માટે જાણવા જેવું અગત્યનું સત્ય તો એ છે કે વિશ્વાસ બોલે છે. વિશ્વાસ ઈશ્વરનું એ વચન બોલે છે, જેને આપણે આપણા હૃદયોમાં અને આપણા મુખોમાં સતત રાખી મુકવાનું છે. આશાવિહીનતા ક્યારેય બોલશો નહિ. લાચારી ક્યારેય બોલશો નહિ. તમારા હૃદયમાંનું વચન તમારે વિશ્વાસ કરવા અને તમારા મુખમાંનું વચન તમને બોલવા માટે છે. વચન બોલો. ઈશ્વરના વચનમાંના તમારા વિશ્વાસને બોલો.

# 54
# તારણને અર્થે કબૂલાત કરવામાં આવે છે

**રોમનોને પત્ર 10:6-10**
**6 પણ જે ન્યાયીપણું વિશ્વાસથી છે તે કહે છે કે, તું તારા અંત:કરણમાં ન કહે**
**કે, આકાશમાં કોણ ચઢશે? (એટલે ખ્રિસ્તને નીચે લાવવાને;)**
**7 અથવા એ કે, ઊંડાણમાં કોણ ઊતરશે? (એટલે ખ્રિસ્તને મૂએલામાંથી ઉપર**
**લાવવાને).**
**8 પણ તે શું કહે છે? [તે એમ કહે છે કે,] એ વચન તારી પાસે, તારા મોમાં**
**તથા તારા અંત:કરણમાં છે; એટલે વિશ્વાસનું જે વચન અમે પ્રગટ કરીએ**
**છીએ તે એ છે કે,**
**9 જો તું તારે મોઢે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ, અને ઈશ્વરે તેમને**
**મૂએલામાંથી પાછા ઉઠાડયા, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ, તો**
**તું તારણ પામીશ.**
**10 કારણ કે ન્યાયીપણાને અર્થે અંત:કરણથી વિશ્વાસ રાખવામાં આવે છે, ને**
**તારણને અર્થે મોંથી કબૂલાત કરવામાં આવે છે.**

આ શાસ્ત્રભાગમાંથી આપણે જે બીજા એક સત્યને ઉજાગર કરવું જોઈએ એ તો છે વિશ્વાસ કરવાનું અને કબૂલાત કરવાનું મહત્વ. આપણા હૃદયોમાં ઈશ્વરના વચન પર વિશ્વાસ કરવાની બાબત આપણને ઈશ્વરની સાથેના યોગ્ય સંબંધમાં મૂકે છે ("ન્યાયીપણાને અર્થે વ્યક્તિ હૃદયથી વિશ્વાસ કરે છે"). ઈશ્વર પાસેથી પ્રાપ્ત કરવા આપણે યોગ્ય જગ્યાએ, યોગ્ય સ્થાને છીએ. અને પછી પવિત્રશાસ્ત્ર આપણને બીજું પગલું ભરવા માટે નિર્દેશ કરે છે. આપણને આપણા મુખોથી કબૂલાત કરવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે, જે તારણ પ્રાપ્ત કરવા કે તેનો અનુભવ કરવામાં પરિણમે છે ("તારણને અર્થે મોંથી કબૂલાત આવે છે").

પ્રભુ ઈસુએ વધસ્તંભ પરના તેમના મરણ વડે અને મરણમાંથી ફરી જીવતા થઈને ન્યાયીપણું અને તારણને એક

ભેટના રૂપમાં ઉપલબ્ધ બનાવ્યા છે. તેથી એ બાબત તો દરેક જણ સ્વીકારે એ માટે છે. તારણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે, પણ તેને સ્વીકારવા આપણે વિશ્વાસ કરવાનો છે, અને તેની કબૂલાત કરવાની છે. કબૂલાતના મહત્વની નોંધ લો. જયારે આપણે વિશ્વાસ કરીએ છીએ ત્યારે આપણે તે સ્વીકારવાની સ્થિતિમાં આવીએ છીએ. પરંતુ, કબૂલાત એ તારણને આપણા અખત્યારમાં લાવીને મૂકે છે.

જેમ આપણે નવા કરારમાં સમજીએ છીએ તેમ, તારણ એ વ્યાપક અર્થ ધરાવતો શબ્દ છે, જેમાં અનંતકાળિક ઉદ્ધાર, પાપોની ક્ષમા, પાપ પર વિજય, બીમારીમાંથી સાજાપણું, સંઘર્ષ પર વિજય, શત્રુના દરેક કામથી છૂટકારો, નુકશાનથી બચાવ, જોખમથી સાચવણી, પૂરેપૂરી સંપૂર્ણતા વગેરેનો સમાવેશ થાય છે. એનો અર્થ, ઉદ્ધાર પામેલા, સાજા થયેલા, છૂટકારો પામેલા, વિજય પામેલા, બચાવ પામેલા, સચવાયેલા, સંપૂર્ણ કરાયેલા હોવું. ઈશ્વરના વચન પર વિશ્વાસ કરવો અને ઈશ્વરના વચનની કબૂલાત કરવી એ આ પ્રત્યેક અનુભવમાં દોરી જાય છે. તમારા વિશ્વાસને બોલો કારણ કે, કબૂલાત કરવી તારણમાં પરિણમે છે.

# 55
# તેમના તમામ વચનોને "હા અને આમીન" કહો

**કરિંથીઓને બીજો પત્ર 1:19,20**
**[19] કેમ કે ઈશ્વરના દીકરા ઈસુ ખ્રિસ્ત જે અમારા દ્વારા, મારા**
**તથા સિલ્વાનુસ તથા તિમોથી દ્વારા, તમારામાં પ્રગટ કરવામાં આવ્યા, તે**
**હાની હા ને નાની ના નહોતા પણ તેમનામાં તો હા જ છે.**
**[20] કેમ કે ઈશ્વરના વચનો ગમે તેટલા હશે તોપણ તેમનામાં હા છે; અને**
**અમારી મારફતે ઈશ્વરનો મહિમા વધે એ માટે તેમના વડે આમીન પણ છે.**

કેટલી બધી વાર આપણે લોકોને એ કહેતા સાંભળ્યા છે કે, ઈશ્વર કોઈક સમયે મદદ કરે છે અને કોઈક સમયે તે મદદ કરતા નથી. આપણે એ બાબતને ખાતરીપૂર્વક જાણતા નથી. લોકો આપણને કહેતા હોય છે કે, કોઈકવાર ઈશ્વરના વચનો પૂરા થાય છે અને કોઈકવાર તે નથી થતાં. જે સર્વ લોકો ઈશ્વર પર વિશ્વાસ કરતા હતા તેમ છતાં નિષ્ફળ ગયા, મરણ પામ્યા કે આપત્તિનો અનુભવ કર્યો તેઓને જુઓ. આ બધું સાચું અને વાસ્તવિક છે, તેમ છતાં લોકોના અનુભવને લીધે, ઈશ્વર જે છે અને ઈશ્વરનું વચન જે કહે છે તેને બદલવાનો શું આપણને કોઈ અધિકાર છે? શું અનુભવો, ઈશ્વર અને તેમના વચન કરતા વધુ આધારભૂત છે? શું આપણી ઈશ્વરવિદ્યાનો પાયો લોકોનો અનુભવ હોવો જોઈએ કે પછી આપણી ઈશ્વરવિદ્યાનો પાયો ઈશ્વર અને તેમનું વચન હોવું જોઈએ?

પ્રેરિત પાઉલ એ સ્પષ્ટ કરે છે કે, જે રીતે કેટલાક લોકો ઈશ્વરને ચંચળ (અસ્થિર) તરીકે મૂલવે છે એવા એ ઈશ્વર નથી. ઈસુમાં "હા" અને "ના" નથી, પણ હંમેશા, કેવળ અચળ (સ્થિર) "હા" છે. *ઈશ્વરમાં કશું પણ કપટપૂર્ણ, દ્વિમુખી, ચંચળ નથી, અને*

*તે ક્યારેય બદલાતા નથી* (યાકૂબનો પત્ર 1:17 મેસેજ બાઈબલ અને પેશન અનુવાદ પ્રમાણે). પ્રેરિત પાઉલ હિંમતપૂર્વક જાહેર કરે છે કે ઈશ્વરના સર્વ વચનો ઈસુમાં "હા" છે. ઈશ્વરના સર્વ વચનો ખરા અને વિશ્વાસપૂર્ણ છે, અને તેઓની પૂર્ણતા ઈસુમાં થાય છે. અને ત્યાર બાદ તેમાં "આમીન" છે, જે આપણે ઈશ્વરના મહિમા માટે ઉન્નત કરીએ છીએ.

ઈસુમાં, ઈશ્વરના તમામ વચનોને "હા અને આમીન" છે. આવી જ અપેક્ષા આપણે રાખવાની છે. ઈશ્વરના સર્વ વચનોને આપણે ઈસુમાં પૂર્ણ થતાં જોઈશું, જેથી કરીને આપણા જીવનો મારફતે ઈશ્વરને મહિમા મળી શકે. આ સત્યમાં એટલે કે, ઈસુમાં, ઈશ્વરના સર્વ વચનો પરિપૂર્ણ છે, તેમાં સ્થાપિત થાઓ. તેઓ હા છે. ઈશ્વરના તમામ વચનોમાંના તમારા વિશ્વાસને બોલો. ઈશ્વરના વચનો તમારા જીવનમાં પરિપૂર્ણ થાય તેની અપેક્ષાને વ્યક્ત કરતાં, ઈશ્વરના તમામ વચનોને હા અને આમીનની ઘોષણા કરો.

# 56
# આપણે વિશ્વાસ કરીએ છીએ માટે આપણે બોલીએ છીએ

**કરિંથીઓને બીજો પત્ર 4:13,14**

**13 પણ અમારામાં એ ને એ જ વિશ્વાસનો આત્મા હોવાથી ("મને વિશ્વાસ હતો માટે હું બોલ્યો" એ લેખ પ્રમાણે), અમને પણ વિશ્વાસ છે, અને તેથી અમે બોલીએ છીએ;**
**14 અને એવું જાણીએ છીએ કે જેમણે પ્રભુ ઈસુને ઉઠાડયા, તે અમને પણ ઈસુની સાથે ઉઠાડશે, અને તમારી સાથે અમને રજૂ કરશે.**

અહીં પ્રેરિત પાઉલ ગીતશાસ્ત્ર 116:10 માંથી ટાંકે છે. હકીકતમાં, પ્રેરિત પાઉલ, પવિત્ર આત્માની પ્રેરણા હેઠળ, કદાચ વિશ્વાસીઓને તે જે સત્ય જણાવવા માંગે છે તે પર ભાર મૂકવા તે કલમનો એક ભાગ જ ટાંકે છે. આપણે જે વિશ્વાસ કરીએ છીએ તે અનુસાર બોલીએ છીએ. આપણે આપણા વિશ્વાસને બોલવો જ જોઈએ. વિશ્વાસ બોલે છે. કરારોમાં "વિશ્વાસનો આત્મા" બદલાયો નથી. ઈશ્વરમાં વિશ્વાસનો સારાંશ, એ જૂના કરારના લોકો દ્વારા હોય કે નવા કરારના લોકો દ્વારા હોય, પણ તે બદલાયો નથી. વિશ્વાસનો સિદ્ધાંત એવો ને એવો જ છે, અને એ તો છે- મને વિશ્વાસ છે અને હું વિશ્વાસમાં બોલું છું, અથવા સરળ શબ્દોમાં, વિશ્વાસ બોલે છે.

આપણે વિશ્વાસ કરીએ છીએ, તેથી આપણે જે વિશ્વાસ કરીએ છીએ તે બોલીએ છીએ. આપણને વિશ્વાસ છે અને આપણે આપણા વિશ્વાસને બોલીએ છીએ. આખા બાઈબલમાં આ વિશ્વાસના પાયાનો સિદ્ધાંત છે. આપણે જે વિશ્વાસ કરીએ છીએ તે બોલવા દ્વારા પ્રગટ થવો જ જોઈએ. આપણે ઈશ્વરમાં અને તેમના વચનમાં વિશ્વાસ કરીએ છીએ. માટે આપણે તેના

અનુસંધાનમાં બોલવું જોઈએ. આપણે આપણો વિશ્વાસ ઈશ્વર જે છે તેમાં અને તેમણે આપણને આપેલા વચનોમાં જાહેર કરીએ છીએ.

આપણે ઈસુમાં અને તેમણે તેમના વધસ્તંભ પરના મરણ, તેમના પુનરૂત્થાન, તેમના સ્વર્ગારોહણ અને તેમના સ્વર્ગમાં ઉન્નત સ્થાને બિરાજમાન થવા દ્વારા જે સિદ્ધ કર્યું છે તેમાં વિશ્વાસ કરીએ છીએ. તેથી તે આપણે બોલીએ છીએ, અને તેની ઘોષણા કરીએ છીએ. તમારા વિશ્વાસને બોલો.

# 57
# કૃપા પમાડનાર શબ્દો બોલો

**એફેસીઓને પત્ર 4:29**
**તમારા મુખમાંથી કંઈ મલિન વચન નહિ, પણ જે ઉન્નતિને સારુ આવશ્યક હોય તે જ નીકળે કે, તેથી સાંભળનારાઓનું કલ્યાણ થાય.**

શબ્દો શ્રોતાઓને કંઈક પ્રદાન કરે છે. ભ્રષ્ટ (ખરાબ, સડેલા, મૂલ્યહીન) શબ્દો ભ્રષ્ટતા(એવી બાબતો જેનાથી કોઈ લાભ ના થતો હોય) પ્રદાન કરે છે. સારા સબ્દો બળ, કૃપા અને સંપૂર્ણતા પ્રદાન કરે છે.

શબ્દો સંગ્રહ કરનાર પાત્રો છે. શબ્દો વાહક છે. શબ્દો સંચાર માધ્યમ છે. શબ્દો "સેવકો" છે. તેઓ પ્રાપ્ત કરનારને અસર પહોંચાડે છે. તેઓ આશીર્વાદ આપે છે, ઘડતર કરે છે, અને બળવાન બનાવે છે. અથવા તો તે પાડી નાખે છે, દુઃખ પહોંચાડે છે, કમજોર બનાવે છે અને નાશ કરે છે.

વિશ્વાસીઓ તરીકે, આપણે વિશ્વાસ ધરાવનાર અને વિશ્વાસ પ્રદાન કરનારા શબ્દો જ બોલવા જોઈએ. એવા વિશ્વાસપૂર્ણ શબ્દો બોલો કે જે આપણને સાંભળનારાઓમાં વિશ્વાસને ઠસાવી શકે, વિશ્વાસમાં પ્રેરીત કરી શકે અને વિશ્વાસ જાગૃત કરી શકે. આપણે ડહાપણના શબ્દો બોલવા જોઈએ. આપણે મદદ કરનાર, પોષણ કરનાર, દોરનાર અને આશીર્વાદ આપનાર શબ્દો બોલવા જોઈએ. તમારા શબ્દોનો ડહાપણથી ઉપયોગ કરો. લોકોને આશીર્વાદ આપવા તેનો ઉપયોગ કરો. બીજાઓને આશીર્વાદ આપવા તમારા વિશ્વાસને બોલો.

# 58
# આત્માની તરવારનો ઉપયોગ કરો

**એફેસીઓને પત્ર 6:17**
**વળી, તારણનો ટોપ [પહેરો], તથા આત્માની તરવાર, જે ઈશ્વરનું વચન છે, તે લો.**

પ્રેરિત પાઉલે એફેસીઓને પત્ર 6:12માં દર્શાવ્યું છે તે પ્રમાણે આપણે આત્મિક સંઘર્ષની વચ્ચે છીએ. શત્રુ હારેલો છે તેમ છતાં જે થોડો સમય બચેલો છે તેમાં તે હજુ પણ નાની ટુકડીમાં પ્રતિકારનો પ્રપંચ અજમાવવાની કોશિશ કરી રહ્યો છે. વિશ્વાસીઓ તરીકે આપણને, ઈશ્વરે આત્મિક યુદ્ધ માટેના હથિયાર આપેલા છે, જે વિજયવંત જીવન જીવવા માટે અને સામર્થ્યપૂર્ણ સેવા કરવા માટે પૂરતા છે. આ હથિયારોમાં એક એવું શક્તિશાળી હથિયાર છે જે આક્રમણ કરવા માટે છે, અને તે તો છે આત્માની તરવાર. આ તો પવિત્ર આત્મા દ્વારા આપણને આપવામાં આવેલી તરવાર છે. તેને પરાક્રમી પવિત્ર આત્મા પોતે ઉર્જા અને પીઠબળ પૂરું પાડે છે. જો કે આપણે તેને લઈને તેનો ઉપયોગ કરવાનો છે. તેમાં એક ખાતરી એ છે કે જયારે આપણે આ તરવારનો ઉપયોગ કરીએ છીએ ત્યારે, પવિત્ર આત્મા પોતે આપણા વતી કાર્ય કરે છે કારણ કે આ તેમની તરવાર છે.

તરવાર, કે જે આપણું આક્રમણકારી હથિયાર છે, જે શત્રુને ચીરી નાખે છે તે તો ઈશ્વરનું વચન છે. કેવી રીતે આપણે તરવારનો ઉપયોગ કરીએ છીએ? હવે, તરવારનું આપણે શું કરીએ છીએ? આપણે વચન બોલીએ છીએ. પ્રકટીકરણના પુસ્તકમાં આપણે એવા ઈસુ જે ઈશ્વરનું વચન છે તેમનું એક સ્પષ્ટ ચિત્ર જોઈએ છીએ, "જેમના મોંમાંથી ધારદાર તરવાર

નીકળે છે" (પ્રકટીકરણ 19:13,15). તેથી, તે તિક્ષ્ણ તરવાર તો ઈશ્વરનું વચન છે જે આપણે આપણા મુખો દ્વારા બોલીએ છીએ.

ઈશ્વરનું વચન બોલવા દ્વારા આપણે આત્માની તરવારનો ઉપયોગ કરીએ છીએ. જેટલી વખત તમે ઈશ્વરના વચનની ઘોષણા કરો છો, અને ઈશ્વરના વચન પરના વિશ્વાસને બોલો છો તેટલી વખત તમે શત્રુને ઘાયલ કરો છો. જયારે શત્રુ તમારી વિરુદ્ધ ચઢાઈ કરે, કાં તો તમારા મનમાં ખોટા વિચારો લાવીને, અથવા તો તમારા જીવનના કોઈ ક્ષેત્રમાં દખલગીરી કરવા દ્વારા, ત્યારે તેની સામે આત્માની તરવારનો ઉપયોગ કરો. પરાક્રમી પવિત્ર આત્માની સામે તે કોઈ કાળે ટકી શકે તેમ નથી. ઈશ્વરનું વચન બોલો. તમારા વિશ્વાસને બોલો.

# 59
# પ્રબોધના શબ્દો વડે આત્મિક લડાઈ લડો

**તિમોથીને પહેલો પત્ર 1:18**
**દીકરા તિમોથી, તારે વિષે અગાઉ થયેલા ભવિષ્યકથન પ્રમાણે, હું તને આ [ખાસ] આજ્ઞા આપું છું કે, તે ભવિષ્યકથનો[ની સહાય]થી તું સારી લડાઈ લડે.**

પ્રબોધવાણીના શબ્દો પવિત્ર આત્માની ઉત્તેજના કે પ્રેરણા મારફતે આપવામાં આવે છે. પ્રબોધવાણીનું કૃપાદાન અને પ્રબોધવાણીની સેવા આજે પણ ખ્રિસ્તના દેહ (મંડળી)માં ખરેખર કાર્યરત છે. જયારે આપણા વિષે પ્રબોધવાણી કરવામાં આવે ત્યારે આપણે એ સમજી જવાનું છે કે, આપણને આપવામાં આવેલ પ્રબોધવાણી આપણને આત્મિક યુદ્ધમાં બળવાન કરવા માટે છે. આપણે આ પ્રબોધવાણીનો ઉપયોગ શત્રુ સામે જંગ છેડવા માટે કરવાનો છે.

શત્રુ શેતાન અને તેના અપદૂતો, ચોરી કરવા, મારી નાખવા અને નાશ કરવા આવે છે. તેઓ આપણા માટેના ઈશ્વરના હેતુઓમાં વિક્ષેપ ઊભો કરવા, તેમાંથી ભટકાવી દેવા, અને કોઈ રીતે તેમાં પરેશાન કરવાનો લાગ શોધે છે. આપણા જીવનો પર ઉચ્ચારવામાં આવેલ પ્રબોધવાણીને આપણે મજબૂતીથી વળગી રહીએ છીએ, તે પ્રબોધવાણીમાં આપણા જીવનોમાં ઈશ્વરના હેતુઓ, ઈશ્વરના વચન અને ઈશ્વરની સંભાવનાઓની ઘોષણા કરવામાં આવેલી હોય છે. આ પ્રબોધવાણી વડે આપણે સારી લડાઈ લડીએ છીએ. આપણે જે આત્મિક યુદ્ધમાં જોડાયેલા છીએ તેમાં શત્રુની સામે હથિયાર તરીકે પ્રબોધવાણીના શબ્દોનો આપણે ઉપયોગ કરવો જ જોઈએ. યાદ રાખો, શબ્દો બોલાવા જ જોઈએ. તમારા જીવન પર એક સમયે ઉચ્ચારવામાં આવેલ પ્રબોધવાણીના શબ્દો બોલો. (જેની તમે પારખ કરી છે અને

જાણો છો કે તે આત્મા તરફથી છે). ઈશ્વરે તેમના આત્મા વડે તમારા પર ઉચ્ચારેલી બાબતની ઘોષણા કરો. ઈશ્વરે કહ્યું છે કે તે શબ્દો શત્રુની વિરુદ્ધ વાપરવા માટેના હથિયારોમાંનો એક ભાગ છે. તે પ્રબોધવાણીના શબ્દો બોલો. તમારા વિશ્વાસને બોલો.

# 60
# ખ્રિસ્તમાં તમારામાં રહેલી તમામ સારી બાબતોને ધ્યાનમાં લો

**ફિલેમોનને પત્ર 1:6**
**કે, આપણામાં જે સર્વ સારું છે તેનું જ્ઞાન થયાથી તારા વિશ્વાસનું ભાગિયાપણું ખ્રિસ્ત[ના મહિમા]ને સારુ સફળ થાય.**

ફિલેમોનને પાઉલ પ્રેરિતનો પત્ર બહુ રસપ્રદ સંદર્ભ ધરાવે છે. પાઉલનું આ પત્ર લખવાનું કારણ, ભાગેડુ ગુલામ ઓનેસિમસ, જે હવે પાઉલની સેવા હેઠળ વિશ્વાસી બન્યો છે તેને, તેના માલિક ફિલેમોન, કે જે હવે પ્રભુમાં તેના અગાઉના ગુલામ માટે ભાઈ બન્યો છે તેની પાસે પાછો મોકલવાનું છે. આ ટૂંકા પત્રની શરૂઆત કરતા, પાઉલ એક મહત્વપૂર્ણ સત્ય તરફ દિશા નિર્દેશ કરે છે. તે તો એ છે કે જયારે આપણે ખ્રિસ્તમાં આપણામાં જે સારી બાબતો (સર્વ સંપત્તિ અને આશીર્વાદો) છે તેને ધ્યાનમાં લઈએ (પૂરેપૂરું ઓળખી લઈએ) તો આપણા વિશ્વાસનું ભાગિયાપણું અસરકારક (ઉત્પાદક, સામર્થી, ઉર્જાવાન) બને છે.

આપણને ખ્રિસ્તમાં લાવીને ઈશ્વરે આપણામાં મુકેલ સારી બાબતોને બહાર લાવનાર શબ્દો બોલવાનું, તેની કદર કરવાનું અને તેને ઓળખવાનું આપણે શીખવું જ રહ્યું. આપણે ખ્રિસ્તમાં કોણ છીએ, તે આપણે ઓળખી લેવાનું છે અને તેની કદર કરવાની છે. આ બાબત બંને પક્ષ માટે એટલે તમારા માટે અને બીજાઓ માટે કરો. ખ્રિસ્તમાં, ઈશ્વરે આપણા માટે જે કર્યું છે તેની આસપાસ આપણે સંગતિ કરીએ છીએ. આ બાબત આપણી સંગતિને વધુ સામર્થી બનાવે છે. કમજોરી વિષે, આપણે કેટલા ગરીબ અને દયનીય છીએ તે વિષે, આપણે કેટલા પાપી અને પતિત છીએ તે વિષે બોલવાને બદલે, ચાલો આપણે ખ્રિસ્તમાં

હોવાને કારણે આપણામાં જે સારું છે તેની ગણના કરીએ.

**નોંધ**: અમે અહીં એ કહેવા માંગતા નથી કે પાપને ધ્યાનમાં લેવાનું નથી અથવા તો કશું ખોટું થતું હોય તો તેને નજરઅંદાજ કરી દેવાનું છે અને તેને સુધારવાનું નથી. આપણે ભૂલ, ક્ષતિ અને બદકામને વખોડવાનું છે અને જ્યાં જરૂર છે ત્યાં સુધારો લાવવાનો છે. પણ આપણે એ સભાનતા સાથે એ કરીએ છીએ કે સુધારો કરવા અને અપનાવ્યા બાદ, આપણે ભૂતકાળને છોડી દઈએ અને ખ્રિસ્તમાં આપણા દરેક જણમાં જે સારી બાબતો છે તે તરફ જોઈએ.

# 61
# તેમના વચન તમારા જગતનું સમર્થન અને નિયમન કરી શકે છે

**હિબ્રૂઓને પત્ર 1:3**
**તે તેમના ગૌરવનું તેજ તથા તેમના સત્વની આબેહૂબ પ્રતિમા છે, અને પોતાના પરાક્રમના શબ્દથી સઘળાને નિભાવે રાખે છે; તે પાપનું પ્રાયશ્ચિત કરીને મહાન[પિતા]ની જમણી તરફ ઉચ્ચસ્થાને બેઠા છે.**

જેમ આપણે અગાઉ જૂના કરારમાં કેટલીક ઘટનાઓને જોઈ ગયા છીએ તેમ અહિ હિબ્રૂઓને પત્રમાં ફરી એક વાર પવિત્રશાસ્ત્ર આપણને શીખવે છે કે, સઘળી વસ્તુઓ, આખું સૃષ્ટિમંડળ, ઈશ્વરના વચનના સામર્થ્ય વડે ધરી રખાયેલું, ટકાવી રખાયેલું અને નિયંત્રિત કરાયેલું છે.

એ જ સામર્થી પ્રભુએ આપણને આપણા પૃથ્વી પરના જીવનો માટે તેમનું વચન આપ્યું છે. ખરેખર તેમણે આપણને આપેલું તેમનું વચન આપણા "નાના જગતો"ને સારી વ્યવસ્થામાં અને સારી રીતે કાર્યરત રાખવા માટે ધરી રાખી શકે, ટકાવી રાખી શકે અને નિયંત્રિત કરી શકે છે.

ઈશ્વરે આપણને પવિત્રશાસ્ત્રમાં તેમના લેખિત વચનો આપ્યા છે. તેને આપણે લઈને આપણા જગતમાં લાગુ કરવાના છે, આ એક ચાવી છે. આપણે શાસ્ત્રમાં અગાઉ જોઈ ગયા છીએ તેમ તે કરવાનો એક રસ્તો છે, તેમના વચન પર વિશ્વાસ કરવો અને આપણા જગતમાં તેમના વચનને બોલવું.

એ વાત જાણી લો કે ઈશ્વરના વચનમાં તમારા જગતને ધરી રાખવાનું અને નિયંત્રિત કરવાનું પૂરતું અને તે કરતા વિશેષ સામર્થ્ય છે. એવા સમયો આવે જેમાં સઘળું નષ્ટ થતું

હોય એવું લાગે. બાબતો નિયંત્રણની બહાર કે ઉપર નીચે થતી હોય એવું લાગે. ઈશ્વરના વચનના સામર્થ્યમાં વિશ્વાસ રાખો. તમારા જીવન, વર્તમાન, તમારા ભવિષ્ય, તમારી પરિસ્થિતિઓ અને સંજોગો પર ઈશ્વરનું વચન બોલો. તેમની ખાતરીઓ બોલો. એ ઘોષણા કરો કે, તમારા જગતની સઘળી બાબતો ઈશ્વરના વચનને આધીન છે અને તે તેમના વચનને અનુરૂપ થઈ જશે. તમારા વિશ્વાસને બોલો. તમે તમારા જીવનમાં ઈશ્વરના વચનના સામર્થ્યને કાર્ય કરતું જોશો.

# 62
# ઈસુ આપણી કબૂલાતના મુખ્ય યાજક છે

**હિબ્રૂઓને પત્ર 3:1**
**એ માટે, ઓ પવિત્ર ભાઈઓ, સ્વર્ગીય તેડાના ભાગીદાર, આપણે જે સ્વીકાર્યું છે તેના પ્રેરિત તથા પ્રમુખયાજક ઈસુ પર લક્ષ રાખો.**

અગાઉના અધ્યાયમાં તમને એ વાતનો ખુલાસો કરી દેવામાં આવ્યો છે કે, "કબૂલાત" (ગ્રીક *'હોમોલોગિયા'*) એટલે "એની એ જ વાત કહેવી" અથવા "ની સાથે શબ્દોમાં સંમત થવું." નવા કરારના સંદર્ભમાં કબૂલાત, ઈશ્વર અને તેમના વચનની સાથે સંમત થઈને આપણે જે કહીએ છીએ, તે છે. જયારે આપણે ઈશ્વરે જે કહ્યું છે તે કહીએ છીએ કે આપણા શબ્દો વડે ઈશ્વરની સાથે સંમત થઈએ છીએ ત્યારે, આપણે આપણી કબૂલાત કરીએ છીએ.

હિબ્રૂઓનો લેખક આપણને ઈસુ તરફ ઈશારો કરે છે અને જણાવે છે કે તે પ્રેરિત (આપણી આગળ દોડનાર/ચાલનાર, અગ્રેસર) અને આપણી કબૂલાતના પ્રમુખયાજક (આપણું પ્રતિનિધિત્વ કરનાર) છે. આપણે જે વિશ્વાસની કબૂલાત કે અંગીકાર કરીએ છીએ, તેની ઈસુ સ્વર્ગમાં આપણી વતી રજૂઆત કરે છે. એનો અર્થ એ કે, જયારે આપણે ઈશ્વરના વચન સાથે અને તેમણે જે કહ્યું છે તેની સાથે સંમત થઈને બોલીએ છીએ, તે બાબતને ઇસુ આપણી વતી પિતાની આગળ સ્વીકૃતિ આપે છે અને એની રજૂઆત કરે છે.

યાદ રાખો, ઈસુ આપણી કબૂલાતના પ્રમુખયાજક છે. તેમના વચનની સાથે સંમત થઈને બોલો. તમારા વિશ્વાસને બોલો.

# 63
# તમારી કબૂલાતને પકડી રાખો

**હિબ્રૂઓને પત્ર 4:14**
**તો આકાશમાં થઈને જે પાર ગયેલા છે, એવા મોટા પ્રમુખયાજક, એટલે ઈશ્વરના પુત્ર ઈસુ આપણને છે, માટે આપણે જે માની લીધું છે તે દ્રઢતાથી પકડી રાખીએ.**

**હિબ્રૂઓને પત્ર 10:23**
**આપણે આપણી આશાની કબૂલાત દૃઢ પકડી રાખીએ, કેમ કે જેમણે વચન આપ્યું તે વિશ્વાસયોગ્ય છે.**

ઈસુ આપણા મહાન પ્રમુખયાજક હોવાને કારણે, આપણે આપણી કબૂલાતને—તેમના વચન સાથેની સંમતિમાં આપણે જે ઘોષણા કરીએ છીએ તેને, દ્રઢપણે પકડી રાખવી જોઈએ (બળપૂર્વક કબજામાં રાખવું, સરકી ના જાય માટે ચુસ્તપણે વળગી રહેવું). તેનાથી આગળ, આપણે એ જાણીએ છીએ કે જેમણે વચન આપ્યું છે તે વિશ્વાસયોગ્ય છે. તે તેમનું વચન નિભાવવાનું ચુકશે નહિ. તે માટે, આપણે અડગપણે આપણા વિશ્વાસની કબૂલાતને દ્રઢતાથી વળગી રહેવું જોઈએ.

એવી બાબતો હોય છે જે ઈશ્વર વિષે અને તેમના વચન વિષેના આપણા વિશ્વાસને પડકારે છે, ત્યારે અડગપણે આપણે આપણા વિશ્વાસની કબૂલાતને દ્રઢતાથી પકડી રાખવી જોઈએ. ઈશ્વર અને તેમના વચન સાથે સંમતિમાં બની રહીને, તમારા વિશ્વાસને બોલતા રહો.

જયારે ઈશ્વરના વચન પૂરા થવામાં વિલંબ થતો જણાય, ત્યારે અડગપણે આપણે આપણા વિશ્વાસની કબૂલાતને દ્રઢતાથી પકડી રાખવી જોઈએ. ઈશ્વર અને તેમના વચન સાથે સંમતિમાં

બની રહીને તમારા વિશ્વાસને બોલતા રહો.

જયારે બાબતો બદતર બનતી જતી હોય ત્યારે પણ આપણે અડગપણે આપણા વિશ્વાસની કબૂલાતને દ્રઢતાથી પકડી રાખવી જોઈએ. આપણી કબૂલાતની રજૂઆત કરનાર અને જે પોતાના વચનો પ્રત્યે વિશ્વાસયોગ્ય છે, એવા સ્વર્ગમાં આપણા મહાન પ્રમુખયાજક છે. તમારા વિશ્વાસને બોલતા રહો અને ઈશ્વર અને તેમના વચનની સંમતિમાં બન્યા રહો.

# 64
# તેમના શબ્દો વડે જગત રચાયું

**હિબ્રૂઓને પત્ર 11:3**
**વિશ્વાસથી આપણે સમજીએ છીએ કે ઈશ્વરના શબ્દથી જગતો ઉત્પન્ન થયા, એટલે જે જે દૃશ્ય છે, તે તે દૃશ્યમાન વસ્તુઓથી ઉત્પન્ન થયાં નથી.**

વિશ્વાસ વડે, આપણે જાણીએ છીએ કે જગતો ઈશ્વરના વચન વડે રચાયા (સર્જવામાં આવ્યા, રચના કરવામાં આવ્યા, આકાર આપવામાં આવ્યા, બાંધણી કરવામાં આવ્યા). અદ્રશ્ય, આત્મિક ક્ષેત્રમાંથી દ્રશ્ય, ભૌતિક જગત નીકળી આવ્યું. તેમના શબ્દ વડે ઈશ્વરે સઘળું સર્જ્યું, અને શૂન્યમાંથી સર્જન કર્યું. ભૌતિક, દ્રશ્યમાન જગતમાં જે છે તે સઘળું ઈશ્વર અને તેમના વચનને આધીન છે.

તેથી, ચાલો આપણે વસ્તુઓને આ રીતે જોઈએ. આપણે જેમાં જીવીએ છીએ તેમાં આપણા દરેકનું પોતાનું જગત છે. “આપણા જગતો” એ આપણી જવાબદારી અને પ્રભાવનું વ્યક્તિગત ક્ષેત્ર-જેમ કે આપણા ઘરો, કુટુંબો, કારકિર્દીઓ, વ્યવસાય, સેવાનું ક્ષેત્ર વગેરે છે. કેટલીક બાબતો એવી છે જે આપણા જગતોમાં અસ્તિત્વ ધરાવતી નથી. ઈશ્વર તેમના વચનના સામર્થ્ય વડે, અસ્તિત્વ ના ધરાવતી બાબતોને આપણા જગતોમાં અસ્તિત્વમાં લાવી શકે છે. તેમનું વચન આપણા જગતોનું સર્જન, રચના, બાંધણી કરી શકે છે અને એને આકાર આપી શકે છે. કદાચ આજે તમારા જગત તરફ જોતા તે તમને “અસ્તવ્યસ્ત અને ખાલી” અંધારું અને શૂન્યાવકાશ જેવું લાગે, કદાચ તમે જે બાબતોની ઈચ્છા રાખો છો, જે બાબતોનો ઈશ્વરના વચનોમાં ખાતરી આપવામાં આવી છે, તેનું અસ્તિત્વ તમારા જગતમાં ના જણાતું હોય. શું તમે એ વિશ્વાસ કરો છો કે

તમારા જગતમાં સર્જન કરવાનું સામર્થ્ય ઈશ્વરના વચનમાં છે? શું તમે એ વિશ્વાસ કરો છો કે ઈશ્વરનું વચન, જે બાબત તમારા જગતમાં અસ્તિત્વ ધરાવતી નથી, તેને અસ્તિત્વમાં લાવી શકે છે? ઈશ્વરના વચનનો કેડો પકડો. તેમનું વચન સત્ય છે. તેમનું વચન જીવંત અને સામર્થ્યથી ભરપૂર છે. તેમના વચન પર વિશ્વાસ કરો. તમારા જગત પર તેમનું વચન બોલો. તેમનું વચન તમારા જગતનું સર્જન, રચના, બાંધણી કરે અને તેને યોગ્ય રૂપ આપે તેવું થવા દો. તમારા વિશ્વાસને બોલો.

# 65
# ઈશ્વરે કહ્યું છે માટે આપણે પણ હિંમતથી કહીએ

**હિબ્રૂઓને પત્ર 13:5,6**

**5 તમારો સ્વભાવ નિર્લોભી થાય; પોતાની પાસે જે હોય તેથી સંતોષી રહો; કેમ કે તેમણે કહ્યું છે કે, હું તને મૂકી દઈશ નહિ, અને તને તજીશ પણ નહિ.**
**6 તો આપણે ખાતરીપૂર્વક કહી શકીએ છીએ કે,**
**"પ્રભુ મને સહાય કરનાર છે; હું બીહિશ નહિ: માણસ મને શું કરનાર છે?"**

હિબ્રૂઓના પુસ્તકના લેખક પાસે, આપણે કેવી રીતે બોલવું જોઈએ તે વિષે એક સરળ તાર્કિક આધાર છે—ઈશ્વર બોલ્યા છે તે કારણે આપણે હિંમતથી કહીએ છીએ. ઈશ્વરે પોતે જે કહ્યું છે તેની સંમતિમાં આપણે હિંમતપૂર્વક તેનું સમર્થન કરીએ છીએ અને તે બોલીએ છીએ.

ઈશ્વરે કહ્યું છે, *"હું તને કદી તજીશ નહિ કે તને તરછોડી દઈશ નહિ."* તેથી, આપણે હિંમતપૂર્વક કહીએ છીએ, "ઈશ્વર મારા સહાયક છે માટે હું બીવાનો નથી."

ઈશ્વરે કહ્યું છે, *"તેમના ઘાઓથી આપણે સાજા થયા છીએ."* તેથી, આપણે હિંમતપૂર્વક કહીએ છીએ, "તેમણે મારા રોગ માથે લીધા છે, અને મારી પીડાઓ વેઠી છે, અને તેમના ઘાઓથી હું સાજો થયો છું."

ઈશ્વરે કહ્યું છે, "તમે નદીઓના પાણી પાસે રોપાયેલા ઝાડના જેવા થશો." તેથી, આપણે હિંમતપૂર્વક કહીએ છીએ, "હું ઋતુ પ્રમાણે મારા ફળ આપું છું, મારા પાંદડા ચીમળાશે નહિ, અને હું જે કંઈ કરીશ તેમાં હું સફળ થઈશ."

આમાં આપણે બીજી બાબતો ઉમેરી શકીએ છીએ.

હંમેશા અને દરેક પરિસ્થિતિમાં, ઈશ્વરે જે કહ્યું છે તે હિંમતપૂર્વક કહેવાની આદત પાડો. તમારા વિશ્વાસને હિંમતપૂર્વક બોલો, કારણ કે ઈશ્વરે જે કહ્યું છે તે તમે જાણો છો અને તેથી તમે તેમની સાથેની સંમતિમાં બોલી શકો છો. તે તમને નિરાશ નહિ થવા દે.

બે જણા સાથે ત્યારે જ ચાલી શકે જયારે તેઓ એકબીજા સાથે સંમત હોય (આમોસ 3:3). આપણે ઈશ્વર સાથે સંમત હોઈએ તો જ આપણે ઈશ્વર સાથે ચાલી શકીએ. તેમના વચન સાથે સંમત થવા દ્વારા આપણે ઈશ્વર સાથે સંમત થઈએ છીએ. ઈશ્વર બોલ્યા છે, અને તેથી જ, આપણે ઇરાદાપૂર્વક અને હિંમતપૂર્વક તેમની સાથેની સંમતિમાં બોલીએ છીએ.

# 66
# તમારી જીભનું સંચાલન કરો, તમારા સમગ્ર વ્યક્તિત્વનું સંચાલન કરો

**યાકૂબનો પત્ર 1:26**
**જો તમારામાંનો કોઈ માને કે હું પોતે ધાર્મિક છું, પણ પોતાની જીભને વશ કરતો નથી, તે પોતાના મનને છેતરે છે, અને એવા માણસની ધાર્મિકતા વ્યર્થ છે.**

**યાકૂબનો પત્ર 3:1-6**
**1 મારા ભાઈઓ, તમારામાંના ઘણા ઉપદેશકો ન થાઓ, કેમ કે તમે જાણો છો કે આપણ [ઉપદેશકો]ને તો વિશેષે કરીને ભારે સજા થશે.**
**2 કેમ કે આપણે સઘળા ઘણી બાબતમાં ભૂલ કરીએ છીએ. જો કોઈ બોલવામાં ભૂલ કરતો નથી, તો તે સંપૂર્ણ માણસ છે, અને પોતાના આખા શરીરને પણ અંકુશમાં રાખવાને શક્તિમાન છે.**
**3 જુઓ, ઘોડા કબજે રહે માટે આપણે તેઓના મોંમાં લગામ ઘાલીને તેઓના આખા શરીરને ફેરવીએ છીએ.**
**4 જુઓ, વહાણો પણ કેટલા બધા મોટાં છે, તેઓ ભારે પવનથી ધકેલાય છે, તોપણ બહુ નાના સુકાનથી સુકાનીની મરજી હોય તે તરફ તેઓને ફેરવવામાં આવે છે.**
**5 તેમ જીભ પણ એક નાનો અવયવ છે, છતાં તે મોટી મોટી બડાશ મારે છે. જુઓ, કેટલો થોડો અગ્નિ કેટલા મોટા વનમાં દવ લગાડે છે!**
**6 જીભ તો અગ્નિ છે, દુષ્ટતાનું જગત છે; આપણા અવયવોમાં જીભ એવી છે કે, તે આખા શરીરને મલિન કરે છે, તે ભૂમંડળને સળગાવે છે, અને પોતે નરકથી સળગાવવામાં આવેલી છે.**

એક “સંપૂર્ણ માણસ” એટલે પૂરેપૂરો વિકસિત અને પરિપક્વ વ્યક્તિ. આત્મિક રીતે કહીએ તો, એ એવો વ્યક્તિ છે જે પોતાની જીભને અંકુશમાં રાખી શકતો હોય છે. જયારે આપણે આપણા શબ્દોનું ધ્યાન રાખી શકીએ અને આપણી જીભને લગામ લગાવી શકીએ છીએ ત્યારે આપણે આપણા આખા શરીર પર અંકુશ કે

પ્રભુત્વ ધરાવી શકીએ છીએ અથવા *"દરેક રીતે આપણી જાતને નિયંત્રણમાં રાખી શકીએ છીએ"* (ધ પેશન ટ્રાન્સલેશન).

આ આપણી જીભનું સંચાલન કરવા અથવા આપણે જે બોલીએ છીએ તેને નિયંત્રિત કરવા માટે આપણે સક્ષમ હોવાના મહત્વને દર્શાવે છે. આપણા શબ્દો પર નિયંત્રણ રાખવા માટેનું એક ઉત્તમ શિસ્ત એ છે કે આપણે ઈશ્વર મંજૂર રાખે એવા શબ્દો હંમેશા બોલતા રહીએ તે સુનિશ્ચિત કરી લઈએ. ઈશ્વરની દ્રષ્ટિમાં જે ખુશકારક હોય તે આપણે બોલીએ. જેનાથી ઈશ્વરને મહિમા મળે એવું બોલો. તેમના વચન સાથે અનુરૂપ હોય તે બોલો. વિશ્વાસ બોલો. જો આપણે આ કરી શકીએ તો આપણે દરેક રીતે આપણી જાતનું સંચાલન કરી શકીશું.

આપણી જીભોને પ્રશિક્ષિત કરવાનો એક ઉત્તમ માર્ગ છે, ઈશ્વરનું વચન જે કહે છે તે ઈરાદાપૂર્વક કહેતા રહેવાની ટેવ પાડવી. પવિત્ર શાસ્ત્રમાં આપણે ઘણી બધી આત્મિક ટેવો વિષે જોઈએ છીએ. દાખલા તરીકે, આપણે એ જાણીએ છીએ કે આપણે ઈશ્વરને સ્તુતિ આરાધનાના અર્પણો ચઢાવીએ છીએ. આપણે કેવી રીતે પ્રાર્થના કરવી અને વિવિધ પ્રકારની પ્રાર્થનાઓમાં શામેલ થવું તે જાણીએ છીએ. કેવી રીતે ઈશ્વરનું વચન વાંચવું, કેવી રીતે તેનો અભ્યાસ કરવો, કેવી રીતે ઈશ્વરના વચનનું મનન કરવું, એ આપણે જાણીએ છીએ. બસ એજ રીતે, આપણા આત્મિક શિસ્તના એક ભાગ તરીકે, ઈશ્વરનું વચન બોલવા માટે આપણે સમય ફાળવી શકીએ છીએ. આ પુસ્તકની શરૂઆતમાં, અમે ઈશ્વરના વચનમાંથી ઘોષણાઓના ઉદાહરણો આપ્યા છે, જે વ્યક્તિગત રીતમાં લખવામાં આવ્યા છે, જેમાં A થી લઈને Z સુધીના જીવનના ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. તમે તમારા પોતાના જીવન પર ઈશ્વરના વચનની ઘોષણા કરવા આ પદ્ધતિ કે અન્ય પદ્ધતિનો ઉપયોગ કરી શકો છો. તેને એક અર્થહીન ધાર્મિક વિધિ તરીકે અથવા કોઈ બોક્ષને દરરોજ

તપાસતા હોય તે રીતે કરશો નહિ. સત્યથી પ્રેરિત થઈને તે કરો કારણ કે તમારી પાસે તમારા વિશ્વાસને બોલવાના મહત્વ વિશેનું પ્રકટીકરણ અથવા તેની સમજણ છે. આ રીતે જયારે તમે તમારી જીભને તાલીમ આપતા જશો, ત્યારે તમારા શબ્દોની કાળજી રાખવાનું અને તમે તેમના વચન સાથેની સંમતિમાં બોલો તે સુનિશ્ચિત કરવાનું તમારા માટે સામાન્ય બનતું જશે. તમારા વિશ્વાસને બોલવાનું તમારા માટે સામાન્ય બની જશે.

# 67
# તમારા શબ્દો તમારા જીવનને દોરે છે, તેનો દોરી સંચાર કરે છે અને આશીર્વાદિત કરે છે

**યાકૂબનો પત્ર 3:3-6**
**3 જુઓ, ઘોડા કબજે રહે માટે આપણે તેઓના મોંમાં લગામ ઘાલીને તેઓના આખા શરીરને ફેરવીએ છીએ.**
**4 જુઓ, વહાણો પણ કેટલા બધા મોટાં છે, તેઓ ભારે પવનથી ધકેલાય છે, તોપણ બહુ નાના સુકાનથી સુકાનીની મરજી હોય તે તરફ તેઓને ફેરવવામાં આવે છે.**
**5 તેમ જીભ પણ એક નાનો અવયવ છે, છતાં તે મોટી મોટી બડાશ મારે છે. જુઓ, કેટલો થોડો અગ્નિ કેટલા મોટા વનમાં દવ લગાડે છે!**
**6 જીભ તો અગ્નિ છે, દુષ્ટતાનું જગત છે; આપણા અવયવોમાં જીભ એવી છે કે, તે આખા શરીરને મલિન કરે છે, તે ભૂમંડળને સળગાવે છે, અને પોતે નરકથી સળગાવવામાં આવેલી છે.**

યાકૂબ પવિત્ર આત્માની દોરવણી હેઠળ લખતી વખતે, આપણે જે શબ્દો બોલીએ છીએ તેની શક્તિ અને પ્રભાવ પ્રગટ કરવા, આપણા જગતના ચિત્રોનો ઉપયોગ કરે છે. તે જે ઉપમાઓનો ઉપયોગ કરે છે તેઓને ધ્યાનમાં લો—ઘોડાઓના મોંમાં લગામ, વહાણોમાં સુકાન, વનમાં સળગતી આગ. એક જોરાવર ઘોડાને, તેના મોંમાં ઘાલેલી લગામ વડે, એક ઘોડેસવાર પોતે ઈચ્છે તે દિશામાં નિયંત્રિત કરી શકે છે અને વાળી શકે છે. એજ રીતે, એક મોટા વહાણને પવન અને મોજાઓની વચ્ચે, એક નાના સુકાનથી એક સુકાની વડે દોરવામાં આવે છે. થોડો અગ્નિ આખા વનને ભસ્મ કરી શકે છે. મુદ્દો એ છે કે આપણા શબ્દો નાના, દમ વગરના અને અર્થહીન લાગે. છતાં, પવિત્ર આત્મા આપણને એ જણાવવા માંગે છે કે, જે શબ્દો આપણે

બોલીએ છીએ તે સામર્થી છે, અને આપણા સમગ્ર જીવનને તે દોરવણી, દિશાનિર્દેશ આપી શકે છે અને તેનું સંચાલન કરી શકે છે.

યાકૂબ, કલમ 6માં, દુષ્ટ જીભ વિષે લખે છે. એક દુષ્ટ જીભ નરકથી આવેલી "આગ વડે સળગાવામાં આવેલી" કે દુષ્ટતા વડે પ્રેરિત થયેલી કે ભડકાવાયેલી હોય છે. અહીં દર્શાવેલ દુષ્ટ જીભનાં પ્રભાવને ધ્યાનમાં લો. એક દુષ્ટ જીભ વ્યક્તિના સમગ્ર શરીર કે વ્યક્તિત્વ (આત્મા, પ્રાણ અને શરીર) ને ભ્રષ્ટ કરે છે. તે વ્યક્તિના સમગ્ર જીવનક્રમને "આગ લગાડે છે" અથવા તેને અસર કરે છે, તેને પ્રભાવિત કરે છે અને તેની વગ હેઠળ લાવી દે છે. દુષ્ટ શબ્દો, આપણા આખા વ્યક્તિત્વને અને આપણા સમગ્ર જીવન ક્રમને ભ્રષ્ટ અને નષ્ટ કરે છે. હવે, જો આપણી પાસે સારી જીભ હોય તો કેવું—એવી જીભ જે ઈશ્વરના વચનની "આગથી સળગાવામાં આવેલી" હોય (ઈશ્વરનું વચન આગ સમાન છે. યર્મિયા 23:29). સારી જીભ ઈશ્વરના વચનથી પ્રેરિત હોય છે અને તેને અનુરૂપ બોલે છે. આવા શબ્દો આપણા સંપૂર્ણ વ્યક્તિત્વને આશીર્વાદ આપે છે અને તેની ઉન્નતિ કરશે, અને આપણા સમગ્ર જીવનક્રમને આશીર્વાદ આપશે અને તેની ઉન્નતિ કરશે.

આપણા શબ્દો, આપણા સમગ્ર જીવનક્રમને દોરે છે, સંચાલિત કરે છે અને તેને દિશા નિર્દેશ આપે છે. આપણા શબ્દો આપણા સંપૂર્ણ વ્યક્તિત્વને અને આપણા સમગ્ર જીવનક્રમને આશીર્વાદ આપી શકે છે અને તેની ઉન્નતિ કરી શકે છે. વચન બોલો. વિશ્વાસના શબ્દો બોલો. તમે જે શબ્દો બોલો તે તમારા જીવનને આશીર્વાદ આપે અને તેની ઉન્નતિ કરે તેવું થવા દો.

# 68
# સાતત્યતાથી વિશ્વાસને બોલો

**યાકૂબનો પત્ર 3:7-12**

**7 કેમ કે દરેક જાતનાં જાનવરો, પક્ષીઓ, પેટે ચાલનારાઓ તથા સમુદ્રમાં રહેનારાં પ્રાણીઓ વશ થાય છે, અને માણસોએ તેમને વશ કર્યાં છે;**

**8 પણ જીભને કોઈ માણસ વશ કરી શકતું નથી. તે [બધે] ફેલાતી મરકી છે, અને પ્રાણઘાતક ઝેરથી ભરપૂર છે.**

**9 એનાથી આપણે પ્રભુ પિતાની સ્તુતિ કરીએ છીએ, અને એનાથી ઈશ્વરની પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન થયેલાં માણસોને શાપ પણ દઈએ છીએ.**

**10 એક જ મોંમાંથી સ્તુતિ તથા શાપ નીકળે છે. મારા ભાઈઓ, આમ તો ન જ થવું જોઈએ.**

**11 શું ઝરણ એક જ મુખમાંથી મીઠું તથા ખારું પાણી આપે?**

**12 મારા ભાઈઓ, શું અંજીરી જૈતફળ અથવા દ્રાક્ષાવેલો અંજીર આપી શકે? તેમ જ ખારું ઝરણ મીઠું પાણી આપી શકતું નથી.**

યાકૂબ પવિત્ર આત્મા વડે, આપણા બોલાયેલા શબ્દો સાતત્યપૂર્ણ રીતે સારાં, યોગ્ય, શુદ્ધ અને ચોખ્ખા હોવાના મહત્વ વિષે સંબોધન કરે છે. આપણે સર્વ સમયે આપણા શબ્દો પર નિયંત્રણ રાખવું જોઈએ જેથી આપણે હંમેશા જીવન અને આશીર્વાદ બોલીએ. આપણે બે મોંવાળા એટલે કે કોઈવાર જીવન અને આશીર્વાદ બોલનારા અને અન્ય કોઈવાર મરણ અને શાપ બોલનારા બનવાનું નથી. હંમેશા, ને હંમેશા, દરેક પરિસ્થિતિમાં સાતત્યતાથી જીવન અને આશીર્વાદ બોલો.

એ જ પ્રમાણે, આપણે કોઈવાર વિશ્વાસ અને બીજા સમયે ડર, શંકા અને અવિશ્વાસ બોલવા જોઈએ નહિ. હંમેશા, સાતત્યતાથી વિશ્વાસ બોલો. જો આપણે આપણા હૃદયો અને મનોને સાતત્યતાથી ઈશ્વરના વચનથી ભરીએ તો આપણે આ કરી શકીએ છીએ. જો આપણે આપણી જાતોને સાતત્યતાથી

વિશ્વાસના વચન વડે પોષીએ તો પછી આપણે વિશ્વાસના શબ્દો સાતત્યતાથી બોલીશું.

તમારી જીભને લગામ દો. હંમેશા, જીવન, આશીર્વાદ અને વિશ્વાસ બોલવા માટે તમારી જાતને તાલીમ આપો. સાતત્યતાથી તમારા વિશ્વાસને બોલો.

# 69
# શેતાનનો સામનો કરો

**યાકૂબનો પત્ર 4:7**
**માટે તમે ઈશ્વરને આધીન થાઓ; પણ શેતાનની સામા થાઓ, એટલે તે તમારી પાસેથી નાસી જશે.**

આપણે ઈશ્વરની આધિનતા હેઠળ આવવાનું છે અને પછી શેતાનની સામા થવાનું છે. "સામા થવું" શબ્દનો અર્થ "શેતાન જે બાબતો આપણી સામે રજૂ કરે તેની વિરુદ્ધ ઊભા રહેવું અને તેનો વિરોધ કરવો" એવો થાય છે. જેમ નવા કરાર શાસ્ત્રમાં આપણે જોઈએ છીએ તેમ, આત્માની તરવાર જે ઈશ્વરનું વચન છે, તેનો ઉપયોગ કરતા "લખેલું છે" એમ કહીને ઈશ્વરના વચનથી, અને ઈસુ ખ્રિસ્તમાં આપણને જે અધિકાર છે તે વડે આદેશના શબ્દો બોલીને, આપણે શેતાનની સામા થઈએ છીએ. શેતાન જે કરવાના પ્રયત્નો કરી રહ્યો છે તેનો પ્રતિકાર કરવાના અને આક્રમકતાથી તેનો વિરોધ કરવાના એક ભાગ તરીકે, ઈશ્વરનું વચન બોલવાનું એટલું જ મહત્વ છે જેટલું મહત્વ તેમના વચન પર મનન ચિંતન કરવાનું છે.

જ્યારે શત્રુ, ખોટા અને દુષ્ટ વિચારો, યુક્તિઓ, કલ્પનાઓ, દલીલો, અને તર્કને તમારા મનમાં નાખે ત્યારે, તે બાબત સંબંધી ઈશ્વરનું વચન જે કહે છે તેને તમારા માનસપટ પર તરત જ લાવવું બહુ જ મહત્વનું છે. અને શેતાન દ્વારા રજૂ કરાયેલ તે દુષ્ટ યુક્તિ વિષે ઈશ્વરનું વચન જે કહે છે તે બોલવું પણ એટલું જ મહત્વનું છે. આપણે બોલી પડીએ છીએ કે "લખેલું છે."

દ્રઢ અને આક્રમક બનીને આવું કરતા રહો. તમારા

વિશ્વાસમાં દ્રઢ રહીને શેતાનની સામા થાઓ (પિતરનો પહેલો પત્ર 5:9). તમારા વિશ્વાસને બોલો. જેટલી વાર શેતાન પાછો આવે એટલી વાર તમારા વિશ્વાસને બોલતા રહો. શેતાનને એ જાણ થવા દો કે તમે એને તમારા જીવનમાં પગ મુકવાની પણ જગ્યા આપવાના નથી.

# 70
# આશીર્વાદના શબ્દો વહેતા કરો

**પિતરનો પહેલો પત્ર 3:8-12**
**8 છેવટે, તમે સર્વ એક મનનાં, બીજાના સુખદુ:ખમાં ભાગ લેનારા, ભાઈઓ પર પ્રીતિ રાખનારા, કરુણાળુ તથા નમ્ર થાઓ.**
**9 ભૂંડાઈને બદલે ભૂંડાઈ ને નિંદાને બદલે નિંદા ન કરો; પણ તેથી ઊલટું આશીર્વાદ આપો; કેમ કે તમે આશીર્વાદના વારસ થાઓ, એ માટે તમને તેડવામાં આવ્યા છે.**
**10 કેમ કે, "જે માણસ દીર્ઘાયુષ્ય ચાહે છે, અને સારા દિવસો જોવાને ઈચ્છે છે, તેણે પોતાની જીભને દુષ્ટતાથી, અને પોતાના હોઠોને કપટી વાતો બોલવાથી અટકાવવા;**
**11 તેણે દુષ્ટતાથી દૂર રહેવું, ને ભલું કરવું; તેણે સલાહશાંતિ શોધવી, અને તેની પાછળ મંડયા રહેવું.**
**12 કેમ કે ન્યાયીઓ પર પ્રભુની નજર છે; અને તેઓની પ્રાર્થનાઓ તેમને કાને પડે છે; પણ પ્રભુ દુષ્ટતા કરનારાઓથી વિમુખ છે".**

આપણને શાપ આપવામાં આવ્યો હોય કે આપણી સાથે અન્યાય થયો હોય ત્યારે તેના બદલામાં આશીર્વાદ આપવાનો એક માર્ગ છે: આશીર્વાદ બોલવો. ઈસુએ આપણને શીખવ્યું છે, *"જેઓ તમને શાપ દે તેઓને આશીર્વાદ આપો"* (માથ્થી 5:44). તેથી, આપણી સાથે અન્યાય થયો હોવા છતાં, આપણે ઇરાદાપૂર્વક તેઓના પર આશીર્વાદના શબ્દો બોલીએ છીએ. આ આપણી પસંદગી હોય છે. તમારી જીભને કાબૂમાં રાખવાનું પસંદ કરો અને તેને ભૂંડા શબ્દો બોલવાની અનુમતી આપશો નહિ. રોકો. તેના બદલે, જાણીજોઈને આશીર્વાદના શબ્દો બોલવાની પસંદગી કરો. ઈશ્વરની સમક્ષ જાઓ અને કહો, "પિતા, ઈસુના નામમાં, હું ફલાણી ફલાણી વ્યક્તિ પર આશીર્વાદ બોલું છું. જો કે તેઓએ મને દુ:ખ પહોંચાડયું હોય, તેમ છતાં, ઈસુના નામમાં, હું તેઓના જીવનો પર આશીર્વાદ

બોલું છું. જીવનના દરેક ક્ષેત્રમાં તેમની સાથે સઘળું સારું થવા પામે. તેઓ ફળવંત અને આશીર્વાદિત થાય."

એકવાર ખાનગીમાં તેઓના પર આશીર્વાદ પ્રવાહિત કર્યા બાદ, બીજાઓની આગળ તેઓની કૂથલી કરીને એ કહેતા નહિ કે તેઓએ તમારી સાથે કેવો તુચ્છ વ્યવહાર કર્યો અને તમારી સાથે કેવો અન્યાય કર્યો કે તમને દુઃખી કર્યા છે. તમારી જીભને ભૂંડું બોલતા અટકાવો. આશીર્વાદ વહાવીને તમે તમારી જાતને આશીર્વાદનો વારસો મેળવવા કે તે પ્રાપ્ત કરવાની દશામાં મૂકી છે. ઈશ્વરની દ્રષ્ટિ તમારાં પર છે. તમે સારું જીવન જીવો અને સારાં દિવસો જોવા પામો એ તે સુનિશ્ચિત કરશે. હંમેશા આશીર્વાદના શબ્દો વહેતા કરો. વિશ્વાસથી આશીર્વાદના શબ્દો બોલો.

# 71
# શબ્દો વિજય માટેના વિશ્વાસને વહેતો કરે છે

**યોહાનનો પહેલો પત્ર 5:1,4**
**[1] ઈસુ એ જ ખ્રિસ્ત છે એવો જે કોઈ વિશ્વાસ કરે છે, તે ઈશ્વરથી જન્મેલો છે; અને જન્મ આપનાર પર જે કોઈ પ્રેમ રાખે છે તે તેમનાથી જન્મેલા પર પણ પ્રેમ રાખે છે.**
**[4] કેમ કે જે કોઈ ઈશ્વરથી જન્મેલું છે તે જગતને જીતે છે; અને જે જયે જગતને જીત્યું છે તે આપણો વિશ્વાસ છે.**

ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ વડે આપણે ઈશ્વરથી જન્મેલા છીએ. આપણી અંદર ઈશ્વરનું જીવન અને સ્વભાવ છે. આપણે તેમના દીકરા અને દીકરીઓ છીએ. અને આપણે ઈશ્વરથી જન્મેલા છીએ માટે આપણે વિજયવંત છીએ. જગત, દેહ અને શેતાન પર વિજયવંત થઈને જીવવા માટેની તમામ બાબતોથી આપણે ભરપૂર છીએ. અને આ શાસ્ત્રભાગ એ સ્પષ્ટ કરે છે કે ઈશ્વરમાં આપણા વિશ્વાસનો ઉપયોગ કરવાને લીધે આપણને વિજય મળે છે. જો આપણે જયવંત, વિજયી જીવન જીવવું હોય તો આપણે વિશ્વાસમાં ચાલવું જ પડશે. આપણે કેવળ આપણી સ્વ-ઈચ્છા શક્તિ કે આપણી બુદ્ધિ શક્તિથી જયવંત તરીકે વિજયી જીવન જીવી શકતા નથી. ઈશ્વરે કહ્યું છે કે જગત પર વિજય પામવાનો એક માત્ર માર્ગ આપણા વિશ્વાસ મારફતે છે.

આખા પવિત્રશાસ્ત્રમાં આપણને જોવા મળતો, અને જેને અમે આ પુસ્તકમાં ઉજાગર કર્યો છે એ વિશ્વાસનો ચાવીરૂપ સિદ્ધાંત એ છે કે વિશ્વાસ બોલે છે. વિશ્વાસ શબ્દો મારફતે વ્યક્ત થાય છે. આપણે વિશ્વાસના શબ્દો એટલે કે ઈશ્વરમાં, તેમના વચનમાં, અને ઈસુ ખ્રિસ્તે આપણા માટે જે સર્વ સિદ્ધ કર્યું છે

તેમાં આપણા વિશ્વાસને વ્યક્ત કરનારા શબ્દો બોલવા જોઈએ. આવું કરતા રહેવું એ જગત, દેહ અને શેતાન પર આપણે જયવંત થઈએ અને વિજયી જીવન જીવીએ તે માટેનો એક માર્ગ છે.

તમારા વિશ્વાસને બોલો. જયવંત તરીકે અને વિજયી જીવન જીવવા માટેની તે એક ચાવી છે.

# 72
# આપણે ઈશ્વરના છીએ, માટે ઈશ્વર તરફથી બોલતા હોઈએ તેમ આપણે બોલીએ

**યોહાનનો પહેલો પત્ર 4:4-6**

**4 બાળકો, તમે ઈશ્વરના છો, ને તમે તેઓને જીત્યા છે; કેમ કે જગતમાં જે છે તેના કરતાં તમારામાં જે છે તે મોટા છે.**
**5 તેઓ જગતના છે; તેથી તેઓ જગત સંબંધી બોલે છે, અને જગત તેઓનું સાંભળે છે.**
**6 આપણે ઈશ્વરના છીએ: જે ઈશ્વરને ઓળખે છે તે આપણું સાંભળે છે; જે ઈશ્વરનો નથી તે આપણું સાંભળતો નથી. એથી આપણે સત્યના આત્માને તથા ભ્રાંતિના આત્માને ઓળખી શકીએ છીએ.**

પ્રેરિત યોહાન બે પ્રકારના લોકો વચ્ચે વિસંગતતા રજૂ કરે છે. જેઓ *"જગતના"* છે અને જેઓ *"ઈશ્વરના"* છે. તે નોંધે છે કે જેઓ જગતના છે તેઓ આ બાબતથી ઓળખાઈ આવે છે –*"તેઓ જગત સંબંધી બોલે છે"* તેઓ જગતની ભાષા, જગતની બાબતો વિષે બોલે છે અને જગતના આત્માને પ્રગટ કરે છે. તેથી, જગત તેઓ તરફ ધ્યાન આપે છે. તોપણ, આપણે *"ઈશ્વરના"* છીએ એનો સૂચિત અર્થ એ છે કે આપણે *"ઈશ્વરના"* છીએ એ રીતે બોલીએ છીએ, અને જેઓ ઈશ્વરને ઓળખે છે તેઓ આપણે જે બોલીએ છીએ તે સાંભળે છે, સમજે છે અને તે તરફ ધ્યાન આપે છે.

આપણે *"ઈશ્વરના"* છીએ, તેથી આપણે *"ઈશ્વરના"* છીએ એ રીતે બોલીએ છીએ. આપણે અલગ જ ભાષા બોલીએ છીએ. આપણે ઈશ્વરના વચનની ભાષા બોલીએ છીએ. આપણે ઈશ્વરના વચનના સત્યને અનુરૂપ બોલીએ છીએ.

તમે *"ઈશ્વરના છો"* એ યાદ રાખો. જયારે તમે જેઓ "જગતના" છે તેઓની આસપાસ હો ત્યારે, તમે જગતને અનુરૂપ બનવાનું અને *"જગતના"* હો એ રીતે બોલવાનું દબાણ અનુભવશો પણ, તમારે આ જગતના દબાણને વશ થવાનું નથી. તમે ઈશ્વરના છો. તમે જયવંત છો. તમે ભ્રાંતિના આત્મા પર, આ યુગના આત્મા પર, અને ખ્રિસ્ત વિરોધીના આત્મા પર જય મેળવ્યો છે. તમારામાં જે છે તે આ જગતમાં જે છે તેના કરતાં મોટા છે. તમારે આ જગતની ભાષા કે આ *"જગતનું"* છે એ રીતે બોલાયેલી બાબતો સાથે સંમત થવાનું નથી. તમે તમારા શબ્દો પસંદ કરો છો. તમે "ઈશ્વરના" છો એ રીતે બોલો છો. તમે ઈશ્વરના વચનને અનુરૂપ બોલો છો. તમારા વિશ્વાસને બોલો.

# 73
# આપણે હલવાનના લોહીથી અને આપણી સાક્ષીના વચનથી વિજય પામીએ છીએ

**પ્રકટીકરણ 12:11**
**તેઓએ હલવાનના રક્તથી તથા પોતાની સાક્ષીના વચનથી તેને જીત્યો છે; અને છેક મરતાં સુધી તેઓએ પોતાના જીવને વહાલો ગણ્યો નહિ.**

શેતાન આપણો શત્રુ છે. શેતાન અને તેનાં અપદૂતોને હરાવી દેવામાં અને સામર્થ્યહીન કરી દેવામાં આવ્યા છે. તેઓની આ કમજોર દશામાં તેઓની પાસે કેવળ જૂઠાણા, છેતરપિંડી, દોષારોપણ, ધાકધમકીનો ઉપયોગ કરીને મનની સાથે રમતો રમવાની ક્ષમતા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. તેથી જ તેને ભાઈઓ પર દોષ મૂકનાર કહેવામાં આવ્યો છે, જે સતત આપણા મનો પર તેના આરોપોનો બોજ લાદ્યા કરે છે, અને આ રીતે તે આપણા મનોમાં આપણને ઈશ્વરની આગળ દોષિત ઠરાવે છે. તે આપણને ઈશ્વરની આગળ આપણે નિર્માલ્ય, દોષિત અને અપ્રિય હોવાની લાગણીમાં દોરી જવાના પ્રયાસો કરે છે.

પ્રકટીકરણ 12માં, યોહાન, કેવી રીતે આપણે વિશ્વાસીઓ, શત્રુ અને તેના આરોપો પર જયવંત બનીએ તે માટેની સામર્થી ચાવી વિષે જણાવે છે. આપણે હલવાનના રક્તથી અને આપણી સાક્ષીના વચનથી શેતાન પર જીત પામીએ છીએ. આપણે ઈસુના લોહીએ આપણા માટે જે કર્યું છે તે પર વિશ્વાસ કરીએ છીએ, અને આપણે બોલીએ છીએ અને આપણી સાક્ષીની ઘોષણા કરીએ છીએ. ઈસુના લોહીએ વ્યક્તિગત રીતે આપણા માટે શું કર્યું છે તેની આપણે ઘોષણા કરીએ છીએ. ઈસુના લોહીએ આપણા માટે જે કર્યું છે તેની સાક્ષીના વચન આપણે બોલવા જોઈએ, તેની ઘોષણા કરવી જોઈએ. ઈસુ ખ્રિસ્તે તેમના વધસ્તંભ વડે

આપણા માટે જે સિદ્ધ કર્યું છે તે અને આપણે તેમના સિદ્ધ કરેલ કાર્ય પર વિશ્વાસ કરીએ છીએ તેની આપણા મુખથી ઘોષણા કરીને કહેવી જોઈએ. હલવાનના લોહીએ આપણા માટે જે કર્યું છે તેની આપણી ઘોષણા શત્રુને કચડી નાખે છે. વધસ્તંભ દ્વારા ખ્રિસ્તે તમારા માટે જે કર્યું છે તેમાં તમારા વિશ્વાસની ઘોષણા કરો. તમારા વિશ્વાસને બોલો.

# શું તમે જાણો છો કે ઈશ્વર તમને પ્રેમ કરે છે?

આશરે 2000 વર્ષ અગાઉ, ઈશ્વર આ જગતમાં માનવ તરીકે આવ્યા. તેમનું નામ ઇસુ છે. તેઓ સંપૂર્ણપણે પાપરહિત જીવન જીવ્યા. જે રીતે ઇસુ દૈહિક રીતે ઈશ્વર હતા, તેથી તેમણે જે કહ્યું અને કર્યું તે આપણી સમક્ષ ઈશ્વરને પ્રગટ કરે છે. તેઓ જે શબ્દો બોલ્યા તે સાચે જ ઈશ્વરના શબ્દો હતા. તેઓએ જે બાબતો કરી તે દરેક ઈશ્વરના કાર્યો હતા. ઇસુએ પૃથ્વી પર ઘણાં ચમત્કારો કર્યા. તેમણે માંદાઓને સાજા કર્યા અને દુ:ખીઓના દુ:ખ દૂર કર્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓના કાન ખોલી નાખ્યા, મૂંગાઓને બોલતા કર્યા લંગડાઓને ચાલતા કર્યા અને દરેક પ્રકારની બીમારીઓ અને રોગ મટાડ્યા. તેમણે ચમત્કારિક રીતે થોડી રોટલીને અનેકઘણી કરીને ભુખ્યાઓને ખવડાવ્યું, તોફાનને શાંત કર્યું અને બીજી ઘણી અદ્દભુત બાબતો કરી.

**આ બધાં જ પ્રકારનાં કાર્યો દ્વારા ઈશ્વર આપણને એ રીતે પ્રગટ થાય છે કે ઈશ્વર ભલા છે તેઓ આપણને સાજા, તાજા, તંદુરસ્ત અને આનંદમય જોવા માંગે છે. ઈશ્વર લોકોની જરૂરિયાતો પૂરી પાડવા માંગે છે અને પૂરી પાડે પણ છે.**

પ્રશ્ન એ ઉભો થાય છે કે ઈશ્વરે શા માટે માણસ બનીને પૃથ્વી પર આવવાનું નક્કી કર્યું? શા માટે ઈસુ આ જગતમાં આવ્યા?

જે ઈશ્વરે આપણને બનાવ્યા હતા તે જ ઈશ્વરની વિરુદ્ધમાં અને તેમને સ્વીકાર્ય ન હોય તેવા કાર્યો આપણ સર્વેએ કર્યા અને આપણે સઘળાએ પાપ કર્યા. પાપ તેનું એક કારણ બની ગયું. પાપ આપણી અને ઈશ્વરની વચ્ચે ઓળંગી ન શકાય તેવી દિવાલ બની ગયું. પાપ આપણને ઈશ્વરથી જુદા પાડી છે. પાપ આપણને ઈશ્વર કે જેમણે આપણને સૃજયા છે તેમને ઓળખવા અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. તેથી આપણાંમાના ઘણા બધાં અન્ય બાબતોથી ખાલીપો ભરવા માટે પ્રયત્ન કરે છે.

પાપનું બીજું એક પરિણામ એ છે કે તે આપણને અનંતકાળીક રીતે ઈશ્વરથી અલગ કરે છે. ઈશ્વરની અદાલતમાં પાપનો દંડ માત્ર મૃત્યુ છે. મૃત્યુ આપણને સદાને માટે ઈશ્વરથી અલગ કરે છે, નર્કમાં લઈ જાય છે.

પરંતુ સુસમાચાર એ છે કે આપણે પાપથી છુટકારો મેળવી શકીએ

છીએ અને ઈશ્વરમાં પુન: સ્થાપિત થઈ શકીએ છીએ. બાઇબલ કહે છે કે, ***"કેમ કે પાપનું વેતન મરણ છે; પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે ઈશ્વરનું કૃપાદાન અનંતજીવન છે"*** (રોમનને પત્ર 6:23). ઈસુ જ્યારે વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર માનવજાતના પાપોને માટે કિંમત ચૂકવી. ત્યારબાદ ત્રણ દિવસ પછી તેઓ સજીવન થયા, તેમણે ઘણાં લોકોને બતાવ્યું કે તેઓ જીવંત છે અને ત્યાર પછી તેઓ સ્વર્ગમાં પાછા જતા રહ્યાં.

ઈશ્વર પ્રેમ અને કરુણાનાં ઈશ્વર છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈપણ વ્યક્તિ નાશ પામે અને નરકમાં જાય. જેથી કરીને તેઓ પૃથ્વી પર આવ્યા, અને સમગ્ર માનવજાતને માટે પાપથી અને તેના પરિણામોથી છુટકારાનો માર્ગ પૂરો પાડ્યો. તેઓ પાપીઓને, મારા અને તમારા જેવા ઘણા લોકોને પાપથી છોડાવવાને અને અનંતકાળીક નાશથી બચાવવા આવ્યા.

પાપની આ મફત માફી મેળવવા માટે, બાઇબલ આપણને કહે છે તે મુજબ, આપણે માત્ર એક જ બાબત કરવાની છે – ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ પર જે મરણ સહન કર્યું તે સ્વીકારીને અને પૂર્ણ હૃદયે તેના પર વિશ્વાસ કરીએ.

***"... જે કોઈ તેમના પર વિશ્વાસ કરે છે તે તેમના નામથી પાપની માફી પામશે"*** *(પ્રેરિતોના કૃત્યો 10:43).*

***"જો તું તારે મોઢે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ, અને ઈશ્વરે તેમને મૂએલાંમાંથી પાછા ઉઠાડયા, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ, તો તું તારણ પામીશ"*** *(રોમનોને પત્ર 10:9).*

જો તમે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખો તો, તમે પણ તમારા પાપની માફી મેળવીને તમારા પાપોથી શુદ્ધ થઈ શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવામાં અને તેઓએ વધસ્તંભ પર તમારે માટે જે કાર્ય કર્યું તે અંગેનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને તમારા વિશ્વાસને પ્રમાણિત કરવા મદદરૂપ થશે કે ઈસુએ તમારા માટે વધસ્તંભ પર પાપથી છોડાવવા અને શુદ્ધ કરવા કેવું અદ્ભુત કાર્ય કર્યું છે. પ્રાર્થના માત્ર માર્ગદર્શન માટે જ છે. તમે તમારા પોતાના શબ્દો અને લાગણી મુજબ પ્રાર્થના કરી શકો છો.

પ્રિય પ્રભુ ઈસુ, આજે મને સમજાયું છે કે તમે મારા માટે વધસ્તંભ પર કેવું અદ્દભુત કાર્ય કર્યું છે. મારા માટે મૃત્યુ પામ્યા, તમારું મૂલ્યવાન રક્ત વહેવડાવ્યું અને મારા પાપોને માટે કિંમત ચૂકવી કે જેથી મને માફી મળે. બાઇબલ મને જણાવે છે કે જે કોઈ તમારા પર વિશ્વાસ કરે છે તેઓ તેમના પાપોથી મુક્તિ મેળવે છે.

આજે, હું નિર્ણય કરું છુ કે હું તમને પ્રભુ તરીકે સ્વીકારું છુ અને તમે મારા માટે વધસ્તંભ ઉપર મૃત્યુ પામ્યા અને મરણમાંથી સજીવન થયા એવો વિશ્વાસ કરું છું. હું મે તમારા પર વિશ્વાસ કરવાનું અને વધસ્તંભ પર મરણ પામીને તથા મરણમાંથી સજીવન થઈને મારે જે જે કાર્ય કર્યું છે તેને સ્વીકારવાનું નક્કી કર્યું છે. હું જાણું છું કે હું મારા સારા કાર્યોથી મારો બચાવ કરી શકતો નથી કે અન્ય વ્યક્તિ મને બચાવી શકે એમ નથી. હું મારા પાપોની માફી માટે અન્ય કોઈ ઉપાય કરી શકતો નથી.

આજે, હું મારા હ્રદયમાં વિશ્વાસ કરું છું અને મારે મોંઢાથી કબુલ કરું છું કે તમે મારે માટે મૃત્યુ પામ્યા, તમે મારા પાપોની માફીને માટે કિંમત ચૂકવી, તમે મારા માટે મૃત્યુમાંથી સજીવન થયા, અને તમારા પરના મારા વિશ્વાસને કારણે મને મારા પાપોની માફી અને શુદ્ધતા મળી છે.

પ્રભુ ઇસુ તમારો આભાર. તમને પ્રેમ કરવામાં, તમને વધુ ઓળખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવા માટે મને મદદરૂપ થજો.

આમેન.

# ઓલ પીપલ્સ ચર્ચ વિષે

ઓલ પીપલ્સ ચર્ચ (APC) તરીકે અમારું દર્શન છે કે અમે બેંગ્લોર શહેરમાં મીઠા સમાન અને અજવાળા સમાન બનીએ, દેશ અને વિદેશોમાં એક અવાજ બનીએ.

ઓલ પીપલ્સ ચર્ચ એ એક ઈસુ **પ્રેમી**, **વચન કેન્દ્રિત**, **આત્માથી ભરપૂર**, કૌટુંબિક મંડળી, સંપન્ન કરતું કેન્દ્ર, ખ્રિસ્તની સેવા માટે સમર્પિત અને વિશ્વને ખ્રિસ્ત ખાતર જીતવા માટે છે.

- **કૌટુંબિક મંડળી તરીકે**, ઈશ્વરનાં લોકોની માફક પ્રેમથી એકબીજાની સેવા કરતાં અને કાળજી રાખતા, ખ્રિસ્ત કેન્દ્રિત સંગતમાં ઈશ્વરના લોકો તરીકે ખ્રિસ્તમાં વૃદ્ધિ પામી છીએ.
- **સંપન્ન કરતાં કેન્દ્ર તરીકે**, અમે દરેક વિશ્વાસી વ્યક્તિને વિજયવંત જીવન જીવવા, ખ્રિસ્તસમાન પરિપક્વ બનવા અને તેઓના જીવનોમાં ઈશ્વરના હેતુઓ પરિપૂર્ણ કરવા માટે આત્મિક રીતે સજ્જ અને સંપન્ન કરીએ છીએ.
- **સેવાના કેન્દ્ર તરીકે**, અમે અમારા શહેર, દેશ અને વિશ્વને પવિત્ર આત્માનાં અદ્વિતીય પરકરમથી ઈશ્વરના વચનો વડે ઈસુ ખ્રિસ્તની પૂર્ણ સુવાર્તા આપીને અર્થપૂર્ણ રીતે આશીર્વાદિત કરવા માટે જોતરાયેલા છે.
- **વિશ્વ સુવાર્તાના કેન્દ્ર તરીકે**, અમે સ્થાનિક અને વૈશ્વિક સ્તરે ઈશ્વરના સેવકો, આગેવાનોને અને આત્માથી ભરપૂર મંડળીઓને તૈયાર કરીએ છીએ કે જેથી તેઓ ઈશ્વરનાં રાજ્યના પ્રભાવને પોતાના વિસ્તારોમાં પ્રદર્શિત કરી શકે.

ઓલ પીપલ્સ ચર્ચ (APC) તરીકે, અમે ઈશ્વરના પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને પ્રકટીકરણમાં ઈશ્વરના વચન પ્રત્યે કોઈપણ પ્રકારનું સમાધાન કર્યા વગર સંપૂર્ણપણે રજૂ કરવા પ્રતિબદ્ધ છીએ. અમે માનીએ છીએ કે સારું સંગીત, સર્જનાત્મક રજૂઆત, નિષ્ણાત બાઇબલ જ્ઞાન, સમકાલીન સેવાકીય તકનીકો, નવીનત્મ તકનિક અને અન્ય દ્વારા ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારો અને પવિત્ર આત્માના કૃપાદાનો ક્યારેય પવિત્ર આત્માના સામર્થ્યમાં વચનને પોકારવાની ઈશ્વર દ્વારા સ્થાપિત પદ્ધતિને બદલી શકે નહિ (કરિન્થિઓને પહેલો પત્ર 2:4,5; હિબ્રુઓને પત્ર 2:3,4). અમારો મુખ્ય વિષય ઈસુ છે, અમારી સામગ્રી ઈશ્વરનું વચન છે, અમારી પદ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારી ધગશ નાશમાં જતાં લોકો છે અને અમારો ધ્યેય ઈસુ સમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકસહિત ભારતમાં અન્ય ઘણા સ્થળોએ ઓલ પીપલ્સ ચર્ચની શાખાઓ આવેલી છે. ઓલ પીપલ્સ ચર્ચની સેવાઓ તથા સ્થળોની માહિતી માટે આમરી વેબસાઇટ apcwo.org/locations ઉપર સંપર્ક કરી શકો છો અથવા અમને contact@apcwo.org.

# વિનામૂલ્ય પ્રકાશનો

A Church in Revival
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change
Code of Honor
Divine Favor
Divine Order in the Citywide Church
Don't Compromise Your Calling
Don't Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God's Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God
God Is a Good God
God's Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses—Don't Take Them
Open Heavens
Our Redemption
Receiving God's Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith
The Conquest of the Mind
The Father's Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus
The Night Seasons of Life
The Power of Commitment
The Presence of God
The Redemptive Heart of God
The Refiner's Fire
The Spirit of Wisdom, Revelation and Power
The Wonderful Benefits of Praying in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different
Who We Are in Christ
Women in the Workplace
Work—Its Original Design

નવા પુસ્તકો નિયમિત રીતે પકાશિત થાય છે. APC ખ્રિસ્તી પુસ્તકો PDF, ઓડિયો અને અન્ય સ્વરૂપે વિનામુલ્યે ડાઉનલોડ કરવા માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/books** ની મુલાકાત લેશો. આ પૈકીના ઘણાં પુસ્તકો અન્ય ભાષાઓમાં પણ પ્રાપ્ય છે. વિનામુલ્યે ઓડિયો અને વિડીયો સંદેશાઓ, સંદેશાઓની નોંધ અને અન્ય સંસાધનો માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/sermons** ની મુલાકાત લેશો

# કવચયુક્ત સલાહ

વ્યક્તિગત રીતે જેઓ પ્રશ્નો અને સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે તેઓને માટે કવચયુક્ત સલાહ ખૂબ મદદરૂપ થાય છે. કવચયુક્ત સલાહની સેવા માટે વ્યાવસાયિક રીતે તાલીમબદ્ધ અને અનુભવી ખ્રિસ્તી સલાહકારોની એક ટીમ કાર્યરત છે.

અમારી સલાહની આ સેવા દરેક વયજૂથની વ્યક્તિઓ માટે છે અને જીવનનાં અનેકવિધ પડકારોમાંથી પસાર થતાં લોકો માટે છે.

- **કિશોર અવસ્થા**
- **વ્યક્તિગત અનુકૂળતા**
- **પડકારજનક સબંધો**
- **કારકિર્દીમાં સતત અસફળતા**
- **કાર્ય સબંધી પ્રશ્નો**
- **કુટુંબ / યુગલ: પરણિત, અપરણિત**
- **માતા-પિતા / બાળકો/ભાઈ-બહેન / સાથીદાર**
- **વર્તણૂક સબંધી અવ્યવસ્થા**
- **વ્યક્તિત્વ સબંધી અવ્યવસ્થા**
- **માનસિક / ભાવનાત્મક પ્રશ્નો**
- **તણાવ / ચિંતા**
- **દારુ / ડ્રગ્સનું વ્યસન**
- **આધ્યાતિક સમસ્યાઓ**
- **જીવન ઘડતર**

કવચયુક્ત સલાહની સેવા માટેની ફી પોસાય શકે તેવી છે અને સરળતાથી પ્રાપ્ત થઈ શકે તેમ છે.

અમારા તાલિમબદ્ધ સલાહકાર સાથે મુલાકાત નક્કી કરવા માટે:

**વેબસાઇટ: chrysalislife.org**

**ફોન:** +91-80-25452617 અથવા કર મુક્ત (અંદર ભારત) 1-800-300-00998

**ઈમેલ: counselor@chrysalislife.org**

કવચયુક્ત સલાહની સેવા ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચ દ્વારા ચલાવવામાં આવે છે.

# ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ્સ ચર્ચ પોતાની સ્થાનિક મંડળીની સરહદો વટાવી સમગ્ર ભારતના ખ્રિસ્તી સમુદાયને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, સેવાઓ આપે છે. વિશેષ સેવાઓ જેવી કે, (1) આગેવાની મજબૂત કરવી, (2) યુવાનોને સેવાને માટે સંપન્ન કરવા, અને (3) ખ્રિસ્તના શરીર, મંડળીને બાંધવી. વર્ષ દરમ્યાન યુવાનો માટે તાલીમ શિબિરો અને ખ્રિસ્તી આગેવાનો માટે પરિષદોનું આયોજન કરવામાં આવે છે. વધારામાં, વિશ્વાસીઓને વચનમાં અને આત્મામાં મજબૂત કરવાનાં હેતુસર અસંખ્ય પ્રકાશનોનું અંગ્રેજીમાં અને ભારતની અન્ય ભાષાઓમાં મફત વિતરણ કરવામાં આવે છે.

અમે આપને અમારી સેવામાં સહભાગીદાર થવા આમંત્રિત કરીએ છીએ. આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન સ્વરૂપે આપી શકો છો. આપના દ્વારા આપવામાં આવેલ નાનામાં નાના દાનની અમે કદર કરીએ છીએ જે ભરતભરની સેવાઓમાં મદદરૂપ બનશે.

આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન ચેક કે બેન્ક ડ્રાફ્ટ “ઓલ પીપલ્સ ચર્ચ, બેંગ્લોર” ના નામે અમારા કાર્યાલયના સરનામા પર મોકલી શકો છો. આપ આપનો નાણાકીય સહયોગ નીચે દર્શાવેલ બેન્કની વિગત પર સીધા અમારા ખાતામાં જમા પણ કરવી શકો છો.

**એકાઉન્ટ નામ**: All Peoples Church

**એકાઉન્ટ નંબર**: 50200068829058

**IFSC કોડ**: HDFC0004367

**બેંક**: HDFC Bank, 7M/308 80 Ft Rd, HRBR Layout, Kalyan Nagar, Bengaluru - 560043, Karnataka

***વિશેષ નોંધ:*** *ઓલ પીપલ્સ ચર્ચ ફક્ત ભારતીય બેન્કના ખાતા દ્વારા નાણાં સ્વીકારી શકે છે. જ્યારે આપ દાન આપો છો ત્યારે, આપ દર્શાવી શકો છો કે તે દાન ઓલ પીપલ્સ ચર્ચની સેવાઓ પૈકી કયા હેતુસર મોકલવામાં આવ્યું છે. વધુ જાણકારી માટે કૃપા કરી આમરી વેબસાઇટ* apcwo.org/give.

**ની મુલાકાત લેવા નમ્ર અરજ કરીએ છીએ.**

**આભાર અને પ્રભુ તમને આશીર્વાદિત કરે!**


## DOWNLOAD THE FREE APP!

*Search for*

"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play




*A daily 5-minute video devotional.*
*A daily Bible reading and prayer guide.*
*5-minute Sermon summary.*
*Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.*
*Resources with sermons, sermon notes, TV programs, books, music and more.*

*IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!*

# ઓલ પીપલ્સ ચર્ચ બાઈબલ કોલેજ
**apcbiblecollege.org**

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર, દ્વારા ભારતના બેંગ્લોર શહેર ખાતે, આત્માથી ભરપૂર, અભિષિક્ત, હાથવગી તાલીમ, પવિત્ર આત્માની અલૌકિક શક્તિની સાથે સાથે સૈધ્ધાંન્તિક નિપુણતા અને વૈચારિક ઉત્તેજના વડે સેવાને સમૃદ્ધ કરવા ઈશ્વરના વચનોનો અભ્યાસ પૂરો પાડવામાં આવે છે. અમે માનીએ છીએ કે વ્યક્તના સર્વાંગી વિકાસ માટે ઈશ્વરના ગુણો તાદ્રશ્ય કરે તેવા, વચન ઊંડે સુધી મૂળ નાંખેલા, ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારોને શક્તિશાળી રીતે પ્રદર્શિત કરે – આ બધી જ બાબતો ઈશ્વર સાથેના ગાઢ સંબંધમાં વહેતી થાય છે.

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર (APC-BC) ખાતે, નિપુણ શિક્ષનની સાથે સાથે, અમે એ બાબત પર ખાસ ભાર મૂકીએ છીએ કે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવામાં આવે, પવિત્ર આત્માની હાજરી અને ઈશ્વરના સર્વશક્તિમાન કાર્યો અભિષિક્ત થાય. અસંખ્ય યુવા ભાઈઓ અને બહેનોને તાલીમ આપીને મોકલવામાં આવ્યા છે કે જેથી તેઓ તેમના જીવનમાં ઈશ્વરીય તેડાને પૂર્ણ કરી શકે.

અમે ત્રણ પ્રકારના કાર્યક્રમો ચલાવીએ છીએ:

- ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં એક વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ (C.Th.)
- ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં બે વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ (Dip.Th.)
- ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં ત્રણ વર્ષનો સ્નાતક અભ્યાસક્રમ (B.Th.)

**સોમવાર થી શુક્રવાર 9:00 થી 12:00 (UTC +5:30)** દરમ્યાન દરરોજ વર્ગો ચલાવવામાં આવે છે. અમે ત્રણ પ્રકારના વિકલ્પો આપીએ છીએ:

- **પ્રત્યેક્ષ હાજરી**: દરરોજ નિયમિત વર્ગખંડમાં પ્રત્યક્ષ હાજરી આપીને
- **ઓનલાઇન**: ઓનલાઇન માધ્યમ દ્વારા વર્ગખંડમાં હાજરી આપીને
- **ઈ-લર્નિંગ**: ઓનલાઇન પોર્ટલ apcbiblecollege.org/elearn ના માધ્યમથી જાતે અભ્યાસ કરીને.

કોલેજ, અભ્યાસક્રમ, યોગ્યતા, અભ્યાસનો ખર્ચ વિગેરે માહિતી માટે **ઓનલાઇન અરજી** કરવા માટે કૃપા કરી apcbiblecollege.orgની મુલાકાત લેશો.

સમગ્ર પવિત્ર શાસ્ત્રમાં આપણને એ જોવા મળે છે કે ઈશ્વર તેમના લોકોને તેમનું વચન બોલવાની સૂચના આપે છે. આપણા હૃદયમાં વિશ્વાસ સાથે આપણા મોંમાંથી નીકળેલા શબ્દો તરીકે બોલવામાં આવેલું તેમનું વચન તેમના સર્જનાત્મક અને ચમત્કારિક કૃત્યો કરનાર સામર્થ્યને વહેતું કરશે. આપણા મોંમાંથી નીકળેલા શબ્દો તરીકે બોલાયેલું તેમનું વચન શત્રુની સામે આપણું હથિયાર બની જાય છે.

આપણા વર્તમાન અને ભવિષ્ય પર ઈશ્વરનું વચન બોલીને, આપણે આપણા વિશ્વને આકાર આપી શકીએ છીએ. આપણે સર્વ સમયે, દરેક પરિસ્થિતિઓમાં વિશ્વાસપૂર્ણ શબ્દો બોલવાનું શીખવું જ જોઈએ. વિશ્વાસથી  બોલવું એ પહાડ કે પ્રવર્તમાન તોફાનની ભીષણતાના અસ્તિત્વની અવગણના નથી. તેના બદલે, વિશ્વાસ પહાડ સાથે વાત કરે છે અને માર્ગમાં ઉભા રહેવાના તેના અધિકારને નકારે છે. પવન અને તોફાનને વિનાશ વેરવાના તેમના અધિકારથી વંચિત રાખતા, તેને બદલે ઈશ્વર જે શાંતિ અને નીરવતા વહેતી કરે છે, તેને  માટે માર્ગ આપવા, વિશ્વાસ પવન અને તોફાનને જણાવે છે. બિમારીને ચાલ્યા જવાની અને ઈશ્વર તરફથી આવતા સાજાપણા અને સંપૂર્ણતાને માટે માર્ગ કરવાની આજ્ઞા કરતાં વિશ્વાસ બિમારી સાથે વાત કરે છે.

આ પુસ્તક તમને આવા બાઈબલ આધારિત સત્યમાં સ્થાપિત કરશે અને સર્વ સમયોમાં તમારા વિશ્વાસને બોલવા તમને પ્રેરણા પૂરી પાડશે !

**All Peoples Church & World Outreach**
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org